


અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express · Ahmedabad · RNI No.GUJGUJ/2011/40654

શુભ હોળીનો અવસર
તમારું જીવન અગણિત
રંગોથી ભરી દે અને ભરપૂર
આનંદ પ્રદાન કરે
શુભ ધૂળેટી

પેજ 5

ક્રેડિટ કાર્ડ ધારકોને RBIની મોટી રાહત, હવે યુઝર્સ ઈચ્છા મુજબ બિલની...

25 MARCH-2024 MONDAY

ઝડપાયો જ્યોર્જિયા મેલોનીનો ડીપફેક વિડીયો બનાવનાર કપલ

પેજ 10

વર્ષ-13 । અંક-130 । વિક્રમ સંવત-2080 । ફાગણ સુદ-15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

# સમગ્ર દેશભરમાં હોળી-ધૂળેટીની ભવ્ય ઉજવણી

## અયોધ્યા રામ મંદિરમાં હોળીની ઉત્સાહભેર ઉજવણી
## રામલલા માટે અબીલ-ગુલાલ અને 56 ભોગ

(એજન્સી) અયોધ્યા, તા. 24

ભગવાન કૃષ્ણના જન્મસ્થળ મથુરા અને વૃંદાવનની હોળી દેશ-દુનિયામાં પ્રખ્યાત છે. તેમાં ભાગ લેવા માટે લાખો ભક્તો મથુરા-વૃંદાવન પહોંચે છે. પરંતુ આ વર્ષે ભગવાન શ્રી રામના જન્મસ્થળ અયોધ્યામાં હોળીના તહેવારને લઈને પણ સ્થિતિ એવી જ છે. 22 જાન્યુઆરીના રોજ અયોધ્યાના નવનિર્મિત ભવ્ય રામ મંદિરમાં રામલલાની મૂર્તિની સ્થાપના કર્યા બાદ પ્રથમ વખત હોળીની ઉજવણી ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી રહી છે. હોળી પર ભક્તો પોતાના આરાધ્યના દર્શન કરવા અને તેમની સાથે હોળી રમવા માટે મોટી સંખ્યામાં અયોધ્યા પહોંચી રહ્યા છે. બીજી તરફ મંદિર પ્રશાસને પણ હોળીના તહેવાર પર રામલલા માટે વિશેષ વ્યવસ્થા કરી છે.

### રોજ થઈ રહ્યા આયોજન

અયોધ્યામાં હોળીની ધૂમ રંગભારી એકાદશીથી શરૂ થઈ ચૂકી છે. અહીં રોજ અબીલ-ગુલાલ ઉડી રહ્યા છે. ધાર્મિક ગીત-સંગીતના કાર્યક્રમ થઈ રહ્યા છે. રામલલાને ફાગના ગીતો સંભળાવવામાં આવી રહ્યા છે. આ દરમિયાન રામલલાને દરરોજ રંગબેરંગી વસ્ત્રો અને ફૂલોથી શણગારવામાં આવી રહ્યા છે.

### અંક બંધ

ધૂળેટી પર્વ નિમિત્તે તા. 25-03-2024 સોમવારના રોજ અખબારી કાર્યાલયનું કામકાજ બંધ રહેશે, તા. 26-03-2024 મંગળવારે અંક પ્રસિદ્ધ થશે નહીં. જેની સર્વે વાચકો, વિજ્ઞાપનદાતાઓએ અને વિતરક બંધુઓએ નોંધ લેવી. તા.27-03-2024ના રોજ અખબાર રાબેતા મુજબ પ્રસિદ્ધ થશે.

-કાર્યાલય

### હોળી માટે ખાસ વ્યવસ્થા

હોળીના દિવસ માટે અયોધ્યા શ્રી રામ મંદિરમાં રામલલાને પણ અબીર અને ગુલાલ અર્પણ કરવામાં આવી રહ્યા છે. ભગવાન માટે થંડાઈથી 56 ભોગની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. કારણ કે, આ રામલલા નવા મંદિરમાં વિરાજમાન થયા બાદ આ પહેલી હોળી છે અને ભક્તો તેમના ભગવાન સાથે હોળી રમવા માટે અયોધ્યા આવી રહ્યા છે. હોળીના દિવસે ભગવાનને સુંદર વસ્ત્રો અને ફૂલોથી શણગારવામાં આવ્યા છે. રામલલાને થંડાઈ સહિત 56 ભોગ ચઢાવવામાં આવશે. અબીલ-ગુલાલ અર્પણ કરવામાં આવશે અને ફાગ ગીતો સંભળાવવામાં આવશે. બીજી તરફ ભક્તો સરળતાથી દર્શન કરી શકે અને તેમને સલામતી અને સુવિધાઓ મળી રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.


રામલલાને દરરોજ રંગબેરંગી વસ્ત્રો અને ફૂલોથી શણગારવામાં આવી રહ્યા છે

## મહાકાલના આંગણેથી દેશભરમાં હોળીની શરૂઆત : ભસ્મ આરતીમાં રમાઈ ફૂલોની હોળી

(એજન્સી) ઉજ્જૈન, તા. 24

જ્યોતિર્લિંગ મહાકાલેશ્વરના આંગણેથી દેશભરમાં હોળીનો પ્રારંભ થયો છે. ભસ્મ આરતીમાં મહાકાલ સાથે ફૂલોની હોળી રમવામાં આવી હતી. આજે મહાકાલને શણ, સૂકા ફળો, ચંદન, ઝવેરાત અને ફૂલોથી રાજા તરીકે શણગારવામાં આવ્યા હતા. પુજારીઓએ પણ ગર્ભગૃહમાં હાજર ભક્તો પર પુષ્પોની વર્ષા કરી હતી. આજે સાંજની આરતી (સાંજે 6.30 કલાકે) બાદ મંદિરના પ્રાંગણમાં ઓમકારેશ્વર મંદિરની સામે હોલિકા દહન કરવામાં આવ્યું હતું.. આ પહેલા નૈવેદ્ય ખંડમાં ભગવાનને હર્બલ ગુલાલ અર્પણ કરવામાં આવશે. કોટીતીર્થ કુંડ પરિસરમાં સ્થિત કોટેશ્વર મહાદેવને રંગ લગાવવામાં આવશે, ત્યારબાદ ગર્ભગૃહમાં હર્બલ ગુલાલ અને અબીર અર્પણ કરવામાં આવ્યું હતું. 25મી માર્ચે ધુળેંદીની ઉજવણી કરવામાં આવશે. આ દિવસે સવારે 4 કલાકે ભસ્મ આરતીમાં પ્રથમ મહાકાલને રંગ અને ગુલાલ ચઢાવવામાં આવશે. 26 માર્ચથી દૈનિક મહાકાલ આરતીનો સમય પણ બદલાશે.



### મહાકાલ પર ભદ્રાની કોઈ અસર થતી નથી

આ વખતે, હોલિકા દહનની રાત્રે આવતી ભદ્રકાળને કારણે, હોલિકા દહનના સમયને લઈને મૂંઝવણ છે. પરંતુ, કાલના મહાકાલના મંદિરમાં ભદ્રાની છાયાની કોઈ અસર નહીં થાય. હોલિકા દહન તેના સમય પ્રમાણે થશે. મહાકાલ મંદિરના પૂજારી મહેશ શર્મા કહે છે કે મહાકાલ તે છે જેના પર દિવસ, રાત્રિ, ગ્રહણ, સમય, ભદ્રા, નક્ષત્ર, શુભ અને અશુભની અસર નથી થતી. ભગવાન મહાકાલના મંદિરમાં દરેક તહેવાર એક જ રીતે ઊજવવામાં આવે છે. સોમવારે બપોરે 12.30 વાગ્યા સુધી ચાલશે. 25મી માર્ચે ધુળેટીનું આયોજન થશે.

## Quick Read

### ISISમાં સામેલ થવા જઈ રહેલા IIT સ્ટુડન્ટની અટકાયત : રૂમમાંથી ઝંડો, ઈસ્લામિક સ્ક્રિપ્ટ મળી આવી

ગુવાહાટી : ગુવાહાટી IITના એક વિદ્યાર્થીની પોલીસે 23 માર્ચે આસામના હાજોમાં અટકાયત કરી હતી. આરોપ છે કે વિદ્યાર્થી આતંકવાદી સંગઠન ISISનો સમર્થક છે. તે બાયોટેકનોલોજીના ચોથા વર્ષનો વિદ્યાર્થી છે. વિદ્યાર્થીના રૂમમાંથી આતંકવાદી સંગઠન જેવો કાળો ઝંડો મળી આવ્યો હતો. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે વિદ્યાર્થીએ સોશિયલ મીડિયા અને ઈમેલમાં દાવો કર્યો હતો કે તેની ઈચ્છા આતંકવાદી સંગઠન ISISમાં જોડાવાની છે. દિલ્હી સ્થિત વિદ્યાર્થીએ લિંક્ડઈન પર એક ખુલ્લો પત્ર લખ્યો હતો.

### હવે કુખ્યાત દાણચોર વીરપ્પનની દીકરી લડશે લોકસભાની ચૂંટણી, કૃષ્ણાગિરીથી ચૂંટણી લડશે

ચેન્નાઈ : લોકસભા 2024ની ચૂંટણીના પડઘમ વાગી ગયા છે. તમામ રાજકીય પક્ષો ચૂંટણી પ્રચારમાં લાગી ગયા છે અને સાથે ઉમેદવારની યાદી પણ જાહેર થઈ રહી છે જેમાં કેટલીક પાર્ટીઓએ નવા ચહેરાને તક આપી છે. આ યાદીમાં એક ચોંકાવનારુ નામ પણ સામેલ છે. વાત જાણે એવી છે કે નામ તમિલાર કચ્છીએ વિદ્યા રાનીને લોકસભા લડવા માટે ટિકિટ આપી છે. આ વિદ્યા રાની એટલે કે બીજુ કોઈ નહીં પણ કુખ્યાત ચંદન દાણચોર વીરપ્પનની પુત્રી છે. હવે લોકસભાની ચૂંટણીમાં વિદ્યા રાની પોતાનું નસીબ અજમાવશે.

### BSPની યાદીમાં 16 નામ, 7 મુસ્લિમ ચહેરા : રામપુરથી જીશાન, સહારનપુરથી માજિદને ટિકિટ

લખનૌ : બસપાએ યુપી લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. તેમાં 16 નામ છે. જેમાં 7 મુસ્લિમ ચહેરા છે. રામપુરથી જીશાન ખાન, સહારનપુરથી માજિદ અલી અને મુરાદાબાદથી ઈરફાન સૈફીને ટિકિટ આપવામાં આવી છે. બસપાએ આ ચૂંટણીમાં કોઈપણ પક્ષ સાથે ગઠબંધન કર્યું નથી. માયાવતીએ તમામ સીટ પર એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. 2019માં બસપાએ SP અને RLD સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડી હતી, જેમાં BSPએ 10 બેઠકો જીતી હતી.

### ભાજપની પાંચમી યાદી આજે જાહેર થઈ શકે : પૂર્વ એરફોર્સ ચીફ ભદૌરિયા ભાજપમાં જોડાયા

નવી દિલ્હી : નવી દિલ્હી : યુપીમાં લોકસભા ચૂંટણીને લઈને ચહલપહલ તેજ બની છે. પૂર્વ એરફોર્સ ચીફ આરકેએસ ભદૌરિયા રવિવારે ભાજપમાં જોડાયા. દિલ્હીમાં બીજેપીના મહાસચિવ વિનોદ તાવડે અને કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે તેમને ભાજપમાં જોડાવ્યા. આરકેએસ ભદૌરિયાનો જન્મ આગ્રામાં થયો હતો.એવી ચર્ચા છે કે ભાજપ તેમને ગાઝિયાબાદથી ટિકિટ આપી શકે છે. હાલમાં કેન્દ્રીય મંત્રી વીકે સિંહ અહીંથી સાંસદ છે. આ સિવાય પીલીભીતથી વરુણ ગાંધીની ટિકિટ રદ થશે તે નિશ્ચિત માનવામાં આવે છે.

## મેરઠમાં મોબાઈલ બ્લાસ્ટ
### ધ્રૂજાવી દેનારી ઘટના : આગ લાગતા 4 બાળકોના મોત


ગાદલાં-પડદામાં લાગેલી આગ આખા ઘરમાં ફેલાઈ, બાળકોને બચાવવા જતાં માતા-પિતા દાઝ્યાં, હાલત નાજુક


(એજન્સી) મેરઠ, તા. 24

મેરઠમાં મોડી રાત્રે મોબાઈલ બ્લાસ્ટના કારણે એક ઘરમાં આગ લાગી હતી. અકસ્માતમાં 6 લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન 4 બાળકોનાં મોત થયાં હતાં. દરમિયાન તેમનાં માતા-પિતાની હાલત નાજુક છે. આ ઘટના પલ્લવપુરમ પોલીસ સ્ટેશન વિસ્તારની જનતા કોલોનીમાં બની હતી. ચાર્જરમાં શોર્ટ સર્કિટ થતાં મોબાઈલમાં વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે ગાદલાં અને પડદામાં આગ લાગી જે આખા ઘરમાં ફેલાઈ ગઈ હતી. થોડી જ વારમાં આગ આખા રૂમમાં ફેલાઈ ગઈ અને ચારેય બાળકો તેમાં ફસાઈ ગયાં. સંતાનોને બચાવવાના પ્રયાસમાં માતા-પિતા પણ દાઝી ગયાં હતાં. આગની જ્વાળાઓમાં કોઈને બહાર આવવાની તક મળી ન હતી.

### એકબીજાને બચાવવા જતા બધા લોકો દાઝ્યા

રૂમમાં ફોમનું ગાદલું હતું, જેના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જેના કારણે બાળકો ભાગી ન શક્યાં અને તેઓ આગની લપેટમાં આવી ગયાં. શોર્ટ સર્કિટના કારણે આગ ઓલવવી મુશ્કેલ હતી, કારણ કે વીજ કરંટ ફેલાવાનો ભય હતો. ફાયર બ્રિગેડ આવે તે પહેલાં આગ આખા ઘરમાં ફેલાઈ ગઈ હતી.

### બૂમો સાંભળીને પાડોશીઓ પણ આવી પહોંચ્યા

ઈજાગ્રસ્ત જોનીએ જણાવ્યું કે આગ લાગ્યા પછી બાળકો ચીસો પાડવા લાગ્યાં. વિસ્ફોટ અને બાળકોનો અવાજ સાંભળીને હું અને બબીતા રૂમ તરફ દોડ્યાં. આગ જોઈને અમે ચોંકી ગયાં. આગમાં બાળકો ખરાબ રીતે દાઝી ગયાં હતાં. બાળકોને બચાવતી વખતે અમે બંને ખરાબ રીતે દાઝી ગયાં. બાળકોની ચીસો સાંભળીને પાડોશીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

## મુંબઈની ઠાકુર કોલેજમાં ધ્રુવ ગોયલના સેમિનારમાં ભાગ લેવા વિદ્યાર્થીઓ પર દબાણ
### પિયુષ ગોયલના પુત્રના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને જબરદસ્તી બેસાડાતા વિવાદ : વિપક્ષે કોલેજ પર કર્યો આક્ષેપ

(એજન્સી) મુંબઈ, તા 24

સેમિનારનો વીડિયો વાયરલ થયા બાદ કોલેજ અને ધ્રુવનો ખુલાસો : મુંબઈના ઠાકુર કૉલેજમાં કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલના પુત્ર ધ્રુવ ગોયલ (Piyush Goyal son Dhruv Goyal)ના યોજાયેલી સેમિનારમાં કૉલેજના વિદ્યાર્થીઓને બળજબરીથી બેસાડાતા ભારે વિવાદ થયો છે. સેમિનારનો વીડિયો વાયરલ થયા બાદ વિપક્ષે ભાજપ પર ભડકી આકરા પ્રહારો કર્યા છે. વિપક્ષે વિદ્યાર્થીઓને બળજબરીથી બેસાડ્યા હોવાનો કૉલેજ વહિવટીતંત્ર પર આક્ષેપ કર્યો છે. સેમિનારનો વીડિયો વાયરલ થયા બાદ અને વિપક્ષ આક્રમક બનતા કૉલેજ વહિવટી તંત્ર અને ધ્રુવ ગોયલે ખુલાસો કર્યો છે.

### ઉદ્ધવ જૂથના નેતાઓએ શેર કર્યો વીડિયો



હાલ સેમિનારનો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં વિદ્યાર્થીના પ્રશ્ન બાદ ધ્રુવ ગોયલ વિદ્યાર્થીઓને સંબોધન કરતા જોવા મળી રહ્યા છે. આ વીડિયોને ઉદ્ધવ જૂથના નેતાઓ પણ શેર કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, પિયુષ ગોયલ મુંબઈ નોર્થ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર છે.

### સેમિનારમાં જોડાવા દબાણ, ID પણ જપ્ત કરાયા

મીડિયા અહેવાલો મુજબ ઠાકુર કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો છે કે, ધ્રુવ ગોયલના સેમિનારમાં ભાગ લેવા કૉલેજ વહિવટી તંત્રએ અમારી સાથે બળજબરી કરી હતી. એટલું જ નહીં અમારા આઈડી પણ જપ્ત કરી લીધા હતા. વાયરલ વીડિયોમાં એક વિદ્યાર્થી ધ્રુવ ગોયલને આગામી ચૂંટણી માટે ઑલ ધી બેસ્ટ બોલી કહી રહ્યો છે કે, 'મારો પ્રશ્ન એ છે કે, શું તમને લાગે છે કે ઠાકુર કોલેજ વહીવટીતંત્ર લોકશાહી છે. કોલેજ વિદ્યાર્થીઓના આઈડી કાર્ડ જપ્ત કરી તેમને સેમિનારમાં જોડાવા માટે દબાણ કરી રહ્યું છે અને જો કોલેજના લોકો અમને હેરાન કરી શકે છે તો કોઈ પણ અમને હેરાન કરી શકે છે.

## સ્ટાલિને કહ્યું : મોદી 28 પૈસાના પીએમ....

રાજ્ય 1 રૂપિયો ટેક્સ ચૂકવે છે અને કેન્દ્ર 28 પૈસા પાછા આપે છે

(એજન્સી) ચેન્નાઈ,તા. 24

તામિલનાડુના મુખ્ય મંત્રી એમકે સ્ટાલિનના પુત્ર અને રાજ્ય સરકારમાં મંત્રી ઉધયનિધિ સ્ટાલિને શનિવારે (23 માર્ચ) PM મોદી પર રાજ્ય સરકારને ફંડ ફાળવવામાં ભેદભાવનો આરોપ મૂક્યો હતો. સ્ટાલિને કહ્યું- હવે આપણે પીએમ મોદીને 28 પૈસા પીએમ કહેવા જોઈએ. તામિલનાડુ કેન્દ્ર સરકારને 1 રૂપિયો ટેક્સ આપે છે, તો કેન્દ્ર ફક્ત 28 પૈસા પરત કરે છે, જ્યારે ભાજપ શાસિત રાજ્યોમાં, તેનાથી વધુ ફંડ આપવામાં આવે છે.



### ચંદ્રયાન-3 લેન્ડિંગ સાઇટ હવે સત્તાવાર શિવ શક્તિ પોઇન્ટ
## ચંદ્રયાન-3 અંગે મોટી ખુશખબર, ISRO થયું ગદગદીત

(એજન્સી) નવી દિલ્હી, તા. 24

ઈસરોએ 23 ઓગસ્ટ-2023ના રોજ ચંદ્રયાન-3ને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક લેન્ડ કરીને ઈતિહાસ રચ્યો હતો, ત્યારબાદ ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ સુધી પહોંચનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. તે જ સમયે, જ્યાં ચંદ્રયાન-3 લેન્ડ કરાયું હતું તેનું નામ શિવ શક્તિ પોઇન્ટ રખાયું હતું. હવે આ અંગે એક મોટા સારા સમાચાર સામે આવ્યા છે. ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન (IAU)એ શિવ શક્તિ નામને મંજૂરી આપી દીધી છે. એટલે કે હવે ચંદ્રયાન-3 જ્યાં ઉતર્યું છે તે જગ્યા વિશ્વભરમાં શિવ શક્તિ પોઈન્ટ તરીકે ઓળખાશે.



**ચંદ્રયાન-3 સાથે કુલ 7 પેલોડ મોકલવામાં આવ્યા હતા :** ચંદ્રયાન-3 મિશનના ત્રણ ભાગ હતા. પ્રોપલ્શન મોડ્યુલ, લેન્ડર અને રોવર. તેમના પર કુલ 7 પેલોડ્સ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા હતા. ચંદ્રયાન-3 ના પ્રોપલ્શન મોડ્યુલ પર શેપ નામનો પેલોડ લગાવવામાં આવ્યો હતો. તે ચંદ્રની ભ્રમણકક્ષામાં પરિભ્રમણ કરીને પૃથ્વી પરથી આવતા રેડિયેશનની તપાસ કરવા માટે બનાવવામાં આવ્યું હતું.

**ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન નામને મંજૂરી આપી :** ગ્રહોના નામકરણના ગેઝેટિયરના જણાવ્યા મુજબ 'પ્લેનેટરી સિસ્ટમ નામકરણ માટેના IAUની વર્કિંગ કમિટીએ શિવ શક્તિ નામને મંજૂરી આપી છે. ઉલ્લેખનીય છે કે, આ નામની જાહેરાત વડાપ્રધાન મોદીએ 23 ઓગસ્ટ-2023ના રોજ ચંદ્ર પર સફળ ઉતરાણના ત્રણ દિવસ બાદ બેંગલુરુના ઈસરો સેન્ટરમાં કરી હતી.

## ધરપકડના વિરોધમાં INDI ગઠબંધનની મહારેલી
### 31 માર્ચે રામલીલા મેદાનમાં થશે આયોજન
### દિલ્હીના CM જેલમાંથી સરકાર ચલાવી રહ્યા છે

(એજન્સી) નવી દિલ્હી, તા. 24

દિલ્હી લિકર પોલિસી કેસમાં 21 માર્ચે ધરપકડ કરાયેલા દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ જેલમાંથી સરકાર ચલાવી રહ્યા છે. તેમણે રવિવારે (24 માર્ચ) જળ મંત્રાલયના નામે પહેલો સરકારી આદેશ જારી કર્યો હતો. તેમણે જળ મંત્રી આતિશીને દિલ્હીમાં જ્યાં પાણીની તંગી છે ત્યાં ટેન્કરની વ્યવસ્થા કરવા સૂચના આપી હતી. અહીં I.N.D.I જૂથના નેતાઓએ કેજરીવાલની ધરપકડને લઈને પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આમાં આપ નેતા ગોપાલ રાયે કહ્યું કે કેન્દ્ર સરકાર હોર્સ-ટ્રેડિંગ અને લોકોને ડરાવીને સમગ્ર વિપક્ષને ચૂપ કરી રહી છે.




### વિપક્ષી પાર્ટીના નેતાઓ પર થઈ રહ્યા છે કેસ

વિપક્ષી પાર્ટીના નેતાઓએ કહ્યું કે, 'દેશમાં એક-એક કરીને આખા વિપક્ષને ખતમ કરવા માટે વડાપ્રધાન એજન્સીનો ઉપયોગ કરીને ધારાસભ્યો ખરીદીને, વિપક્ષને ખરીદીને, ખોટા કેસ કરીને ધરપકડનું ષડયંત્ર થઈ રહ્યું છે. ઝારખંડના મુખ્યમંત્રીની ધરપકડ કરી. પશ્ચિમ બંગાળથી લઈને બિહાર સુધી 'I.N.D.I.A.' ગઠબંધનના નેતાઓ પર નકલી કેસ કરીને ચુપ કરાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.

# BJP સરકાર દ્વારા થયાં છે વિકાસનાં કામ, છતાં અમુક તત્ત્વો કરે છે બદનામ : સાંસદ મનસુખ વસાવા

## - પાણી,રોડ રસ્તા,રહેવા માટે પાકા મકાનો,વીજળી સહિતની તમામ સુવિધા બીજેપી સરકાર દ્વારા પહોંચી છે

ભરત શાહ દ્વારા - રાજપીપળા



નર્મદા જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા અનેક વિકાસના કામો થયા હોવા છતાં કેટલાક તત્વો પાર્ટી ને બદનામ કરવા લોકો સુધી ખોટી માહિતી પહોચાડે છે તેમ સાંસદ મનદુઃખ વસાવા એ સોશિયલ મીડિયા માં એક પોસ્ટ કરી જણાવ્યું છે .

સાંસદે આ પોસ્ટ માં વધુ માં જણાવ્યું કે સરકાર દ્વારા છેવાડાના વિસ્તાર સુધી પાણી પહોંચે, રોડ રસ્તા સારા બને ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે,લોકોને રહેવા માટે પાકા મકાનો મળે વીજળી મળે એ માટે વિવિધ યોજનાઓ દ્વારા લોકોની સુવિધાઓમાં વધારો થાય છે. દેશમાં સર્વત્ર વિકાસનાં કામો થાય તેવા મોદી સરકારના સતત પ્રયત્ન રહ્યા છે તેમ છતાં અમુક લોકો મોદી સરકારમાં વિકાસના કામો નથી થયાનો આક્ષેપો લગાડી રહ્યા છે.

ડેડીયાપાડાના ઉપલું માથાસર ગામે અમુક લોકોએ પાણી બાબતે ફરિયાદ કરતા આજે કાર્યકર્તા સાથે અમે સત્ય જાણવા એ ગામડાની મુલાકાત લીધી જેમાં જિલ્લા પંચાયત સદસ્ય સોમભાઈ વસાવા,સરપંચ સોમભાઈ વસાવા તથા કાર્યકર્તાઓના પ્રયત્નોના લીધે અહી પહાડો પર પાણી પહોચ્યું છે. ઉપલા માથાસરની મુલાકાત લેતા આ રજૂઆત ખોટી છે એ માલૂમ પડ્યું. પાણી તો પહોંચી જ ગયું છે આ ફક્ત ચૂંટણી પહેલાં નકારાત્મક માહોલ ઉભો કરી લોકોમાં ભાજપ સરકારની છબી ખરાબ કરી રહ્યા હોવાનું લાગી રહ્યું છે. ખેતરોમાં લીલોછમ પાક પણ ઉભો હોવાનું જોયું, આ બધું પાણી વગર શક્ય કયાંથી બને? વિકાસના કામો થયાં છે અને થઈ રહ્યા છે અને થશે જ.

રિઝર્વ ફોરેસ્ટ અને સેંચુરી એરિયા અને વન્ય પર્યાવરણ વિસ્તાર હોવા છતાં સરકારમાં ફોરેસ્ટ ની મંજુરી લઈને આ પહાડોમાં રોડ રસ્તા બનાવ્યા છે. વીજળી પહોંચાડી છે. રોડ રસ્તા બનવાના કારણે જ હેન્ડ પંપ બન્યા છે.

આ વિસ્તારમાં ઘરો ટેકરી પર અને છૂટા છવાયા હોય છે છતાં પણ ભાજપના અથાક પ્રયત્નો ના પરિણામે ૧૦ ઘરોની વચ્ચે એક હેન્ડ પંપ બોર ની સુવિધા પૂરી પાડવામાં આવી છે. ઉપલા માથાસરમાં ૨૦૦ ઘરની વસ્તી હોવા છતાં ૫૦ થી ૬૦ હેન્ડપંપ અને બોર મોટર ની સુવિધા છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી કુસુમ યોજનામાંથી સૂર્ય ઉર્જા થી ચાલતા સોલાર પંપ ની પણ સુવિધા છે. જેનાથી નાના ખેડૂતો ખેતી કરી રહ્યા છે. જે જોઈ શકાય છે. ઉનાળામાં પાણી ઊંડા ઉતરી જવાના કારણે એકાદ બે પંપ સુકાઈ ગયા હોય તો તેની પણ નોંધ લઈ પંચાયત દ્વારા તુરંત કામ શરૂ કરાય છે. ત્યારે કેટલાક તત્વો મોદી સરકાર ને બદનામ કરવા ખોટી જાણકારી આપી રહ્યા હોવાનું સાંસદે જણાવ્યું હતું.

# કેવડીયા પંથક માં પોલીસ વિભાગમાં લાંચ લેવાની બીજી ઘટના બનતા અનેક સવાલ ઉઠ્યા...

## SOU સલામતી પો.સ્ટે.કેવડીયા નો પો.કો.રૂ.15.000 ની લાંચ લઈ ACB પકડે તે પહેલાં જ રફુચક્કર

ભરત શાહ દ્વારા - રાજપીપળા



નર્મદા જિલ્લામાં તાજેતર માં જ પોલીસ વિભાગ માં લાંચ લેવાના બે કિસ્સા સામે આવ્યા છે જેમાં થોડાક સમય પહેલા એકતાનગર પો.સ્ટે ના કોન્સ્ટેબલ ધવલ પટેલ દારૂ નો ધંધો ચાલુ કરવા માટે બુટલેગર પાસે ત્રણ હજાર ની લાંચ લેતા એસિબી એ ઝડપી લીધા હતા

અને ત્યારબાદ હાલ કેવડીયા સ્થિત SOU સલામતી પો.સ્ટે.કેવડીયા ના કોન્સ્ટેબલ પણ દારૂ નો ધંધો ચાલુ કરવા રૂ.પંદર હજાર ની લાંચ લઈ નાશી છુટતા તેની શોધખોળ ચાલી રહી છે.

જેમાં મળતી માહિતી મુજબ એક બુટલેગર તેના મિત્ર સાથે ભાગીદારીમાં દારૂનો ધંધો કરતા હતાં.અને છેલ્લા પાંચેક માસથી તે દારૂનો ધંધો કરતા ન હોવા છતા બુટલેગર તથા તેના મીત્ર ને SOU સલામતી પોલીસ સ્ટેશનના પો.કો.રાકેશભાઈ સુખીરામ શર્મા દારૂના કેસમાં નામ નહી ખોલવા માટે અવાર-નવાર હેરાન કરી દારૂનો ધંધો ચાલુ કરવા માટે રૂ.૨૫,૦૦૦/- ની માંગણી કરેલ જે પૈકી રૂ,૧૫, ૦૦૦/- હોળી પહેલા આપવા જણાવતા આ લાંચની રકમ ફરીયાદી આક્ષેપિતને આપવા માંગતા ન હોય, જેથી ફરીયાદીએ ૧૦૬૪ નો સંપર્ક કરતા તે ફરીયાદ ના આધારે નર્મદા એ.સી.બી.એ લાંચનું છટકું ગોઠવતાં રાકેશ શર્મા લાંચ પેટે રૂા.૧૫,૦૦૦/- સ્વિકારી, લાંચના નાણા લઈ નાશી છૂટ્યો હતો.આમ પોતાના હોદ્દાનો દુરઉપયોગ કરી, ગેરવર્તણુક કરી ગુન્હો કરતા નર્મદા એ.સી.બી. એ લાંચ ની રકમ લઈ નાશી છુટેલા રાકેશ શર્મા ને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જુનાગઢના અભિનેત્રીને "હાથ સે હાથ"જોડો એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા



મહેશ એલ. સોની નખત્રાણા

જુનાગઢના શેર બજાર સાથે સંકળાયેલ જાણીતાં શ્રી મારૂ કંસારા સોની સમાજનાં અગ્રણી શ્રી નિલેશ ભાઈ મેવચાના ધર્મ પત્નિ તેમજ નાની વયે ખૂબ સાહસ કરી સહસવીર તરીકે આખા ગુજરાતમાં જાણીતા થયેલા જશરાજ મેવચાના મમ્મી પલ્લવીબેન મેવચા 'હાથ સે હાથ જોડો ' યુ ટ્યુબ એવોર્ડ માટે પસંદગી પામ્યા હતા તે અંતર્ગત તા 23 /3/ 24 ના રોજ રાજકોટ ખાતે પૂર્વ ધારાસભ્ય શ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરૂ શક્તિસિંહ ગોહિલ તથા જય રાઠોડ દ્વારા યોજાયેલ 'યુ ટ્યુબ એવોર્ડ' ફંક્શન માં શ્રીમતી પલ્લવીબેન નિલેશભાઈ મેવચા (જૂનાગઢ) ને યુ ટ્યુબ અભિનેત્રી તરીકેનો એવોર્ડ 25000 ની માનવ મેદની વચ્ચે એનાયત કરવા માં આવેલ. પલ્લવી બેનને આ એવોર્ડ મળતા ઠેર ઠેર થી અભિનંદન મળી રહ્યા છે.

# ચાણસ્મા તાલુકાના બ્રહ્મણવાડા ગામે ઝેમ નિમીતે પ્રથમ પુત્રની 11 માતાઓએ ઝેમ ની પારંપરિક દોડ લગાવી

## બ્રાહ્મણવાડાના મૂળ વતની અને કેનેડામાં રહેતા ચૌધરી પરિવારે માદરે વતન આવી પારંપરિક ઝેમ કર્યો





નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકા ના બ્રાહમણવાડા ગામે ૭૦૦ વર્ષ થી ઝેમ કરવાની અનોખી પરંપરા રહેલી છે જે ઘરે ઝેમ હોય તેવા પ્રથમ પુત્ર ની માતા ઓ ગામ બહાર આવેલા ગોગા મહારાજ ના મંદિરે થી ૧ કિલો મીટર સમીસા રોડ ઉપર આવેલ વારાહી માતાજી ના મંદિરે બે હાથ બાંધી ખોબા મા શ્રીફળ રાખી દોડ લગાવી પોતાનું સંતાન તંદુરસ્ત બુધ્ધીશાળી બને તેવા વારાહી માતાજી ના આશિર્વાદ મળે તેવા શુભ હેતુસર ઝેમ દોડ લગાવે છે જે મુજબ રવિવારે હોળી ના દિવસે બપોરે . ૩ વાગે ઝેમ વાળી ૧૧ દિકરા ઓ ની માતાઓ એ ગામ બહાર ગોગા મહારાજ ના મંદિરે થી ગામના ભુદેવ દ્વારા પુજા કરાવ્યા બાદ રૂમાલ થી બંન્ને હાથ ના કાંડા રૂમાલ થી બાધી ખોબા માં શ્રીફળ મુક્યા બાદ દોડ નો પ્રારંભ થયો હતો જેમાં પ્રથમ નં. મમતા બેન વિવેકભાઈ ચૌધરી આવ્યા હતા જ્યારે બીજા નં મોનિકાબેન પારસભાઈ આવ્યા હતા પારંપરિક ઝેમ કરવા એક પરીવાર કેનેડા થી આવ્યો.

બ્રાહ્મણવાડા ગામે યોજાયેલ પાંરપરિક ઝેમ ઉત્સવ માં બ્રાહમણવાડા ના મૂળ વતની અને કેનેડા માં ધંધાર્થે સ્થાયી થયેલ પારસભાઈ ચૌધરી તેમના ઘરે પ્રથમ પુત્ર રત્ન હોઈ પારંપરીક રીતે ઝેમ કરવા તેમના ધર્મપત્ની મોનીકા બેન સહિત તેમના પરીવાર સાથે આવ્યા હતા અને કેનેડા જેવા ઠંડા દેશ માં રહેતા હોવા છતાં બપોર ના અઢી ત્રણ વાગ્યા ના સમય ગાળા માં ૩૮ થી ૪૦ સેં ગરમી વચ્ચે ઝેમ દોડ લગાવી પોતાના સંતાન નિરોગ ચાતુર્ય વાન બને તેવા વારાહી માતાજીના આશિર્વાદ મેળવવા પારંપરિક ઝેમમાં સહભાગી થયા નો આનદ સાથે ઉત્સાહ વ્યકત કર્યો હતો

બ્રાહ્મણવાડા ગામે છેલ્લા ૭૦૦ વર્ષ થી યોજાતી ઝેમ દોડ માં સહભાગી થતી ઝેમ વાળી માતાઓ આખો દિવસ નો ઉપવાસ રાખી બે હાથ બાંધી ખોબા માં શ્રીફળ મૂકી ગોગા મહારાજ ના મંદિરે થી ૧. કિમી. દૂર વારાહી માતાજી ના મંદિર સુધી પગમાં પગરખાં વિના દોડ લગાવે છે અને તે પરીવાર દ્વારા માતા જી ને સુખડી નો નૈવેદ્ અર્પણ કરવાની પરંપરા આજેય જળવાઈ રહી હોવાનું પૂર્વ સરપંચ ધિરૂભાઈ ચૌધરી એ જણાવ્યું હતુ.



રાજપીપળા શહેરના દરબાર રોડ,જૂની પોસ્ટ ઓફિસ, આશાપુરી મંદિર,લીમડા વિસ્તારોમાં આજે સાંજે મુહર્ત મુજબ હોળીપ્રગટી જેમાં ભક્તોએ પ્રદક્ષિણા ફરી પુંજા કરી હતી.અને પરંપરાગત રીતે હોળી માં તપેલા દેગડા જેવા વાસણો માં પાણી મૂકી આ પાણી થી સ્નાન કરવાથી સ્વાસ્થય સારું રહે તેવી માન્યતા ને પણ રાજપીપળા ખાતે ભક્તો એ નિભાવી હતી. - ભરત શાહ,રાજપીપળા.




જાયન્ટ્સ ચાણસ્મા દ્વારા હોલિકા દહન અને ધુળેટી નિમિત્તે ચાણસ્મા રેલવે સ્ટેશન એરિયાના મજૂરી વર્ગના વિસ્તારના બાળકોને ખજૂર,ધાણી અને પિચકારીઓ નું વિતરણ જાયન્ટ્સ પ્રમુખ રાહુ સુખડીયા,મંત્રી મનોજ પટેલ,ઉપ પ્રમુખ ચંદુભાઈ પટેલ, નારણભાઈ રાવળ, પ્રવીણભાઈ સુથાર,વિનોદભાઈ પટેલ,રાજુભાઈ પટેલ ,પ્રવીણભાઈ સથવારા અને અન્ય લોકોની હાજરીમાં આશરે 60 નંગ ધાણી ખજૂર પેકેટ અને પિચકારી નું વિતરણ કરવામાં આવ્યું આના કારણે બાળકોમાં ઘણોજ ઉત્સાહ નો માહોલ જોવા મળ્યો હતો. નીતિન ઠાકર ચાણસ્મા

# સાબરકાંઠા લોકસભા ભાજપના ઉમેદવાર જાહેર થયા બાદ ચૂંટણી ન લડવા જાહેરાત બાદ જિલ્લા રાજકારણમા ગરમાવો

રાકેશ મહેતા. ધનસુરા

લોકસભાની ચુંટણી ના સંખનાદ વાગ્યો છે ત્યારે સાબરકાંઠા લોકસભાની ના ભાજપ ના ઉમેદવાર ની પસંદગી કર્યા બાદ ભાજપ ના ઉમેદવારે પ્રચાર શરૂ કરી દિધો હતો બાદ મા તેમની અટક ને લઈ વિવાદ શરૂ થતો છતો પણ જનસંપર્ક જોર શોર થી કર્યા બાદ ભાજપ ના ઉમેદવારે નાદુરસ્ત તબિયત ના કારણે ચૂંટણી ના લડવાની અનિચ્છા બતાવતા સોશિયલ મીડિયા મા પોસ્ટ આવતા સાબરકાંઠા - અરવલ્લી જિલ્લા મા જનતા અને કાર્યકરો માં ભારે રોષ જોવા મર્યો હતો અને જિલ્લા મા ચર્ચાઓ નું બજારે જોર પકડ્યું હતું કે કોના ઈશારે આવું થયું તે જાણવાના કાર્યકરો અને જનતા ઉત્સુક



થયી છે અને જિલ્લા મા આજે પણ ઠેર ઠેર ભીખાજી ઠાકોર ના સમર્થન માં બેનરો લાગ્યા સાથે ચૂંટણી બહિષ્કાર ના બેનરો લાગતા ભીખાજી ને ઉમેદવાર તરિકે ચાલું રાખવા કાર્યકરો ની ઉગ્રમાંગ જોવા મળી રહી છે.

# શ્રી મોડાસા એકડા વિશા ખડાયતા મિત્ર મંડળ આયોજિત રસિયા ઉત્સવ યોજાયો

રાકેશ મહેતા. ધનસુરા



શ્રી મોડાસા એકડા વિશા ખડાયતા મિત્ર મંડળ મોડાસા દ્વારા રસિયા ઉત્સવ નું પ્રમુખશ્રી મુકુન્દ એસ શાહ અને મહામંત્રી શ્રી હિરેનભાઈ કે શાહ તથા કન્વીનરશ્રીઓ,પૂર્વ પ્રમુખશ્રીઓ, માનદ મંત્રીશ્રીઓ, તેમજ ખજાનચી દ્વારા ખુબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશા ખડાયતાના 250 થી પણ વધુ જ્ઞાતિજનો ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી જોડાયા હતા.કાર્યક્રમનું ભોજન સોજન્ય શ્રીમતી શોભનાબેન આર પી શાહ દ્વારા મળ્યું હતું જેમનું બહુમાન બુકે અને શાલથી કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં રસિયા ગાન માલપુર ની રસિયા ની ટીમ દ્વારા ખૂબ સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વિશા ખડાયતા ના ત્રણે પક્ષના વડીલો ખાસ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમમાં શરૂઆતથી તે અંત સુધી ડો.રાકેશ સી મહેતા નો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો. તથા ભોજન પાસ વિતરણમાં વિરેન શાહ, મિનેશ શાહ, હિતેશ શાહ, કનુભાઈ શાહ તથા ચિરાગ શાહ ખૂબ સુંદર સહકાર મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમ માટે વિશા ખડાયતા ના સૌ હોદેદાર શ્રીઓએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સુંદર પૌષ્ટિક ભોજન અને અંતમાં ફગવા નો પ્રસાદ વેચવામાં આવ્યો હતો.

# સ્ત્રી અધ્યાપન મંદિર,રાજપીપળા ખાતે તાલીમાર્થી બહેનોનો વિદાય સમારંભ યોજાઈ ગયો

ભરત શાહ દ્વારા - રાજપીપળા

ભરુચ જિલ્લા આદિવાસી સેવા સંઘ અને કેળવણી મંડળ સંચાલિત સ્ત્રી અધ્યાપન મંદિર, રાજપીપળા ખાતે ઈનામ વિતરણ અને દ્વિતીય વર્ષની તાલીમાર્થી બહેનોનો વિદાય સમારંભ યોજાઈ ગયો.

આ કાર્યક્રમની શરૂઆત 'વંદે માતરમ' ના સમૂહગાનથી થઈ હતી.બાદમાં કાર્યક્રમમાં ઉપસ્થિત આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા દીપ પ્રગટન બાદ સમૂહ પ્રાર્થના કરવામાં આવેલ. આખા વર્ષ દરમિયાન કોલેજ અને પ્રયોગશાળા વિભાગમાં યોજાયેલ વિવિધ સહ-અભ્યાસિક પ્રવુતિઓ માં વિજેતા થયેલ તાલીમાર્થીઓને સ્ટાફ દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવેલ.

દ્વિતીય વર્ષની બહેનોએ સંસ્થાને ફોટો ભેટ તરીકે આપેલ. ઈનામ વિતરણ તેમજ કોલેજના અનુભવો વિશેની માહિતી દિવ્યા માછીએ સુંદર રીતે આપેલ. પ્રાસંગિક પ્રવચનમાં ઉર્વશી વસાવા એ પોતાના એક વર્ષના કોલેજ અને દ્વિતીય વર્ષની તાલીમાર્થીઓ સાથેના અનુભવો વાગોળતાં બહેનો તરફથી મળેલ સહકાર અને માર્ગદર્શનનો ઉલ્લેખ કરેલ. જ્યારે દ્વિતીય વર્ષની તાલીમાર્થી નયના બારિયાએ પોતાના બે વર્ષના કોલેજ સાથેના સંસ્મરણો તાજા કર્યા હતા અને પોતાની કેળવણી અને ઘડતર માટે સંસ્થાનો આભાર માન્યો હતો. સંસ્થાના ઇ.આચાર્ય શ્રી ડો.વિમલ મકવાણાએ વિદાય લઈ રહેલી દ્વિતીય વર્ષની બહેનોને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ આપી આજીવન વિધાર્થી બની સતત શિખતા રહેવાની સલાહ આપી હતી. સાથે સાથે ભવિષ્યમાં આજીવિકામાંથી થોડું-થોડું પોતાનામાં પણ રોકાણ કરવા સૂચવ્યું હતું.

અંતે પ્રેમિલા વસાવા અને કૃપાલી પાટણવાડિયાએ વિદાય ગીત ગાયું હતું આ કાર્યક્રમમાં અરવિંદભાઈ પટેલ,દિલિપભાઈ, સંધ્યાબેન, શિવાનીબેન પ્રયોગશાળાના આચાર્યા ભાનુબેન, સીમાબેન, વિશાલભાઈ લુહાર, દીપમાલાબેન, રવિભાઈ અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને અંતે આભારવિધિ મનીષાબેન ગુર્જરે અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાવનાબેન ભગતે કર્યું હતું.

# દરિયાઇ કાંઠા ના વિસ્તારોમાં રાની પશુઓનો ખૌફ વન વિભાગની નિષ્ક્રિયતાને કારણે અવારનવાર માનવ હુમલાના બનાવો

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

જાફરાબાદ ના લુણસાપુર ગામે સિંહણ દ્વારા માનવ હુમલાઓની ઘટનાઓ જાફરાબાદ ઘટતા હુમલાખોર સિંહણ દ્વારા ખાનગી કંપનીના સેક્યોરિટી બાદ વનવિભાગના ત્રણ કર્મીઓને ઈજાગ્રસ્ત કરવાની ઘટનાથી વનવિભાગ દ્વારા હુમલા ખોર સિંહણને પાંજરે પુરી લેવામાં આવી હતી જાણવા મળતી માહિતી મુજબ ગત રાત્રીના જાફરાબાદના લુણસાપુર નજીક આવેલી ખાનગી કંપનીના સિક્યોરિટી પર એક પાંચ થી નવ વર્ષની સિંહણે હુમલો કરતા ઈજાગ્રસ્ત સિક્યોરિટી ને ખાનગી દવાખાને ખસેડવામાં આવ્યો હતો ને હુમલાખોર સિંહણ લુણસાપુર થી મિતિયાળા ગામ સુધી ગઈને ત્યાં વનવિભાગના બે ટ્રેકર અને વન વિભાગની ગાડીમાં કાચ ચડાવીને બેઠેલા ડ્રાઈવરને કાચ તોડીને સિંહણે ઈજાઓ પહોંચાડી હતી ત્યારે ટૂંકા સમયમાં સિંહણ દ્વારા ચાર માનવ હુમલાઓની વન તંત્ર પણ ચોંકી ગયું હતું ને બે કલાકના રેસ્કયુ ઓપરેશન બાદ સિંહણ પાંજરે પુરાઇ હતી પણ જાફરાબાદ દરિયાઈ પટ્ટી પર ખાસકરીને બંદ વિસ્તારમાં અને રહેણાંક વિસ્તારમાં અવારનવાર સિંહો ચડી આવતાં હોય પરંતુ વન તંત્ર ગંભીરતા લેતું નથી લાઈટ હાઉસ વિસ્તારોમાં પણ દિપડો આવી ચડ્યો હતો આ જાફરાબાદ પંથકમાં છેલ્લા બે વર્ષમાં સિંહણ દ્વારા હુમલા ઓની ઘટનાઓ વધી ગઈ છે.ને સિંહણ માનવીઓ જોઈને દોટ મૂકવાની અને માનવ ઈજાઓ કરવાની ઘટનાઓ ચોંકાવનારી હોવાની વિગતો સામે સિંહો દ્વારા થતા માનવ હુમલાઓની ઘટનાઓ પાછળ વનવિભાગની ઢીલી નીતિ જવાબદાર હોવાનું સિંહ પ્રેમીઓમાની રહ્યા છે. એમનું મુખ્ય કારણ વનતંત્ર દ્વારા નિયમિત ફેરણુ પેટ્રોલિંગ માત્ર કાગળ પર થતું હોય ને વનવિભાગ દ્વારા રાખવામાં આવેલા ટ્રેકરો કે વનમિત્ર



લાગતાંવળગતા અને માનિતા ઓને રાખ્યા હોય ને આવાજ કર્મીઓના પાપે લાઈન શો રાજુલા-જાફરાબાદ માં ફૂલ્યાફાલ્યા હોય જેને કારણે સિંહ કે સિંહણો હુમલાખોર બનતી હોય છે. ખાનગી કંપનીના પંકજ ભાલીયા નામના સિક્યોરિટી ને નિશાને બનાવેલ હુમલાખોર સિંહણે વીરાભાઈ વાઘેલા, અરવિંદભાઈ વાઘેલા, અને હરેશભાઈ પાડ્યા ને ઈજાઓ સિંહણે કરી હતી અગાઉ ૨૦૨૨ માં જાફરાબાદ ના બાબરકોટ માં એક સિંહણ દ્વારા દસથી અગિયાર વ્યક્તિ ઓ ઉપર સિંહણ દ્વારા માનવ હુમલાઓ કર્યા હતા અને તમાંમ વ્યક્તિ ઓને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યો હતા સિંહણને પકડવા માટે વનવિભાગ અને પોલીસે આખો રાજુલા જાફરાબાદ નો માર્ગ બંધ કર્યો હતો બાદ મહામુસીબતે સિંહણ પકડાઈ હતી ને સારવાર દરમ્યાન સિંહણ મોતને ભેટી હતી જ્યારે ૨૦૨૩ માં રાજુલાના વાવેરા ગામે સિંહણે આતંક મચાવ્યો હતો ને માન હુમલા ઓ કર્યો હતા જેને વનવિભાગે પકડીયા બાદ સારવાર દરમ્યાન સિંહણનું મોત થયેલું હતું જ્યારે ફરી વધુ એક સિંહણ આક્રમક બનીને ચાર ચાર વ્યક્તિ ઓને ઈજાઓ પહોંચાડી તે જોઈને એવું લાગી રહ્યું છે કે સિંહણમા હડકવા જેવી અસર થતી હોય જેને કારણે સિંહો આક્રમક બનીને માનવ હુમલાઓ કરી રહ્યા પાછળ પણ વનવિભાગે જરૂરી તપાસ કરવી જોઈએ તેવું સિંહ પ્રેમીઓ ઈચ્છી રહ્યા છે. સિંહો દ્વારા માનવ હુમલાઓ કે સિંહોના મોત વખતે વનવિભાગના ડિવિઝનના અધિકારી ખાસ ઉપસ્થિત રહેતા હોય છે. પરંતુ રાજુલા જાફરાબાદ વનતંત્રનુ મુખ્ય ડિવિઝન શેત્રુંજી પાલીતાણા લાગતું હોય ને પાલીતાણાથી વનવિભાગના ડી.સી.એફ. આવતા નથી ને માત્ર કાગળ પર કામગીરી ઓ કરતા હોવાની ફરિયાદો ઉઠી રહી છે. શેત્રુંજી ડિવિઝનના વન વિભાગ દ્વારા રેલ્વે ટ્રેક પર સિંહોના મોત અને હુમલાખોર બનતા વન્ય પ્રાણી ઓ અંગે વનવિભાગના જ કર્મીઓ જવાબદાર મનાઇ રહ્યાં છે કેમ કે સિંહો ના થતાં લાઈન શો બાબતે રાજુલા - જાફરાબાદ વિસ્તારોમાં અધિકારીઓના માનીતા અને મનગમતાં વ્યક્તિઓ જ વન મિત્ર કે રેલ્વે લાઈન પર રાખવામાં આવેલા કર્મીઓ ખુદ સિંહો બતાવવાના ગોરખધંધાઓ કરતા હોવાની વિગતો સૂત્રોમાંથી મળતી રહી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ડાકોરના ઠાકોર તારા બંધ દરવાજા ખોલ

નડિયાદ | ફાગણી પૂનમનું કાઉન્ટડાઉન શરૂ થઈ ચૂક્યું છે. ત્યારે લાખો પદયાત્રીઓએ ડાકોર તરફ પ્રયાણ માંડ્યુ છે. હાલ ડાકોરમાં પૂનમના આગળના દિવસે માનવ મહેરામણ ઉમટતા પૂનમ જેવો જ માહોલ સર્જાયો છે. ધોળી ધજા સાથે ડાકોરમાં પદયાત્રીઓ ઉમટી પડ્યા છે અને ડાકોરમાં કોણ છે, રાજા રણછોડ છે, 'જય રણછોડ માખણચોર'ના નાદ સાથે ડાકોર ગૂંજી ઊઠ્યું છે. 'ડાકોરના ઠાકોર તારા બંધ દરવાજા ખોલ'ના નાદ સાથે ભક્તો ઉમટી પડ્યા છે.

હોળી-પૂનમ ટાંણે મીની દ્વારકા ગણાતા કાળિયા ઠાકોરની પવિત્ર ભૂમિમાં માનવ મહેરામણ ઉમટ્યું છે. પોલીસનો લોખંડી બંદોબસ્ત વચ્ચે લાખો પદયાત્રીઓની સેવામાં હજારો સેવકો ખડે પગે સેવા ડાકોર નગરમાં આપી રહ્યા છે. મંદિરમા રણછોડજીની મૂર્તિને કોઈ પણ જાતની છેડ છાડ ન થાય તેમાટે મૂર્તિ આગળ લોખંડની જાળી લાગાવી દેવામા આવી છે. કૃષ્ણ નગરી ડાકોરમાં આજે રવિવારે પગપાળા આવતા પદયાત્રીઓ ઉમટ્યા છે. ભાવિક ભક્તો ધોળી ધજા સાથે ડાકોરમાં કોણ છે, રાજા રણછોડ



છે, 'જય રણછોડ માખણચોર'ના નાદ સાથે ડાકોર નગર ગૂંજી ઉઠ્યું છે. આજે સાંજે હોલિકા દહન અને આવતીકાલે પૂનમ હોવાથી મંગળા આરતીમાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટશે. એ બાદ સવારે 9 કલાકે ફુલડોલોત્સવનો પ્રારંભ થશે. ભગવાન ભક્તો સાથે હોળી ખેલતા નજરે પડશે. સપ્ત રંગોથી સોના ચાંદીની પિચકારીથી ભગવાન ધૂળેટી ખેલશે. પૂનમના દિવસે સવારે 4:00 કલાકે મંગળા આરતી થશે. એ બાદ સવારે 9:00 કલાકે શણગાર આરતી, એ પછી બપોરે 3:30 કલાકે રાજભોગ આરતી અને 5:15 વાગે ઉથાપન આરતી તે બાદ સાંજે 5:15 પછી ઠાકોરજી નિત્યક્રમ અનુસાર શયનભોગ, સખડીભોગ આરોગી, અનુકૂળતાએ ઠાકોરજી પોઢી જશે. જ્યારે મંગળવાર 26 માર્ચના રોજ 6:45 વાગે મંગળા આરતી થશે.

## ડાકોરમાં ફૂલડોલ ઉત્સવ ઊજવવા હજારો ભક્તો ઊમટ્યા, 'જય રણછોડ માખણચોર'ના નાદથી મંદિર પરિસર ગુંજી ઊઠ્યું

### ભક્તો માટે રહેવાની ખાસ વ્યવસ્થા

આપત્કાલીન જેમકે આરોગ્ય વિષયક અને ઈમરજન્સી અગ્નિશામક વિભાગ પણ મંદિર પરિસર નજીક ગોઠવી દેવામાં આવ્યા છે. આ સાથે પીવાના પાણીની વ્યવસ્થા તેમજ નગરમાં બે જગ્યાએ રાત્રિ વિસામો બનાવવામાં આવે છે જેમાં ભક્તો સુઈ શકે તે માટે ઓટલા પણ બનાવાયા છે. વિશેષ ખાત્રજ ચોકડીથી મંદિર સુધીના માર્ગ પર મંદિરના સમયના બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે. આ સાથે મંદિરની બહાર માઈક એનાઉન્સમેન્ટનુ પણ આયોજન કરવામાં આવ્યું છે. ભક્તો પોતાની કીમતી ચીજ વસ્તુઓ મંદિર પરિસરમાં દાખલ કરે નહીં અને તેને સુરક્ષિત જગ્યાએ મૂકે તેવી અપીલ કરી છે.

### દર્શનાર્થીઓ માટે 'ડાકોર મેલા' નામની મોબાઈલ એપ શરૂ

ડાકોર ફાગણી પૂનમ મેળા નિમિત્તે ડાકોર ખાતે સમગ્ર રાજ્ય અને દેશમાંથી હજારો શ્રદ્ધાળુઓ ભગવાન રણછોડરાયજીના દર્શનાર્થે આવે છે. ત્યારે મેળામાં આવતા દર્શનાર્થીઓને તેમની યાત્રા સંબધિત અગત્યની માહિતિ સરળતાથી મળી શકે તે હેતુથી જિલ્લા વહિવટી તંત્ર દ્વારા 'ડાકોર મેલા' નામની એપ્લિકેશન બનાવવામાં આવી છે. જે 'ડાકોર મેલા' એપ પરથી મંદિરમાં દર્શનનો સમય, - લાઈવ દર્શન, લેટેસ્ટ ન્યુઝ, ડાકોર થી જતી ટ્રેઈનનું લીસ્ટ, ડાકોર ખાતે ના જિલ્લા વહીવટી તંત્રના કંટ્રોલ રૂમ નંબર, આરોગ્ય સેવાઓ, એકાદશી, પૂનમ, ઉત્સવોની યાદી, સાંસ્કૃતિક કાર્યક્રમ અને અન્ય ફોટા સહિતની માહિતી મળી રહેશે.

# વડોદરાના આજવા રોડ પર સાયકલ પર ગાંજો લઈને જતો શખસ ઝડપાયો

વડોદરા | વડોદરામાં સાયકલ ઉપર 985 કિલો ગાંજો લઈને જઈ રહેલા શખ્સની ધરપકડ ક્રાઈમ બ્રાંચે કરી છે. જ્યારે એકતાનગરના ગાંજાના વેપારીને વોન્ટેડ જાહેર કરી તેની ધરપકડનો ચક્રોગતિમાન કર્યો છે. મળતી માહિતી અનુસાર ક્રાઈમ બ્રાંચની ટીમને માહિતી મળી હતી કે, એક વ્યક્તિ સાઈકલ ઉપર ગાંજાનો જથ્થો લઈને પસાર થનાર છે. જે માહિતીના આધારે ક્રાઈમ બ્રાંચના પી.આઈ. આર.જી. જાડેજાની માર્ગદર્શન હેઠળ સ્ટાફે આજવા રોડ જનકલ્યાણ સોસાયટી પાસે વોચ ગોઠવી દીધી હતી.

આ દરમિયાન એક શંકાસ્પદ વ્યક્તિ સાઈકલ ઉપર થેલા લટકાવીને પસાર થઈ રહ્યો હતો. વોચમાં ગોઠવાયેલી ક્રાઈમ બ્રાંચની ટીમે સાઈકલ લઈને જઈ રહેલા વ્યક્તિને રોક્યો હતો અને સાઈકલ ઉપર લટકાવેલા થેલામાં તપાસ કરી હતી. થેલામાંથી પ્લાસ્ટિકની કોથળીઓમાંથી 985 કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે રૂપિયા 9850ની કિંમતનો ગાંજો, સાઈકલ મળી કુલ રૂપિયા 10,350નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ અંગે ક્રાઈમ બ્રાંચ દ્વારા સાઈકલ ચાલકની કરેલી પૂછપરછમાં સાઈકલ ચાલેક માંજલપુર, વિશ્વામિત્રી ટાઉનશિપ પાસે આવેલ ગણપતિનગરનો રહેવાસી હરી મોહન કહાર હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ગાંજો ક્યાંથી લાવ્યો તે અંગે પૂછપરછ કરતા તેણે



ગાંજાનો જથ્થો આજવા રોડ ઉપર આવેલ એકતાનગરમાં રહેતા સલીમ અકબર શેખ પાસેથી લાવ્યો હોવાની કબુલાત કરી હતી. હરી કહારે સલીમનું નામ આપતા પોલીસની એક તેની ધરપકડ કરવા માટે પહોંચી હતી. પરંતુ, તે મળી આવ્યો ન હતો.

આ બનાવ અંગે ક્રાઈમ બ્રાંચે ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલા હરી કહાર અને વોન્ટેડ સલીમ શેખ સામે NDPS એક્ટ હેઠળ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. સરદાર એસ્ટેટ પાસેથી ગાંજાના જથ્થા સાથે એક વ્યક્તિની ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરતા ચકચાર મચી ગઈ હતી. તે સાથે પોલીસે ગાંજાનો જથ્થો વેચનાર એકતાનગરના સલીમ શેખના ઘરે દરોડો પાડતાં એકતાનગરમાં પણ ચકચાર મચી ગઈ હતી.

# ધૂળેટીમાં ઇમરજન્સી સેવા માટે સિવિલ, સ્મીમેર, 108 દ્વારા વ્યવસ્થા કરાઇ

સુરત | આકસ્મિક ઘટનાઓમાં સારવાર આપવા માટે નવી સિવિલ અને સ્મીમેર હોસ્પિટલ તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. તહેવારોમાં ઈમરજન્સી સેવાઓમાં વધારો થાય છે. હોળી ધુળેટીના તહેવાર પર અપેક્ષિત ઈમરજન્સીમાં વધારા માટે છે. છેલ્લા ૩-૪ વર્ષના તહેવારની ઈમરજન્સી કેસની સંખ્યામાં વધારો થાય છે. જેમાં કે રોડ અકસ્માત, પડી જવા, મારા મારી સહિતના ઈજા અને તકલીફ થવાના કેસમાં વધારો થવાની સકયતા છે. હોળીના દિવસે ૩.૭૭ ટકા, ધુળેટીમાં ૫૯.૪૨ ટકા કેસ વધારો થવાની શક્યતા છે. જેથી સુરત શહેરમાં ૪૬ એમ્બ્યુલન્સમાં ૧૮૦ સ્ટાફ અને સુરત ગ્રામ્યમાં ૧૯ એમ્બ્યુલન્સમાં ૭૦ સ્ટાફ મળી કુલ ૨૫૦ જેટલાં તમામ વોરિયર્સ રજા કેન્સલ કરી તથા ૨૪ કલાક ખડેપગે હાજર રહેશે એમ સુરત અને તાપી જિલ્લાના પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠાકરે જણાવ્યું હતું. આ ઉપરાંત ધુળેટીના રોજ ગંભીર ઈજા પામેલા અને તકલીફ થયેલા વ્યકિતઓની જીદગી બચાવવા અને જરૂરી સારવાર જલ્દી મળે તે માટે સિવિલમાં હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર વિભાગમાં ૨૪ કલાક માટે વધારેના ૪ મેડીકલ ઓફિસર તથા વિવિધ વિભાગના રેસીડન્ટ ડોકટરો, નર્સિંગ સ્ટાફ સહિતના સ્ટાફ જરૂરી વ્યેવસ્થા સાથે તંત્ર સજ્જ છેએમ સિવિલના અધિકારીએ જણાવ્યુ હતું. પાલિકાની સ્મીમેર ઈમરજન્સીમાં દર્દીને તકલીફ નહી પડે તે માટે તહેવારના દિવસ વધારાને વિભાગના જરૂરી ડોકટરો સહિતના સ્ટાફ ફરજ બજાવશે એવુ સ્મીમેરના અધિકારીએ કહ્યુ હતું.

## 'પતિ સાથે સંબંધ રાખશે તો પિતાનું અકાળે મોત થશે...

# 24 વર્ષીય તાંત્રિકે 20 વર્ષીય યુવતીને કેફી પીણું પીવડાવી બળાત્કાર કર્યો

સુરત | ઉત્રાણના 24 વર્ષીય ભુવાએ તેના સંપર્કમાં આવેલી 20 વર્ષીય યુવતીને કેફી પીણું પીવડાવી બળાત્કાર ગુજાર્યો હતો. ત્યાર બાદ તેને ધમકી આપી હતી કે જો તારા પતિ સાથે સંબંધ રાખશે તો તારા પિતાનું અકાળે મોત થશે. ભુવાની ધમકીને વશ થઈ



તેણી સંબંધ નહીં રાખતા પતિએ પિયર મોકલી આપી હતી.જેમાં પરિવારે પૂછપરછ કરતાં પાખંડીનો ભાંડો ફૂટ્યો હતો. યુવતીની ફરિયાદના આધારે કતારગામ પોલીસે ભુવા કિર્તી નાનજી માંડવિયા( સુમન મંદિર આવાસ, ઉત્રાણ) ગુનો નોંધી ધરપકડ કરી હતી.

કતારગામની 20 વર્ષીય યુવતી બે મહિના પૂર્વે પરિવાર સાથે તાપી કિનારે આશ્રમમાં ગઈ હતી.તે વખતે તાંત્રિક કિર્તીના શરીરમાં માતાજી આવતા તેણે કુંવારી છોકરીને ચાંદલો કરવા કહ્યું હતું. આથી યુવતીએ ચાંદલો કર્યો હતો. થોડા દિવસ પછી તાંત્રિકે યુવતી સાથ ઈન્સ્ટ્રાગ્રામ પર મિત્રતા કરી ફોન નંબરની આપ લે કરી હતી. તાંત્રિક કિંતીએ ફોન પર વાતોમાં ફસાવી દોઢ મહિના પહેલા કતારગામમાં ગુજરાત મંચની ઓફિસે બોલાવી હતી. પેંડાની પ્રસાદી આપી યુવતી બેભાન થતાં તેની સાથે અડપલા કર્યા હતા. ભાનમાં આવતા તાંત્રિક કિર્તીએ તેને સગાઈ તોડી ભગાડી જવાની વાત કરી હતી.

ત્રીજી ફેબ્રુઆરીએ તાંત્રિકે યુવતીને ઓફિસે બોલાવી પાણી આપ્યું હતું. પાણી પીતાની સાથે તે બેભાન થઈ હતી. હોશ આવ્યો ત્યારે તેને પ્રાઈવેટ પાર્ટમાં દુખાવો થતો હતો.તાંત્રિકે પાણીમાં કેફી પીણું પીવડાવી યુવતી પર રેપ કર્યો હતો. તાંત્રિકે તેને કહ્યું કે' તું ભલે લગ્ન કરે, પરંતુ તારા પતિ સાથે કોઈ સંબંધ રાખતી નહિ, નહિ તો તારા પિતાજીનું માતાજી અકાળે મોત લાવશે.' આ વાતથી યુવતી ડરી ગઈ હતી. 29મી ફેબ્રુઆરીએ યુવતીના લગ્ન બાદ તે તેના પતિ જોડે કોઈ સંબંધ રાખતી ન હતી. આથી પતિ તેને 20મી માર્ચએ પિયરમાં મુકી આવ્યો હતો. પિયરમાં પરિવારે તેને આ બાબતે પૂછતાં પાંખડી તાંત્રિકના પાપનો ઘડો ફૂટી ગયો હતો.

# માસૂમ પુત્રના હાથ બાંધી પ્રેમિકાએ પ્રેમી સાથે તળાવમાં ઝંપલાવતાં ત્રણે 'યના મોત

ગોંડલ |અહીંના વેરી તળાવમાં મહેસાણાના લીંચ ગામા પરિણીત પ્રેમિ-પ્રેમિકાએ આ જન્મમાં સાથે નહીં જીવી શકીએ એમ માની મહેસાણાથી નાસી આવી પ્રેમિકાએ તેના બે વર્ષના પુત્રના હાથને પ્રેમમાં આંધળી બનેલી જનેતાએ ફોનના વાયરથી બાંધી દઈ બાદમાં પ્રેમી અને પ્રેમિકાએ શરીરે દુપટ્ટો બાંધી તળાવમાં ઝંપલાવી દેતા ત્રણે'યના તળાવમાં ડૂબીને મોત નીપજ્યા હતાં. મરતા પહેલાં મોબાઈલ ફોન લોકેશન ગોઠવી સ્ટેટસમાં 'છેલ્લી તસવીર' લખ્યું હતું. મહેસાણા નાં પ્રેમી યુગલે ચાર દીવસ પહેલા ઘરેથી નિકળી ગયા બાદ ગોંડલ પંહોચી વેરીતળાવ માં આપઘાત કર્યો હતો.યુવતીએ તેનાં બે વર્ષ નાં પુત્ર ને સાથે રાખી પ્રેમી યુવાન સાથે મોત મીઠું કર્યુ હતુ. પ્રાપ્ત વિગત મુજબ મહેસાણા નાં લીંચ ગામે રહેતા સંજય ફતાજી ઠાકોર ઉ.22 કિંજલ જશવંતજી ઠાકોર ઉ.22 ચાર દિવસ પહેલા લીંચ થી નાશી જઈ ગોંડલ પંહોચ્યા હતા.કિંજલે પોતાના બે વર્ષ નાં પુત્ર ધ્રુવીનને પણ સાથે લીધો હતો. ગોંડલ નાં વેરીતળાવ પંહોચી સંજયે તળાવ નાં પગથીયા પર કિંજલ અન ધ્રુવીન સાથે સેલ્ફી લઈ પોતાનાં મોબાઈલ સ્ટેટ્સ માં મુકી આ 'છેલ્લી તસ્વીર' એવો મેસેજ મુક્યો હતો.સાથે મોબાઈલમાં ગોંડલ તથા વેરીતળાવનું લોકેશન પણ નાંખ્યુ હતું. બાદમાં સંજય અને કિંજલે બન્નેની કમર ફરતે દુપટ્ટો વીટી મોબાઈલ ચાર્જરનાં વાયર વડે ધ્રુવીન સહિત હાથ બાંધી લઈ તળાવમાં જંપલાવી આત્મહત્યા કરી હતી.

સંજય તથા કિંજલ લીંચથી નાશી ગયા બાદ બન્નેનાં પરીવારે શોધખોળ કરી હતી.પરંતુ કોઈ પતો નહી લાગતા લીંચ પોલીસ મથકમાં બન્નેની ગુમસુધા ફરિયાદ કરી હતી.

## ગોંડલમાં હિટ એન્ડ રનની ઘટના...

# સ્વીફ્ટ ચાલકે બે વાહનને ઉડાવ્યા; ભાગવા જતા કારચાલકને લોકોએ ઝડપી પાડ્યો

ગોંડલ | ગોંડલમાં હિટ એન્ડ રનની ઘટના પ્રકાશમાં આવી છે. ગોંડલ શહેરમાં એક સ્વીફ્ટચાલકે 2 જેટલા વાહનચાલકોને અડફેટે લીધા હતા. સ્વીફ્ટ કારની ટક્કરને કારણે બે વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા છે. કારચાલક અકસ્માત કરીને ફરાર થવાની ફિરાકમાં હતો. સ્થાનિક લોકોએ તેને ઝડપીને પોલીસને હવાલે કર્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર સ્વીફ્ટ કાર (નંબર GJ-06-AP-2008) ના ચાલકે વોરા કોટડા રોડ પર એક્ટિવા અને સ્પ્લેન્ડર બાઈકને અડફેટે લીધા હતા. બે વાહનોને અડફેટમાં લઈને કારચાલકે પૂરપાટ ઝડપે કાર હંકારીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. કારચાલકને વોરા કોટડા રોડ પર આસોપાલવ ગાર્ડન પાસે સ્થાનિક લોકોએ ઝડપી પાડ્યો હતો. સ્વીફ્ટ કારચાલક નશાની હાલતમાં જોવા મળ્યો હતો. કારમાં એક લાકડી પણ જોવા મળી હતી. કારચાલક સુરેશભાઈ સરવૈયા (રહે. વોરા કોટડા રોડ, ભરૂડી)ને પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો.

સમગ્ર બનાવના વિજયભાઈ ગોસાઈ નામના વ્યક્તિને બન્ને પગમાં ઈજા થયા હોવાનું જાણવા મળ્યું છે. ગોંડલ શહેર બી ડિવિઝન ડી સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી સ્વીફ્ટ કારચાલકને ઘટના સ્થળેથી ઝડપી પાડ્યો છે. પોલીસે કેસની વધુ તપાસ હાથ કરી છે.






# કાર્યવાહી : આટકોટ પાસેથી નશાયુક્ત સિરપની 2400 બોટલ સાથે શખ્સની ધરપકડ

જસદણ | જસદણના આટકોટ પાસેથી રૂરલ એસઓજીની ટીમે નશાયુકત સીરપની 2400 બોટલ ભરેલી કાર પકડી પાડી બાબરાના શખ્સની ધરપકડ કરી કાર અને સીરપની બોટલો સહિત રૂ.4.69 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને કાર્યવાહી કરી હતી.

જિલ્લા પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ તરફથી જિલ્લામાં યુવાનોને વયસનથી દુર રાખવા નાર્કોટિકસને લગતા પદાર્થ કે પ્રવાહી વેચાણ કે હેરાફેરી કરતા શખ્સો સામે વોચ રાખી મળી આવ્યે કાર્યવાહી કરવા સુચના અપાઈ હતી. જેના પગલે એસઓજી પીઆઈ એફ.એ. પારગી તથા પીએસઆઈ બી.સી.મિયાત્રા સ્ટાફ સાથે આટકોટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન એસઓજીને મળેલી બાતમીના આધારે આટકોટ-રાજકોટ હાઈ-વે પર બળધોઈના પાટીયા પાસે વોચ ગોઠવી રેઈડ કરતા અક્ષય વિનુભાઈ ચૌહાણ (ઉ.વ.26) ની કબ્જા વાળીમાંથી શંકાસ્પદ નશાકારક સીરપ (કોર્ડીન)ની બોટલો નંગ-2400 કિંમત રૂ.3.69 લાખ સાથે મળતા તેની ધરપકડ કરી હતી. બાદમાં એસઓજીની ટીમે કાર અને સીરપની બોટલો સહિત રૂ.4.69 લાખનો મુદ્દામાલ જપ્ત કરી આટકોટ પોલીસના સોપ્યો હતો.

આ કાર્યવાહીમાં રૂરલ એસઓજીના એએસઆઈ જયવિરસિંહ રાણા, અતુલભાઈ ડાભી, સંજયભાઈ નીરજંની, ઈન્દ્રસિંહ જાડેજા, પો.હેડકોન્સ. વિજયભાઈ વેગડ, હિતેશભાઈ અગ્રાવત, અરવિંદભાઈ દાફડા, ભગીરથસિંહ જાડેજા, અમીતભાઈ કનેરીયા, પો.કોન્સ. વિજયગીરી, શીવરાજભાઈ, ચીરાગભાઈ, રઘુભાઈ ઘેડ અને એ.એસ.આઈ. અમુભાઈ જોડાયા હતા.

## શિક્ષિત યુવતીને ટ્રક ચાલક સાથે પ્રેમ ભારે પડ્યો

# વર્ષ બાદ પતિ ટ્રક વેચી બૂટલેગર બન્યો, પત્નીએ ડિવોર્સ માગ્યા તો કહ્યું- તને મારીને હું પણ મરી જઈશ

જામનગર | યુવાધન યુવાનીના આકર્ષણમાં પાત્ર પસંદગી કરવામાં એવી થાપ ખાય છે કે પછી આખી જિંદગી પછતાવાનો વારો આવે છે. જામનગરમાં આવો જ કીસ્સો સામે આવ્યો છે. જેમાં કોલેજ કરતી યુવતીને ટ્રકનો ચાલક તેમજ ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા યુવાન સાથે પ્રેમ થઈ ગયો હતો, જેથી બંનેએ લગ્ન કરી લીધા હતા, જોકે, લગ્ન ત્રણ વર્ષ સુધી પરિવારથી છુપાવ્યાં હતા, અંતે બંને પરિવારને જાણ થઈ હતી. શિક્ષિત યુવતી તેના પતિના ઘરે રહેવા લાગી હતી. બીજી તરફ પતિએ ટ્રકનો ધંધો છોડી દારૂ વેચવા અને પીવાનું ચાલુ કર્યું હતું. બસ ત્યારથી પ્રેમિકામાંથી પત્ની બનેલી શિક્ષિત યુવતીની જિંદગી ધૂળધાણી બનતી ગઈ, એક દિવસ એવો આવ્યો કે, જેને પ્રેમ કર્યો, જેની સાથે લગ્ન કર્યા એ જ ભરથાર સામે પ્રેમિકા એવી પત્નીએ દુખી થઈ અને પોલીસ ફરિયાદ દાખલ કરવી પડી. ત્યારે આવો જોઈએ શું છે આ પ્રેમ-પ્રકરણની સંપૂર્ણ કહાણી.....

જામનગરમાં બે યુવા હૈયાઓની ખીલેલ લવ સ્ટોરી હાલ પોલીસ દફતરે પહોચી છે. વાત જાણે એમ છે કે, સાધના કોલીની વિસ્તારમાં રહેતા અને ટ્રક ચલાવતા તેમજ ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા યુવાનને ન્યુ સાધના કોલોની વિસ્તારમાં રહેતી




એક યુવતી સાથે પ્રેમ સબંધ બંધાયો હતો. સાત-આઠ વર્ષ પૂર્વે બંધાયેલા પ્રેમ સબંધ બાદ વર્ષ 2018માં બંને યુવા હૈયાઓએ પોતાના પ્રેમને સંસારનું રૂપ આપી પ્રેમ લગ્ન કરી લીધા હતા. જોકે, લગ્ન કરી લીધા હોવા છતાં બંનેએ ત્રણ વર્ષ સુધી આ લગ્નની જાણ પરિવારને ન કરી, ત્યારબાદ પરિવારને જાણ કરી યુવતી પોતાના પતિના ઘરે રહેવા ચાલી ગઈ હતી.

ટીવાય બીકોમ સુધી ભણેલી યુવતીના શરૂઆતના દોઢેક વર્ષ સારી રીતે પસાર થયા, ત્યારબાદ કઠણાઈ શરુ થઈ હતી. પતિએ ટ્રક વેચી દારુ પીવા અને વેચવાનું શરુ કર્યું હતું, આ ધંધો શરુ કર્યો ત્યારથી પતિએ પરિણીતાને શારીરિક માનસિક ત્રાસ આપવાનો શરુ કર્યો હતો. રોજના ઝઘડાઓથી કંટાળી સાથે રહેતા પરિણીતાના જેઠ અને જેઠાણી અન્ય જગ્યાએ રહેવા ચાલ્યા ગયા હતા, ત્યારબાદ પતિનો ત્રાસ દિવસેને દિવસે વધતો ગયો હતો, ઘરેથી બહાર જાય તો પતિને મોબાઈલમાં લોકેશન મોકલવુ પડતું ત્યા સુધીની શંકાઓ પતી દ્વારા થવા લાગી. દરમિયાન ગત નવેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં દારૂ પી ને ઘરે આવેલા પતિએ તેણીને સખ્ત માર માર્યો હતો. જેને લઈને પરિણીતાએ હોસ્પીટલમાં સારવાર લઈ પતિ સામે પોલીસમાં અરજી કરી હતી. જો કે, બાદમાં સમાધાન કરી લેવામાં આવ્યું હતું. જોકે, યુવતી તેના માવતરના ઘરે ચાલી ગઈ હતી. આ દરમિયાન તાજેતરમાં યુવતીના પિતાનું અચાનક અવસાન થતાં પતિ ઘરે રોકાયો હતો ત્યાં પણ તેણી પર ત્રાસ ગુજાર્યો હતો. ત્યારબાદ યુવતીએ વધુ એક વખત પોલીસમાં અરજી કરી હતી. પોલીસની હાજરીમાં બંને એ છૂટાછેડા લેવાનો નિર્ણય કર્યો હતો. બાદમાં પતિ ફરી ગયો હતો અને 'જો તું મને છૂટાછેડા આપી તો હું તને મારી નાખીશ અને હું પણ મરી જઈશ' એવી ધમકી આપી હતી.

# કાર્યવાહી:કારેલીથી પકડાયેલા સટ્ટાનો રેલો 10 રાજ્યોમાં...

પલસાણા | પલસાણના કારેલી ગામેથી ફ્લાવર વેલી સોસાયટીમાંથી ક્રિકેટ પર ચાલતા સટ્ટા ઓનલાઈન બેટિંગનો પર્દાફાશ કરી પલસાણા પોલીસે પોલીસે દસ આરોપીને ઝડપી પાડ્યા હતા અને 41 મોબાઈલ અને તેમજ અલગ અલગ બેન્કના 23 એટીએમ કાર્ડ કબ્જે કરી 8.31 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સ્થળ પરથી મળી આવેલ લેપટોપ તેમજ એક ડાયરીમાંથી અંદાજિત 20 કરોડથી વધુની આર્થિક લેવડ દેવડનો હિસાબ મળ્યા હતા હાલ તેની તપાસ માટે સુરત જિલ્લા પોલીસની બે અલગ અલગ ટીમો બનાવી છે અને પલસાણા ઉપરાંત એલસીબી-એસઓજી ટીમ જોડાઈ છે. જેમાં 70થી વધુ બેન્ક એકાઉન્ટ સીઝ કરી આ એકાઉન્ટની તપાસ માટે પોલીસની ટીમો 10 રાજ્યમાં પહોંચી છે.

સટ્ટાના આરોપીના પોલીસ પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. મહત્વની બાબત એ છે કે આ ગુનાનો મુખ્ય આરોપી વોન્ટેડ કર્ણસિંહ ઉદારામ સેવાનિયા બાડમેર (રાજસ્થાન)નો છે જે વોન્ટેડ છે. પોલીસ તપાસમાં કેટલી ત્રુટિ રહી જાય તે આ ગુનાની તપાસમાં પ્રાથમિક તબક્કે જણાઈ આવ્યું હતું. પોલીસે જે દસ આરોપી પકડ્યા હતા. તેમાં કર્ણ સિંહનો સગો ભાઈ કુનમારામ ઉદારામ ચૌધરીને પણ પકડ્યો હતો. રિમાન્ડમાં પોલીસની પૂછતાછ પૂરી થઈ આરોપીને કોર્ટમાં રજૂ કરી જ્યુડિશ્યલ કસ્ટડીમાં પણ



મોકલી આપવામાં આવ્યા હતા. પરંતુ પોલીસને એ ખબર ન પડી કે પકડાયેલો કુનારામ વોન્ટેડ આરોપી કર્ણસિંહનો મોટો ભાઈ છે. રિમાન્ડ પૂરા થયા બાદ આ હકીકત બહાર આવતા પોલીસ દોડતી થઈ હતી. આ ગુનાની તપાસ માટે પોલીસ ઉત્તર પ્રદેશ, ઓડીસા, આંધ્રપ્રદેશ, તામિલનાડું, કર્ણાટક, મહારાષ્ટ્ર, રાજસ્થાન, દિલ્હી, કશ્મીર અને બિહારમાં જવા રવાના થઈ છે. આ રાજ્યોમાં પહોંચી પોલીસ બેન્ક એકાઉન્ટસની માહિતી એકત્રિત કરી ગુનાના મૂળ સુધી પહોંચવાના પ્રયાસ કરશે.

હાઇસ્કૂલના નિવૃત જુનિયર કલાર્ક સાથે ઠગાઇ

## વીરોલ ગામના રહિશના પેન્શન ખાતામાંથી 2.51 લાખ ઉપડી ગયા

(એજન્સી) આણંદ : આણંદ જિલ્લાના સોજિત્રા તાલુકાના વીરોલ ગામના નિવૃત્ત શખ્સના પેન્શન ખાતામાંથી કોઈ અજાણ્યા ગઠીયાએ રૂા.૨.૫૧ લાખની રકમ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન મારફતે ઉપાડી લઈ છેતરપિંડી આચરતા આ બનાવ અંગે આણંદ સાઈબર ક્રાઈમ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

વીરોલ ગામે રહેતા પ્રવિણભાઈ પરસોત્તમભાઈ પટેલ એક હાઈસ્કુલમાં જુનીયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા અને હાલમાં તેઓ નિવૃત્ત જીવન ગુજારે છે. તેઓનું પેન્શન એસબીઆઈ ખાતામાં જમા થાય છે. ગત એપ્રીલ ૨૦૨૩માં અમેરિકા ખાતે ગયા હતા દરમ્યાન તેઓએ નાના ભાઈ જીતેન્દ્રભાઈને પેન્શનની રકમનું બેલેન્સ ચેક કરવા જણાવ્યું હતું. તેઓએ બેલેન્સ ચેક કરતા ઝીરો બતાવતું હતું જેથી તેઓએ પ્રવિણભાઈને અમેરિકા ફોન કરીને આ અંગેની વાત કરતા તેઓએ કોઈપણ રકમ ઉપાડી ન હોવાનું જણાવ્યું હતું. બાદમાં બેંક સ્ટેટમેન્ટ કઢાવતા તા.૨-૯-૨૩ થી તા.૧૪-૯-૨૩ના સમયગાળા દરમ્યાન કોઈ અજાણ્યા ગઠીયાએ તેઓના એકાઉન્ટમાંથી રૂા.૨,૫૧,૧૯૮ જેટલી રકમ યુપીઆઈ મારફતે ઓનલાઈન ઉપાડી લીધી હોવાનું માલૂમ પડયું હતું. ઉલ્લેખનીય છે કે તેઓએ પોતાના એકાઉન્ટ સાથે જે મોબાઈલ લીંક હતો તેને રીચાર્જ ન કરાવતા સર્વિસ પ્રોવાઈડર કંપની દ્વારા આ મોબાઈલ નંબર અન્ય ગ્રાહકને તબદીલ કરી દીધો હતો. પરંતુ બેંકના ખાતામાં ઉક્ત મોબાઈલ ફોન રજીસ્ટર્ડ હોઈ એક્ટીવ બતાવતો હતો. જેથી તેઓએ આ મોબાઈલ ઉપર સંપર્ક કરતા કોઈ અજાણ્યા શખ્સ દ્વારા ફોન રીસીવ થયો હતો પરંતુ પોતાનું નામઠામ ન જણાવતા ફોન કટ કરી દીધો હતો. ત્યાર બાદ વારંવાર ફોન કરવા છતાં શખ્સે ફોન ઉઠાવ્યો ન હતો. જેથી આ જ શખ્સે તેઓના એકાઉન્ટમાંથી ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા રૂપિયા ઉપાડયા હોવાનું લાગતા જીતેન્દ્રભાઈએ આણંદ સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વહેલી સવારે 6.30 થી 9.30 વાગ્યાના સમયગાળા દરમિયાન

## કાળિયાબીડથી ભાંગલી ગેટ વિસ્તારમાં ગેસ ગળતર, લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી



(એજન્સી) ભાવનગર : શહેરના કાળિયાબીડથી ભાંગલી ગેટ વિસ્તારમાં આજે વહેલી સવારે ૬.૩૦થી ૯.૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન ગેસ ગળતરના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી. જેના પરિણામે ફાયર બ્રિગેડ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી), ડ્રેનેજ સહિતની ટીમો દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી.

શહેરના કાળીયાબીડ લખુભા હાલથી વિરાણી સર્કલ, રામ મંત્ર મંદિર, ભાંગલી ગેટ વિસ્તારમાં આજે સવારના ૬.૩૦ થી ૯.૩૦ વાગ્યા દરમિયાન કેમિકલ પ્રદૂષણના કારણે ગેસ ગળતર બનાવ બન્યો હતો. ઘરની બહાર નિકળેલ લોકોને ઉલ્ટી-ઉબકા થવા માંડયા હતા અને શ્વાસ લેવામાં પણ ખૂબ જ તકલીફ પડી હતી. ઘરમાં, દુકાનમાં અને જ્યાં જૂઓ ત્યાં બધે આ ગેસની વાસ બેસી ગયેલ હતી.કોઈ દુકાન કે ઘરના બંધ રૂમ ખોલી અંદર પણ જઈ શકાતું નહોતું એટલી તીવ્ર વાસ બેસી ગઈ હતી. આ વિસ્તારના લોકો માટે જીવનું જોખમ ઊભુ થયું હતું. આ બનાવની જાણ થતા ફાયર બ્રિગેડ, જીપીસીબી, ડ્રેનેજની ટીમ, ગુજરાત ગેસ સવારે લખુભા હાલ વિસ્તાર આવી હતી અને ગેસ વાસની ખાતરી કરેલ હતી. આ બનાવની જાણ થતા વિસ્તારના નગરસેવક પરેશભાઈ પંડયા, મનીષ દૂધરેજિયા, કિસાન મોરચાના વિમલભાઈ મહેતા, પ્રદીપસિંહજી, જીતુભાઈ પંડયા, જગતસિંહ ગોહિલ, હરેશભાઈ વઘાસિયા, બલુભાઈ જાદવ, મનીષભાઈ જાંબુચા સહિતના અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ જીપીસીબીને જાણ કરીને લખુભા હોલ વિસ્તારમાં બોલાવી સમગ્ર ઘટનાની તપાસ કરાવવા અને લોકોના જીવને જોખમમાં નાખનાર આવા ગેરકાયદે કાર્ય કરતા ઈસમોને, કારણની તાત્કાલિક તપાસને રિપોર્ટ બનાવવાની માગ કરી હતી.

કાશ્મીરમાં સ્પેશિયલ ઓપરેશન ગૃપમાં ફરજ બજાવતા

## તળાજાના જવાનને રાષ્ટ્રપતિના હસ્તે વીરતા એવોર્ડ એનાયત થયો

તળાજા : જમ્મુ કાશ્મીરમાં ભારતીય સેનાના સ્પેશિયલ ઓપરેશન ગૃપમાં ફરજ બજાવતા તળાજાના જવાનને રાષ્ટ્રપતિના હસ્તે વીરતા એવોર્ડ એનાયત થયો છે. વર્ષ ૨૦૧૬માં સેનામાં જોડાયેલા તળાજાના મોટા ઘાણા ગામના



યુવાને શ્રીનગર, અનંતનાગ, પુલવામા, બારામુલ્લા સહિતના ડિસ્ટર્બ એરિયા અથવા તો રેડ એલર્ટ એરિયામાં ઓપરેશન દ્વારા ત્રણ વર્ષ દરમિયાન ૨૨ આતંકીઓનો ખાત્મો કર્યો છે. તળાજા તાલુકાના મોટા ઘાણા ગામના ઘનશ્યામ આહીરે રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુના હસ્તે વીરતા એવોર્ડ મળ્યો છે. વીરતા એવોર્ડ મેળવનાર ઘનશ્યામ ભાદરકાએ જણાવ્યું કે, વર્ષ ૨૦૧૬ની સાલમાં સૈન્યમા ભરતી થયા પછી પોતાની કુનેહ, ચપળતા અને હિંમત જોઈને ખાસ આતંકીઓને મોત ને ઘાટ ઉતારવા માટે કામ કરતા સ્પેશિયલ ઓપરેશ ગૃપમાં ઓફર મળી હતી. જેમાં માટે સૌપ્રથમ ઈન્ટરવ્યુ આપ્યા બાદ ફિઝિકલી ટેસ્ટ આપવાની હોય છે. મોતનો જરા પણ ડર ન જોવા મળે તેવી પરિક્ષામાંથી પસાર થવું પડે છે. તે પરીક્ષા ખુબ ઓછા પાસ કરી શકે છે. આ પરિક્ષા પાસ થયા બાદ સ્થાનિક અને બાદ તેમણ ઈઝરાયેલના સ્પેશિયલ ઓપરેશન ગૃપમાં ટ્રેનિંગ લઈને ચાર-પાંચ મહિના ત્યાં કામ કર્યું હતું. જે બાદ વર્ષ ૨૦૧૯થી જમ્મુ-કાશ્મીરમાં સ્પેશિયલ ઓપરેશન ગૃપમાં ફરજ બજાવવવાની તક મળી. ઘનશ્યામ ભાદરકાએ પોતાના અનુભવો શેર કરતા જણાવ્યું કે, વિપરિત સંજોગો અને વાતાવરણમાં ૨૪ કલાક એલર્ટ રહીને કામ કરવાનું હોય છે. મોટાભાગે રાત્રે આતંકીઓના વિસ્તારમાં ઓપરેશન હાથ ધરવાનું હોય છે. ઓપરેશન કેટલા દિવસો ચાલે તે નક્કી હોતું નથી. કલાકોથી લઈ આઠ આઠ દિવસ સુધી ભુખ-તરસ અને જીવની પરવા વિના બરફવર્ષા, બરફના ડુંગર, જંગલ, રહેણાંકી વિસ્તારોમાં ઓપરેશન કરવાનું હોય છે. સામેથી ગોળીઓ વરસાવતા દેશના દુશ્મનોને ક્યારે ઢાળી દઈએ એજ વિચાર મગજમાં ચાલતો હોય છે. તેમણે શ્રીનગર, અનંતનાગ, પુલવામા, બારામુલ્લા સહિતના ડિસ્ટર્બ એરિયા અને રેડ એલર્ટ વિસ્તારોના ઓપરેશનમાં ત્રણ વર્ષ દરમિયાન ૨૨ આતંકીઆનો ખાત્મો કર્યો છે.

શેત્રુંજય તળેટીમાં જય જય આદિનાથનો ગગનભેદી જયઘોષ ગુંજી ઉઠયો

## યાત્રાધામ પાલિતાણામાં પોણા લાખથી વધુ ભાવિકોએ છ ગાઉની યાત્રા કરી પુણ્યનું ભાથુ બાંધ્યુ

પાલિતાણા : સમસ્ત જૈન સંઘના અનન્ય શ્રધ્ધા અને આસ્થાના કેન્દ્ર સમાન યાત્રાધામ પાલિતાણા ખાતે શનિવારે ફાગણ સુદ તેરસના મહિમાવંતા મહાપર્વે છ ગાઉની યાત્રા (ઢેબરીયો મેળો) સુપેરે સંપન્ન થઈ હતી.શેત્રુંજય ગિરિરાજની છ ગાઉની યાત્રા માટે દેશ-વિદેશમાંથી અંદાજે ૭૫ હજારથી વધુ આબાલવૃધ્ધ જૈન તથા જૈનેતર ભાવિકો ઉમટી પડતા પાલિતાણામાં ચોતરફ માનવ મહેરામણના દ્રશ્યો જોવા મળ્યા હતા.આ તકે દેશભરના જૈન સંઘ દ્વારા આ ભાવિકોની સાધર્મિક પાલભકિત કરવામાં આવી હતી.વર્ષ દરમિયાન ફકત એક જ વખત શાશ્વત શેત્રુંજય ગિરિરાજની છ ગાઉની યાત્રા થતી હોવાથી તેનું સમસ્ત જૈન સંઘમાં સવિશેષ મહાત્મ્ય રહેલુ હોય ફાગણ સુદ તેરસની યાત્રા કરવા માટે આ વર્ષે પણ દેશભરમાંથી બહોળી સંખ્યામાં યાત્રિકોની સંખ્યા જણાઈ



હતી.શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટી મનીષભાઈ કનાડીયાના માર્ગદર્શન હેઠળ આ છ ગાઉની યાત્રા નિર્વિઘ્ને પુર્ણ થઈ હતી. યાત્રા દરમિયાન કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ બનવા પામેલ નથી. જય તળેટીથી ગત મધ્યરાત્રિથી જ ભાવીકોની અતિ ભીડના કારણે યાત્રાનો પ્રારંભ કરાયો હતો. વહેલી સવારે રામપોળમાં પણ પ્રવેશ સાથે ભાવિકોની સાદી યાત્રા પૂર્ણ થઈ હતી. ભાવિકો દ્વારા છ ગાઉની યાત્રાનો પ્રારંભ વહેલી સવારથી કરાયો હતો. મોટી ટુંકમાં આદિનાથના દર્શન કરી યાત્રિકોએ વિવિધ ડેરીઓ અને પગલા ખાતે ધાર્મિક વિધિઓ સંપન્ન કરી ચંદન તલાવડીએ ૯ થી ૧૧ લોગ્સ્સનો કાઉસગ્ગ કયો હતો.ત્યાંથી આગળ ભાંડવા ડુંગર પર શ્રીકૃષ્ણના પુત્ર શાંમ્બ અને પ્રદ્યુમન સાડા આઠ કરોડ મુનીઓ સાથે મોક્ષ પામ્યા હતા. તેથી આ ફાગણ સુદ તેરસની યાત્રાનું અનન્ય મહત્વ રહેલુ છે. ત્યાં ભાંડવા ડુંગર પર શામ્બ અને પ્રદ્યુમ્નની ડેરીએ ચૈત્યવંદન કરી સિધ્ધવડ ખાતે યાત્રા પુર્ણ કરી હતી.

## મહુધાના ભુમસ પાસે 2 બાઈકો વચ્ચે અકસ્માતમાં યુવાનનું મોત

મહુધા : મહુધાના ભુમસ ગામ પાસે બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાતા ૧૯ વર્ષના યુવાનું મોત નિપજ્યું છે. જ્યારે એક સગીર અને બે આધેડો સહિત ત્રણ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત બનતા તેમને મહુધા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા છે. ઘટનાને પગલે મહુધા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મહુધા તાલુકાના ભુમસ ગામ નજીક બે મોટરસાયકલ વચ્ચે અકસ્માત સર્જાતા એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. જ્યારે ત્રણ વ્યક્તિને ઈજા પહોંચી હતી. ઘટનાને પગલે આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા ૧૦૮ની ટીમ સ્થળે દોડી આવી હતી. હાલ ત્રણ વ્યક્તિઓને સારવાર માટે મહુધાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ડાકોર પદયાત્રાના સમયે થયેલા અકસ્માતમાં




અમિતભાઈ દિનેશભાઈ પરમાર (ઉં.વ.૧૯) રહે. ભુમસનું મોત નિપજ્યું હતું. જયારે ત્રણ વ્યક્તિને ઈજા પહોંચી છે. જેમાં બુધાભાઈ પુંજાભાઈ પરમાર (ઉં.વ.૫૫) રહે. સિહુજ, મેહુલભાઈ રાજેશભાઈ સોઢા પરમાર (ઉં.વ.૧૨) રહે. સિહુજ તથા રાજેશભાઈ મોહનભાઈ સોઢા પરમાર (ઉં.વ. ૫૭) રહે. સિહુજવાળા હાલ આ ત્રણ વ્યક્તિની સારવાર મહુધાની સરકારી હોસ્પિટલ ખાતે ચાલી રહી છે. મહુધા પોલીસ અકસ્માતના પગલે દોડી જઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હોળી-ધૂળેટી પર્વે બજારમાં ભીડ વધુ રહે છે તેની વચ્ચે

## તળાજામાં મનસ્વી રીતે વાહન પાર્કિંગના કારણે સર્જાતા ટ્રાફિકથી લોકોને હાલાકી

(એજન્સી) (એજન્સી) તળાજા : હોળી-ધુળેટીના પર્વ પર તળાજામાં આજુબાજનું ગામડાઓમાંથી તથા સ્થાનિક લોકો ખરીદી કરવા માટે ઉમટી પડતા હોવાથી મુખ્ય બજારમાં લોકોની ભીડ રહે છે. તેની વચ્ચે શહેરના જાહેર માર્ગો પર મનસ્વી રીતે કરવામાં આવતા વાહન પાર્કિંગના કારણે સર્જાતા ટ્રાફિકથી લોકોને ભારે હાલાકી પડી રહી છે. શહેરના મોટા ભાગના રસ્તાઓ પહોળા છે પરંતુ મનસ્વી રીતે થતાં પાર્કિંગથી ટ્રાફિક સમસ્યા સર્જાય છે.



તળાજા શહેરના મુખ્ય જાહેર માર્ગો ઘણા જ પહોળા હોવા છતાં દિવસ દરમિયાન તળાજાના રસ્તાઓમાં ખૂબ ગીચતા લાગે છે. તળાજાની મુખ્ય બજારમાં વાહનધારકો મનસ્વી રીતે વાહનો પાર્ક કરી દે છે અને તેના કારણે ટ્રાફિક સર્જાય છે. એક તો તળાજામાં શાક માર્કેટનો ટ્રાફિકનો પ્રશ્ન સતત સળગતો રહે છે તેની વચ્ચે હવે તહેવારોને અનુલક્ષીને માણસોની વધુ અવર-જવર તો બીજી તરફ રોડ પર મન ફાવે તેટલો દુકાન હોવા છતાંય સામાન બહાર રાખવાના વેપારીઓના વલણને લઈ તળાજામા કુત્રિમ રીતે ટ્રાફિક સમસ્યા સર્જાય છે અને તેના લીધે તળાજામાં ઉઠાવગીર ચોર ટોળકીને ચોરીનો મોકો મળે છે. તળાજામાં ખાસ કરીને બગીચાથી વાવચોક, બાપા ચોકથી મહાકાળી મંદિર સુધી અને શાક માર્કેટ, તળાવ વિસ્તારમાં મન ફાવે તે રીતે વાહનો મનસ્વી રીતે પાર્ક કરવામાં આવે છે. હોમગાર્ડ અને ટ્રાફિક બ્રિગેડના જવાનો ફરજ પર જોવા મળે છે. પરંતુ તેઓને અમુક વાહનધારકો તથા શાક માર્કેટ ના થડા વાળા જેઓની પાસે દુકાનો હોવા છતાંય અડધા થી વધુ રસ્તો દબાવી દયે છે એ ગાંઠતા નથી! હોળી ધુળેટી-પર્વને લઈ ઘરાકી અને બીજી તરફ લારીઓ અને બહાર કાઢવામાં આવેલ થડા ના કારણે સર્જાતી ગીચતાથી રાહદારીને હાલાકી પડી રહી છે.

**ગાંધીનગર જિલ્લામાં ક્ષયના ચાર વર્ષમાં 12 હજારથી વધુ દર્દી મળ્યાં |** ગાંધીનગર : ગુજરાત અને ભારતને ક્ષયમુક્ત કરવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. જેના માટે વધુમાં વધુ ક્ષયરોગના દર્દીઓ શોધવા માટે ગ્રામ્યવિસ્તારમાં જઇને ટેસ્ટીંગ વધારી દેવામાં આવ્યું છે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કુલ ૧૨ હજારથી પણ વધુ દર્દીઓ ક્ષયના મળી આવ્યા છે. આ રોગ ચેપી હોવાને કારણે તેના દર્દીને ખાસ કાળજી લેવી પડે છે.વિશ્વ આરોગ્ય સંસ્થાનું માનીએ તો, જર્મન વૈજ્ઞાનિક ડો.રોબર્ટ કોકેએ તા.૨૪ માર્ચ ૧૮૮૮ના રોજ ટ્યુબરક્યુલોસીસી બેસીલાઇની શોધ કરી આ શોધની યાદમાં ૨૪મી માર્ચને વિશ્વ ટીબી દિવસ તરીકે મનાવવામાં આવે છે. આ રોગ જંતુજન્ય અને ચેપી છે.ટીબી મોટે ભાગે ગરીબ, કુપોષિત, એચઆઇવીગ્રસ્ત દર્દી, ડાયાબીટીસના દર્દી, બાળકો, સ્ત્રીઓ, કેદી, ઘરડા માણસ, ડ્રગ યુઝર ,રેફ્યુજીસ, માઇગ્રેટેડ, તમાકું અને આલ્કોહોલનું સેવન કરનારા વ્યક્તિઓને ખાસ થતો હોય છે. ટીબી થયું હોય તે દર્દી મારફતે તેનો જીવાણું અન્ય વ્યક્તિઓને પણ ફેલાઇ શકે છે. એક સંસોધન પ્રમાણે, ભારતમાં દરરોજ ૪૦ હજાર વ્યક્તિઓને ટીબીનો ચેપ લાગે છે. રોજ પાંચ હજાર ટીબીના નવા કેસ પેદા થાય છે.

**વિરપુર ગામના તળાવમાં નહાવા પડેલા 3 યુવકોના ડૂબી જતા મોત |** વિરપુર : મહિસાગર જિલ્લાના વિરપુરના તળાવમાં ધાવડિયા ગામના ત્રણ યુવાનો નહાવા પડયા હતા ત્યારે ત્રણેય યુવાનના ડૂબી જવાથી મોત નિપજ્યા હતા. ઘટનાની જાણ થતા પોલીસ સહિતનો કાફળો સ્થળે પહોંચ્યો હતો. ત્રણેય યુવકોના મૃતદેહ મળતા આક્રંદ સાથે પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. પોલીસે મૃતદેહને પીએમ માટે મોકલ્યા બાદ પરિવારને સોંપતી વેળાએ વાતાવરણમાં ભારે ગમગીની છવાઇ ગઇ હતી. તહેવાર પૂર્વે જ ત્રણ જુવાનજોત યુવાનોના અચાનક જતા રહેવાથી પરિવારો વિલાપમાં સરકી ગયો હતો. હોળી પર્વના પૂર્વ દિવસ શનિવારે અસહ્ય ઉનાળો શરૂ થઇ ગયો હોય તેમ ગરમી વર્તાઇ હતી. ત્યારે વિરપુર તાલુકાના ધાવડિયા ગામના ત્રણ સગીરો જયેશકુમાર બાલાભાઇ સોલંકી આશરે (ઉં.વ. આશરે ૧૫), રવિન્દ્રકુમાર રમણભાઇ સોલંકી (ઉં.વ ૧૬) અને નરેશકુમાર બાબુભાઇ સોલંકી (ઉં.વ ૧૬) વિરપુર ખાતે આવેલા અણસોલિયા તળાવમાં નહાવા માટે પડયા હતા. ત્યારે અચાનક તળાવમાં ગરકાવ થઈ જવાથી આ ત્રણેય સગીરોના મોત નિપજ્યા હતા. ત્રણેય યુવકોના મોત થયાની ઘટનાની જાણ થતા વિરપુર પોલીસ અને મામલતદાર સ્થળ પર દોડી આવ્યા હતા.

સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ચૂંટણીમાં રેકોર્ડબ્રેક મતદાન બાદ મત ગણતરી

## મહાજનનો મહાજંગ : 71.45 ટકા મતદાન, પ્રમુખપદે ગોરસિયા વિજયી

(એજન્સી)ભાવનગર :

સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વર્ષ ૨૦૨૪-૨૬ના હોદ્દેદારોની વરણી માટે યોજાયેલી ચૂંટણીમાં રેકોર્ડબ્રેક ૭૧.૪૫ ટકા મતદાન નોંધાયું હતું. શહેરના મોટા ઉદ્યોગપતિઓ સહિત ૭૩૬ મતદારોએ મતદાન કર્યું હતું. મતદાન સંપન્ન થયા બાદ મત ગણતરી યોજાઈ હતી. જેમાં પ્રમુખપદ માટે રસાકસીભર્યા જંગમાં વર્તમાન ઉપપ્રમુખ પ્રકાશભાઈ ગોરસિયાનો વિજય થયો હતો. જ્યારે પૂર્વ મેયર અને પૂર્વ ચેમ્બર પ્રમુખ મેહુલભાઈ વડોદરિયાનો પરાજય થયો હતો. મેનેજિંગ કમિટીના ૩૦ સભ્યો માટે મોડે સુધી મત ગણતરી ચાલી હતી. મહાજનના આ મહાજંગ માટે સૌરાષ્ટ્ર ચેમ્બરના હોલમાં આજે સવારે ૯ વાગ્યાના ટકારે મતદાનનો પ્રારંભ થયો હતો. સવારે ૯થી સાંજે ૫ વાગ્યા સુધીના મતદાનના સમયમાં મતદારોનો સતત પ્રવાહ વહેતો રહ્યો હતો. પરંતુ સવારે ૧૦.૩૦થી ૧૧.૩૦ વાગ્યાના એક કલાક દરમિયાન તથા ઢળતી બપોરે ૪.૩૦થી ૫ કલાક વચ્ચેના સમયગાળામાં મતદારોનો પ્રવાહ વધુ રહ્યો હતો. ચેમ્બરમાં નોંધાયેલા કુલ ૧,૦૩૦ મતદારોમાંથી ૭૩૬ મતદારોએ મતદાન કરતા ૭૧.૪૫ ટકા રેકોર્ડબ્રેક મતદાન નોંધાયું હતું. મતદાન સંપન્ન થયા બાદ મત ગણતરી હાથ ધરાઈ હતી. જેમાં ચેમ્બરના વર્તમાન ઉપપ્રમુખ પ્રકાશભાઈ ગોરસિયાનો વિજય થયો હતો. જ્યારે પૂર્વ પ્રમુખ અને પૂર્વ મેયર મેહુલભાઈ વડોદરિયાનો પરાજય થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉપપ્રમુખપદ માટે અગાઉ જ તેજસભાઈ શેઠ બિનહરિફ થઈ ચૂક્યા છે. જ્યારે મેનેજિંગ કમિટીના ૩૦ સભ્યોની સામે ૩૨ ઉમેદવાર હોવાથી મત ગણતરી મોડે સુધી ચાલી હતી. જોકે, મેનેજિંગ કમિટી માટે ફોર્મ ભરનાર ૨ ઉમેદવારે ઉમેદવારી પરત ખેંચ્યાનું પછીથી જાહેર કર્યું હતું. પરંતુ ત્યારે ઉમેદવારી પરત ખેંચવાની સમયમર્યાદા ઓલરેડી વીતી ગઈ હોવાથી તેઓના નામ તો મત પત્રકમાં રહ્યા જ હતા. આથી ૩૨ ઉમેદવારના નામનું બેલેટ પેપર હતું. અને મતદારોએ ૧ મત પ્રમુખપદના ઉમેદવારને ૩૦ મત મેનેજિંગ કમિટીના સભ્યોને આપવાના હોવાથી કુલ ૩૧ મત આપવાના હતા. સૌરાષ્ટ્ર ચેમ્બરમાં ચૂંટણીની નોબત આવી હોય એવું ઈ.સ. ૧૯૯૦ પછી ત્રણેક વખત જ બન્યું હોવાનું જાણકાર સૂત્રોનું કહેવું હતું. જાણવા મળ્યા પ્રમાણે વર્ષ ૨૦૧૪માં છેલ્લે જ્યારે ચૂંટણી યોજાઈ ત્યારે ૬૦થી ૬૫ ટકા જેવું મતદાન રહ્યું હતું. જ્યારે આજે ૭૧.૪૫ ટકા જેવું નવીનતમ કીર્તિમાન સ્થાપિત કરતું મતદાન નોંધાયું હતું.

વરતેજ જીઆઈડીસીમાંથી જ્વલનશીલ પ્રવાહી ભરીને અલંગના હર્ષ ટ્રેડર્સમાં ખાલી કરવાનું હતું

## અલંગ-ત્રાપજ રોડ પર જ્વલનશીલ પ્રવાહીનો જથ્થો ભરેલું ટેન્કર પકડાયું

ભાવનગર : અલંગ-ત્રાપજ રોડથી લોકલ ક્રાઈમ બ્રાન્ચે જ્વલનશીલ પ્રવાહી ભરેલું ટેન્કર ઝડપી લીધા બાદ અલંગની હર્ષ ટ્રેડર્સમાંથી જીપીસીબીના અધિકારીઓને સાથે રાખી જ્વલનશીલ પ્રવાહીનો વધુ જથ્થો ઝડપી લીધો હતો.પ્રાપ્ત માહિત્ અનુસાર તળાજા તાલુકાના અલંગ-ત્રાપજ રોડ પર અલંગ પોલીસ સ્ટેશન નજીકથી ત્રાપજ તરફથી એક શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહી અથવા હેઝાર્ડસ વેસ્ટ પ્રવાહી ભરેલ ટેન્કર પસાર થવાનું હોવાની બાતમીના આધારે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે અલંગ-ત્રાપજ રોડ પર વોચ ગોઠવી અહીંથી પસાર થઈ રહેલ ટેન્કર



નં.જીજે.૦૯.એયુ.૧૩૪૫ને અટકાવી તપાસ કરતા ટેન્કરમાંથી જ્વલનશીલ પ્રવાહીનો જથ્થો મળી આવ્યો હતો. જેથી એલસીબીએ ટેન્કરના ચાલક સાદિકઅલી આફતાબઅલી નકવીની પૂછપરછ કરતા આ જ્વલનશીલ પ્રવાહી વરતેજ જી.આઈ.ડી.સી.ના પ્લોટ નં.૪૮/૪૮/ ૫૦/૫૩માં આવેલ ગુજરાત પેટ્રો કેમીકલ્સમાંથી ભરીને અલંગના શ્રીજી સ્ક્રેપ યાર્ડમાં આવેલ હર્ષ ટ્રેડર્સમાં ખાલી કરવા જતો હોવાની કબૂલાત આપી હતી.જેના આધારે એલસીબીએ ગુજરાત પ્રદૂષણ કંટ્રોલ બોર્ડના અધિકારીઓને સાથે રાખી હર્ષ ટ્રેડર્સમાં તપાસ કરતા ટેન્કરમાંથી મળી આવેલો જ્વલનશીલ પ્રવાહી જેવો જ જથ્થો ત્યાંથી ઝડપાયો હતો. જેથી એલસીબીએ જ્વલનશીલ પ્રવાહીનો જથ્થો, ટેન્કર મળી કુલ રૂા.૩૬,૯૩,૧૦૦નો મુદ્દામાલ કબજે કરી ટેન્કરચાલક સાદિકઅલી આફતાબઅલી નકવી અને હાજર મળી આવેલા હર્ષ ટ્રેડર્સનો માલિક હર્ષદ જગન્નાથભાઈ જાદવ નામના શખ્સો સામે અલંગ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ દાખલ કરાવી આગળની તપાસ હાથ ધરી છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે. જૂના ઝઘડા અને પરેશાનીઓથી છૂટકારો મેળવો.

**વૃષભ (બ,વ,ઉ)**
ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે.

**મિથુન (ક,છ,ઘ)**
ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ રાહત મળશે.

**કર્ક (ડ,હ)**
આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો. તમે કોઈ બાબતમાં ચિંતિત રહી શકો છો.

**સિંહ (મ,ટ)**
આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય.

**કન્યા (પ,ઠ,ણ)**
આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.

**તુલા (ર,ત)**
આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છે.

**વૃશ્ચિક (ન,ય)**
આજે તમારો મૂડ બગાડી શકે છે અને તમે ગુસ્સે થઈ શકો છો. વિશિષ્ટ ધૈર્ય રાખો કારણકે ઉતાવળમાં કરવામાં આવેલા કામથી નુકસાન થઈ શકે છે. તમારા સુખમાં વધારો થશે.

**ધન (ભ,ધ,ફ)**
તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો. થોડા સમય પછી તમને વધુ સારી ડીલ મળશે.

**મકર (ખ,જ)**
આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.

**કુંભ (ગ,શ,સ)**
ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે, રોજિંદા કામમાં નિરાશ ના થાઓ.

**મીન (દ,ચ,ઝ,થ)**
આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી.

# સેન્સેક્સ 30માંની માત્ર આઠ કંપનીઓ જ ઈલેક્ટોરલ બોન્ડની ખરીદદાર

(એજન્સી) મુંબઈ : બીએસઈ સેન્સેક્સ ઘટકમાંની ૩૦માંથી માત્ર આઠ કંપનીઓએ છેલ્લા પાંચ વર્ષના તેમના વાર્ષિક રિપોર્ટસમાંથી કોઈ એક વર્ષમાં ઈલેકટરોલ બોન્ડસની ખરીદી અથવા રાજકીય પક્ષોને નાણાંકીય ભંડોળ પૂરું પાડયું હોવાની માહિતી પૂરી પાડી છે.છેલ્લા પાંચ વર્ષમાં આ કંપનીઓએ રાજકીય ભંડોળ પેટે એકંદરે રૂપિયા ૬૨૮ કરોડનો ખર્ચ કર્યો હોવાનું તેમના વાર્ષિક રિપોર્ટસ પરથી જણાય છે. પ્રાપ્ત આંકડા પર નજર નાખીએ તો એક જાણીતી ટેલિકોમ કંપનીએ ૨૪૧ કરોડ સાથે સૌથી વધુ ભંડોળ આપ્યું છે જ્યારે રૂપિયા ૧૭૫ કરોડ સાથે એક સ્ટીલ કંપનીનો સમાવેશ થાય છે. આઠમાંથી કોઈ કંપનીએ એક વખત તો કોઈકે પાંચે પાંચ વર્ષમાં ઈલેકટોરલ બોન્ડસની ખરીદી કરી છે. એક રિસર્ચ પેઢીના રિપોર્ટ પ્રમાણે એક કંપનીએ પાંચ વખત જ્યારે પાંચ કંપનીઓએ માત્ર એક વર્ષ જ ભંડોળ પૂરું પાડયું છે જ્યારે અન્ય બે કંપનીઓએ બે વર્ષ



પાંચ વર્ષમાં લિસ્ટેડ કંપનીઓ દ્વારા રાજકીય ભંડોળ પેટે એકંદરે રૂપિયા ૬૨૮ કરોડનો ખર્ચ

ઈલેકટોરલ બોન્ડસની ખરીદી કરી છે. બોન્ડસ ખરીદ કરનારી કંપનીઓમાં ભારતી એરટેલ, અલ્ટ્રાટેક સિમેન્ટ, મારૂતિ, બજાજ ફાઈ. , ટેક મહિન્દ્રાનો સમાવેશ થાય છે. દરમિયાન અન્ય એક અહેવાલ પ્રમાણે ૩૩ જેટલી કંપનીઓ દ્વારા ખરીદવામાં આવેલા રૂપિયા ૯.૬૦ કરોડના બોન્ડસની મુદત પૂરી થઈ ગઈ હતી. જે રાજકીય પક્ષોને આ બોન્ડસ પૂરા પડાયા હતા તેમણે તેને સમયની અંદર એન્કેશ્ડ ન કરાવતા આ બોન્ડસ રદ થઈ ગયા હતા. બોન્ડસ જારી કરાયાના તારીખથી પંદર દિવસની અંદર તેને એન્કેશ્ડ કરવાના રહે છે.

### વર્ષ 2023માં વૈશ્વિક વેપારમાં 3 ટકાનો ઘટાડો

# ભૌગોલિક અને રાજકીય અનિશ્ચિતતાઓ વચ્ચે 2024માં વૈશ્વિક વેપારમાં સુધારાની શક્યતા

(એજન્સી)નવી દિલ્હી : છેલ્લા એક વર્ષથી આંતરરાષ્ટ્રીય વેપારમાં મંદી પછી, ૨૦૨૪માં પરિસ્થિતિમાં સુધારો થવાની ધારણા છે, જોકે ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા સંબંધિત ચિંતાઓ યથાવત છે તેમ યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (અંકટાડ) એ તેના તાજેતરના વૈશ્વિક વેપાર અહેવાલમાં જણાવ્યું હતું. આ માહિતી આપતાં અંકટાડે ચેતવણી આપી છે કે રાતા અને કાળા સમુદ્ર અને પનામામાંથી પસાર થતા માલવાહક જહાજોની અવરજવરમાં વિક્ષેપને કારણે સર્જાયેલી લોજિસ્ટિક્સ સંબંધિત પડકારો ચિંતાનો વિષય છે. તેઓ આશાવાદી દ્રશ્યને વિક્ષેપિત કરી શકે છે. આ પડકારો ખર્ચમાં વધારો કરી શકે છે અને સપ્લાય ચેઈનમાં વિક્ષેપ પેદા કરી શકે છે. એકંદરે, વૈશ્વિક સ્તરે ફુગાવામાં નરમાઈ અને આર્થિક વૃદ્ધિની આગાહીમાં સુધારો નીચે તરફના વલણમાં ફેરફાર સૂચવે છે. ઉપરાંત, પર્યાવરણની સુધારણા માટેની ઉભરતી માંગને કારણે ૨૦૨૪માં બિઝનેસને વેગ મળશે. જો કે, એ નોંધવું અગત્યનું છે કે ૨૦૨૪ માં વૈશ્વિક વેપારની સ્થિતિ કેટલીક નોંધપાત્ર અનિશ્ચિતતાઓ સાથે સંકળાયેલી છે.

વર્ષ ૨૦૨૩માં વૈશ્વિક વેપારમાં ૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જે લગભગ ૧ ટ્રિલિયન ડોલરની બરાબર છે. એક વર્ષ પહેલા ૩૨ ટ્રિલિયન ડોલરનું રેકોર્ડ ટર્નઓવર હતું. ૨૦૨૩માં, સર્વિસ સેક્ટરમાં પાછલા વર્ષની સરખામણીમાં ૮ ટકાનો વધારો થયો હતો, જ્યારે ૨૦૨૨ની સરખામણીમાં માલસામાનના વેપારમાં ૫ ટકાનો ઘટાડો થયો હતો.ત્રિમાસિક ડેટા ચીન અને ભારત સહિત કેટલીક મોટી અર્થવ્યવસ્થાઓમાં વૃદ્ધિ દર્શાવે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, એકંદરે વાર્ષિક અને ત્રિમાસિક ડેટા દર્શાવે છે કે કેટલીક અર્થવ્યવસ્થાઓમાં નોંધપાત્ર સુધારો થયો છે. જો કે, ૨૦૨૩ના એકંદર આંકડા નકારાત્મક રહ્યા છે. ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ૨૦૨૩ ના છેલ્લા ત્રિમાસિક ગાળામાં ભારતના વ્યાપારી વેપારમાં ૫ ટકાનો વધારો થયો છે. જોકે, વાષક ધોરણે નિકાસ વૃદ્ધિમાં ૬ ટકાનો ઘટાડો થયો છે. ૨૦૨૩ ના છેલ્લા ક્વાર્ટરમાં સેવાઓની નિકાસ ગયા વર્ષના સમાન સમયગાળાની જેમ જ રહી. તે જ સમયે, સમગ્ર વર્ષ ૨૦૨૩માં ભારતમાંથી સેવાઓની નિકાસમાં ૧૪ ટકાનો વધારો થયો છે.



# 31 માર્ચ બાદ પણ ડુંગળીની નિકાસ શક્ય નહીં, સરકારે પ્રતિબંધને અનિશ્ચિતકાળ માટે લંબાવ્યો

(એજન્સી) અમદાવાદ : ભાવમાં ઘટાડાને પગલે ડુંગળીની નિકાસ પર લાદવામાં આવેલ પ્રતિબંધ હટવાની સંભાવના વચ્ચે સરકારે એક મોટો નિર્ણય લીધો છે. નિકાસ પર પ્રતિબંધ લાદવામાં આવ્યા બાદ અને આ સિઝનના પાકનો સપ્લાય શરૂ થયો ત્યારથી સ્થાનિક બજારોમાં ડુંગળીના ભાવ લગભગ અડધા થઈ ગયા હોવાથી વેપારીઓ દ્વારા ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવાની અપેક્ષા સેવાઈ રહી હતી પરંતુ ભારત સરકારે લોકસભાની સામાન્ય ચૂંટણી પહેલા ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ અનિશ્ચિત સમય માટે લંબાવ્યો છે. સરકારે ડિસેમ્બર 2023માં ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ લાદ્યો હતો, જે 31 માર્ચે સમાપ્ત થવાનો હતો.



ડિસેમ્બરમાં મહારાષ્ટ્રના કેટલાક જથ્થાબંધ બજારોમાં ડુંગળીની કિંમત 4500 રૂપિયા પ્રતિ 100 કિલો હતી, જે હવે ઘટીને 1200 રૂપિયા પ્રતિ 100 કિલો થઈ ગઈ છે પરંતુ સરકારે આદેશ જારી કર્યો છે કે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ આગામી નવા આદેશો સુધી ચાલુ રહેશે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા આ અંગેનો આદેશ જારી કરવામાં આવ્યો છે. ડીજીએફટી વાણિજ્ય મંત્રાલય હેઠળ આવે છે અને આયાત-નિકાસ સંબંધિત મુદ્દાઓનું ધ્યાન રાખે છે.

રોઈટર્સના અહેવાલ મુજબ સ્થાનિક ઉત્પાદનમાં ઘટાડાને પગલે બાંગ્લાદેશ, મલેશિયા, નેપાળ અને સંયુક્ત આરબ અમીરાત જેવા દેશો ડુંગળીના સપ્લાયના સંદર્ભમાં ભારતથી આયાત પર નિર્ભર છે. ભારતના ડુંગળીની નિકાસ પરના પ્રતિબંધને પગલે આમાંના ઘણા દેશો ડુંગળીના ઊંચા ભાવ સાથે સંઘર્ષ કરી રહ્યા છે.નાણાકીય વર્ષ 2023-24માં ડુંગળીના ઉત્પાદનમાં ઘટાડો થવાનો

# ક્રેડિટ કાર્ડ ધારકોને RBIની મોટી રાહત, હવે યુઝર્સ ઈચ્છા મુજબ બિલની ડ્યુ ડેટ બદલી શકશે

### આરબીઆઈએ ક્રેડિટ કાર્ડ ધારકોને ઓછામાં ઓછા એક વાર બિલિંગ સર્કલ અથવા ડ્યૂ ડેટ બદલવાનો વિકલ્પ આપ્યો

(એજન્સી) નવી દિલ્હી : રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ક્રેડિટ કાર્ડ યુઝર્સને મોટી રાહત આપી છે, જે અંતર્ગત ક્રેડિટ કાર્ડ સંબંધિત નિયમોમાં મોટા ફેરફારો કર્યા છે. આરબીઆઈએ ક્રેડિટ કાર્ડને લઈને બેંકો અને ફાઈનાન્સ કંપનીઓની મનમાની સમાપ્ત કરવા તૈયારી કરી છે. નવા નિયમ મુજબ હવે ગ્રાહકો પાસે તેમની પસંદગીનું ક્રેડિટ કાર્ડ પસંદ કરવાનો વિકલ્પ હશે. યુઝર્સ તેમની સુવિધા અનુસાર બિલિંગ ચક્ર પણ પસંદ કરી શકશે. નવા નિયમમાં ગ્રાહકો તેમના ક્રેડિટ કાર્ડના બિલિંગ અથવા સ્ટેટમેન્ટની તારીખ તેમની સુવિધા અનુસાર સરળતાથી બદલી શકશે. આ નિયમ 7 માર્ચ, 2024થી લાગુ કરવામાં આવ્યો છે.




આરબીઆઈએ ક્રેડિટ કાર્ડ ધારકોને ઓછામાં ઓછા એક વાર બિલિંગ સર્કલ અથવા ડ્યૂ ડેટ બદલવાનો વિકલ્પ આપ્યો છે. આ એક એવી સુવિધા છે, જેના હેઠળ જો તમે ડ્યૂ ડેટ પર તમારી પાસે પૈસા ન હોય તો, તમે ક્રેડિટ કાર્ડ બિલિંગ સર્કલને બદલી શકો છો. તમે તમારી અનુકૂળતા અને રોકડ પ્રવાહ અનુસાર ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટની તારીખ નક્કી કરી શકો છો. અને ક્રેડિટ કાર્ડમાં વ્યાજમુક્ત સમયગાળાને વધારી શકો છો.ક્રેડિટ કાર્ડના બિલિંગ સર્કલ અથવા ડ્યૂ ડેટ બદલવા માટે તમારી બેંકના ઓનલાઈન પોર્ટલ પર જઈને સરળતાથી બદલી શકો છો. આ સિવાય તમે ગ્રાહક સુવિધા કેન્દ્ર, ઈમેલ આઈડી, ઈન્ટરેક્ટિવ વોયસ રિસ્પોંસ (IVR), ઈન્ટરનેટ બેંકિંગ, મોબાઈલ એપ તેમજ કોઈ અન્ય મોડનો ઉપયોગ કરી શકો છો. સેન્ટ્રલ બેંકે બેંકો અને ફાઈનાન્સ કંપનીઓની એવું પણ કહ્યું છે કે, ગ્રાહકોને જારી કરવામાં આવેલા ક્રેડિટ કાર્ડ માટે કોઈ પણ નેટવર્ક પસંદ કરવાનો અધિકાર આપો. તેનો મતલબ એવો થયો કે, તમે ડ્યૂ ડેટ બદલવાની સાથે સાથે ક્રેડિટ કાર્ડ માટે તમારી સુવિધા પ્રમાણે કોઈ પણ નેટવર્ક પસંદ કરી શકો છો.

**રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ક્રેડિટ કાર્ડ યુઝર્સને મોટી રાહત આપી છે**

# પોલિસીધારકોને રાહત : વીમા સંબંધિત સમસ્યાઓનો એક જ જગ્યાએ ઉકેલ

નવી દિલ્હી : હવેથી, દરેક વીમા કંપનીની વેબસાઈટ અથવા કંપનીના એજન્ટોનો સંપર્ક કરવો એ લોકો માટે વીમો ખરીદવાનો એકમાત્ર રસ્તો નથી. બીમા સુગમ દ્વારા, એક વીમા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ થશે જ્યાં તમામ વીમા કંપનીઓ વિશેની માહિતી એક પ્લેટફોર્મ પર ઉપલબ્ધ હશે.ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરના બોર્ડે 'બીમા સુગમ' પ્લેટફોર્મને મંજૂરી આપી છે, જ્યાં પોલિસીધારકો પ્રીમિયમની તુલના કરી શકે છે અને વીમા ઉત્પાદનોની સંપૂર્ણ શ્રેણી જોઈ શકે છે અને તેમની જરૂરિયાત મુજબ ખરીદી કરી શકે છે.આ પ્લેટફોર્મ જીવન, આરોગ્ય અને સામાન્ય વીમા શ્રેણીઓમાં વીમાની યાદી આપવા માટે તૈયાર છે. આ વખતે ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ઈરડાઈ)એ તેના નિવેદનમાં જણાવ્યું હતું કે, આ માર્કેટ પ્લેસ ગ્રાહકો, વીમા કંપનીઓ, મધ્યસ્થીઓ અને એજન્ટો સહિત તમામ વીમા હિસ્સેદારો માટે વન-સ્ટોપ સોલ્યુશન તરીકે કામ કરે છે, જેનાથી વીમા પૉલિસી સેવાઓમાં પારદર્શિતા અને સહયોગને પ્રોત્સાહન મળે છે.'અગાઉ ઈરડાઈએ બીમા સુગમને વીમા ઉદ્યોગ માટે યુપીઆઈ સિસ્ટમ જેવું ગણાવ્યું હતું. ફેબ્રુઆરીમાં બહાર પાડવામાં આવેલા ડ્રાફ્ટ નિયમોમાં, કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ રચાયેલ બીમા સુગમને બિન-લાભકારી એન્ટિટી તરીકે નોંધવામાં આવી હતી જ્યાં પ્લેટફોર્મની સેવાઓનો લાભ લેવા માટે ગ્રાહકો પાસેથી શુલ્ક લેવામાં આવશે નહીં.બીમા સુગમના બોર્ડમાં કંપનીના પોતાના ચેરમેન અને સીઈઓ અને ઈરડાઈના બે નોમિનીનો સમાવેશ થશે, જેમની નિમણૂક ઈરડાઈ સાથે પરામર્શ બાદ કરવામાં આવશે. બોર્ડે વિદેશી રિઈશ્યોરન્સ શાખાઓની નોંધણી અને સંચાલનને લગતા નિયમોને પણ અંતિમ સ્વરૂપ આપ્યું છે.

# બીએસઈ, એનએસઈ 28, માર્ચથી T+0 સેટલમેન્ટનો અમલ શરૂ કરશે

### સેટલમેન્ટ હેઠળ શેરોના ટ્રેડીંગ ભાવોને ઈન્ડેક્સની ગણતરીમાં અને સેટલમેન્ટ ભાવ ગણતરીમાં ધ્યાનમાં લેવાશે નહીં

(એજન્સી) મુંબઈ : શેરબજારો બીએસઈ અને એનએસઈ ૨૮, માર્ચ ૨૦૨૪થી મર્યાદિત સંખ્યામાં સિક્યુરિટીઝમાં ટી પ્લસ શૂન્ય (T+0) ટ્રેડ સેટલમેન્ટ શરૂ કરશે. આ સેટલમેન્ટનો સમય સત્ર સવારે ૯:૧૫ વાગ્યાથી બપોરે ૧:૩૦ વાગ્યા સુધીનો રહેશે. આ ટી પ્લસ શૂન્ય સેટલમેન્ટમાં ટ્રાન્ઝેકશન ચાર્જિસ, સિક્યુરિટીઝ ટ્રાન્ઝેકશન ટેક્ષ વગેરે તમામ ચાર્જિસ અને ફીઝ અત્યારે ટી પ્લસ વન સેટલમેન્ટમાં સિક્યુરિટીઝ માટે લાગુ છે એ જ લાગુ રહેશે. એવું એક્સચેન્જોએ જણાવ્યું છે. ૨૧, માર્ચના સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ ટી પ્લસ વન સેટલમેન્ટ સાઈકલ ઉપરાંત હવે વૈકલ્પિક ધોરણે ટી પ્લસ શૂન્ય એટલે




કે ટ્રેડીંગના દિવસે જ સેટલમેન્ટના બીટા વર્ઝનને અમલી બનાવવા માળખું-ફ્રેમવર્ક જારી કર્યું હતું.

આ બીટા વર્ઝન ટી પ્લસ શૂન્ય સેટલમેન્ટ અત્યારે મર્યાદિત ૨૫ સ્ક્રિપો અને અમુક બ્રોકરો પૂરતું મર્યાદિત રહેશે એવું સેબીએ જણાવ્યું હતું. ટી પ્લસ શૂન્ય સેગ્મેન્ટમાં ભાવ રેગ્યુલર ટી પ્લસ માર્કેટમાં ભાવથી ૧૦૦ બેઝિઝ પોઈન્ટ વધુના પ્રાઈસ બેન્ડ સાથે ઓપરેટ થશે. આ બેન્ડમાં ટી પ્લસ વન બજારમાં દરેક ૫૦ બેઝિઝ પોઈન્ટની મુવમેન્ટ બાદ એમાં ફરી કેલિબરેશન થશે. ટી પ્લસ શૂન્ય સેટલમેન્ટ હેઠળ શેરોના ટ્રેડીંગ ભાવોને ઈન્ડેક્સની ગણતરીમાં અને સેટલમેન્ટ ભાવ ગણતરીમાં ધ્યાનમાં લેવાશે નહીં. આ સાથે ટી પ્લસ શૂન્ય સેગ્મેન્ટમાં ટ્રેડીંગના ધોરણે સિક્યુરિટીઝના અલગથી બંધ ભાવ જાહેર થશે નહીં. સમયાવધિ, પ્રક્રિયા અને રિસ્ક જરૂરીયાતો જે માર્કેટ ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્સ્ટીટયુશન્સ દ્વારા નિર્ધારિત કરાયેલી છે, એને અનુસરનારા તમામ રોકાણકારો ટી પ્લસ શૂન્ય સેટલમેન્ટ સાઈકલમાં ટ્રેડ કરવા માન્ય રહેશે. ટી પ્લસ વન સેટલમેન્ટ સાઈકલમાં અત્યારે લાગુ સર્વેલન્સ પગલાં ટી પ્લસ શૂન્ય સેટલમેન્ટ સાઈકલમાં સ્ક્રિપોને પણ લાગુ થશે.

## RailTel રૂ 36 કરોડનો નવો ઓર્ડર મળ્યો, સ્ટોકે 2 વર્ષમાં 300 ટકા આપ્યું વળતર

મુંબઈ : આ ઓર્ડર 19 જુલાઈ, 2024 સુધીમાં પૂર્ણ કરવાનો છે. ગયા શુક્રવારે કંપનીના શેરમાં 0.59 ટકાનો નજીવો વધારો જોવા મળ્યો હતો અને શેર રૂ. 360.20 પર બંધ થયો હતો. શેરનો 52-સપ્તાહનો હાઈ રૂ. 491.15 અને 52-સપ્તાહનો નીચો રૂ. 96.20 છે. રેલટેલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાને VMWare વર્ચ્યુઅલાઈઝેશન લાયસન્સ માટે સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ તરફથી નવો ઓર્ડર મળ્યો છે. આ ઓર્ડર ત્રણ વર્ષના સમર્થન માટે છે. કંપનીએ આજે 23 માર્ચે જણાવ્યું હતું કે આ ઓર્ડર રૂ. 36.35 કરોડનો છે. આ ઓર્ડર 19 જુલાઈ, 2024 સુધીમાં પૂર્ણ કરવાનો છે. ગયા શુક્રવારે કંપનીના શેરમાં 0.59 ટકાનો નજીવો વધારો જોવા મળ્યો હતો અને શેર રૂ. 360.20 પર બંધ થયો હતો. શેરનો 52-સપ્તાહનો હાઈ રૂ. 491.15 અને 52-સપ્તાહનો નીચો રૂ. 96.20 છે.

### સોના- ચાંદીમાં વિશ્વબજાર પાછળ ઘટાડો

# વૈશ્વિક સ્તરે કોપર, ક્રૂડતેલ, પ્લેટીનમ તથા પેલેડીયમના ભાવમાં પણ જોવા મળેલી પીછેહટ

(એજન્સી) મુંબઈ : મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે વિશ્વબજાર પાછળ સોના- ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. જોકે ભાવ ઘટાડાની ગતી ધીમી રહી હતી કારણ કે મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ વધુ ઉછળતાં રૂપિયો વધુ તૂટી ધારણામાં નવા નીચા તળીયે ઉતરી ગયાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. અમેરિકામાં મેન્યુફેકચરીંગ ડેટા સારા આવતાં ત્યાં આ ઈન્ડેક્સ વધી ૨૧ મહિનાની ટોચે પહોંચ્યો હતો. વિશ્વબજારમાં ડોલર ઈન્ડેક્સ ઉંચો જતાં મુંબઈ બજારમાં આજે કરન્સી બજારમાં બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૩.૪૩ વાળા વધુ વધી ઉંચામાં ભાવ રૂ.૮૩.૫૮થી ૮૩.૫૯ સુધી બંધ બજારે બોલાતા થયાનું બજારમાં ચર્ચાઈ રહ્યું હતું. વિશ્વબજારમાં ડોલર ઉંચકાતા વૈશ્વિક સોનામાં ફંડોની વેચવાલી જોવા મળી હતી.વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશદીઠ ૨૧૭૪થી ૨૧૭૫ વાળા નીચામાં ૨૧૫૭ થઈ ૨૧૬૫થી ૨૧૬૬ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંશના




૨૪.૭૧થી ૨૪.૭૨ વાળા નીચામાં ૨૪.૪૦થી ૨૪.૪૧ થઈ ૨૪.૬૭થી ૨૪.૬૮ ડોલર છેલ્લે રહ્યા હતા.દરમિયાન, ઘરઆંગણે અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૦૦ ઘટી ૯૯.૫૦ના રૂ.૬૮૨૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૬૮૪૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૭૪૫૦૦ રહ્યા હતા. દરમિયાન, વિશ્વબજારમાં પ્લેટીનમના ભાવ ઔંશના ૯૦૩થી ૯૦૪ વાળા ૮૯૫ થઈ ૮૯૮થી ૮૯૯ ડોલર છેલ્લે રહ્યા હતા. વૈશ્વિક પેલેડીયમના ભાવ ઔંશના ૯૯૯થી ૧૦૦૦ ડોલરવાળા નીચામાં ૯૮૬ થઈ છેલ્લે ૯૮૭થી ૯૮૮ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ છેલ્લે ૧.૨૬ ટકા માઈનસમાં રહ્યા હતા. વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવ પણ નરમ હતા. બ્રેન્ટક્રૂડના ભાવ બેરલના ૮૬.૦૫ વાળા નીચામાં ૮૫.૧૧ થઈ ૮૫.૪૩ ડોલર રહ્યા હતા. જ્યારે યુએશ ક્રૂડના ભાવ ૮૧.૩૫ વાળા નીચામાં ૮૦.૪૨ થઈ ૮૦.૬૩ ડોલર છેલ્લે રહ્યા હતા.દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૬૬૦૦૩ વાળા રૂ.૬૫૯૫૦ જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૬૬૨૬૮ વાળા રૂ.૬૬૨૦૦ બોલાઈ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૭૪૦૫૨ વાળા રૂ.૭૪૦૦૦ રહ્યા હતા. મુંબઈ સોના- ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા.૨૦૧૬ની બીજી શ્રેણીના સોવેરિન ગોલ્ડ બોન્ડ ૨૮મી માર્ચે રિડીમ કરાશે.૨૯મી માર્ચ, ૨૦૧૬ના જારી કરાયેલા સોવેરિન ગોલ્ડ બોન્ડ (એસજીબી) ૨૦૧૬ની શ્રેણી-બે માટે ૨૮મી માર્ચ ૨૦૨૪ પાકતી તારીખ નિશ્ચિત કરવામાં આવી છે. આ એસજીબીના રિડમ્પશન માટેનો ભાવ બોન્ડના યુનિટ દીઠ રૂપિયા ૬૬૦૧ નિશ્ચિત કરાયો હોવાનું રિઝર્વ બેન્કની યાદીમાં જણાવાયું છે.

## અમૂલે રચ્યો ઇતિહાસ, હવે અમેરિકામાં પણ લોકો હોંશે હોંશે પીશે ભારતીય દૂધ

નવી દિલ્હી :અમેરિકામાં કોઈ પણ ભારતીય ડેરી બ્રાન્ડની આ પહેલી એન્ટ્રી છે. ભારતમાં રોજ લાખો લીટર તાજા દૂધને સપ્લાય કરનાર અમૂલ બ્રાન્ડ હવે અમેરિકામાં પણ પોતાનો જલવો દેખાડશે. અમૂલ બ્રાન્ડ અહીં ફ્રેશ મિલ્ક સેગમેન્ટમાં કામ કરશે. અમૂલ દૂધ પીતા હૈ ઈન્ડિયા...હવે ઈન્ડિયા જ નહીં અમેરિકાવાળા પણ આ ગીત ગાશે. અમૂલ દૂધ પીતા હૈ અમેરિકા..... કારણ કે હવે ગુજરાતની વિખ્યાત બ્રાન્ડ અમૂલનું દૂથ અમેરિકામાં પણ લોકો મજા લઈને પીશે. આ સાથે જ અમૂલ બ્રાન્ડના માલિક ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશને એક નવો ઈતિહાસ પણ રચી નાખ્યો છે. અમેરિકામાં કોઈ પણ ભારતીય ડેરી બ્રાન્ડની આ પહેલી એન્ટ્રી છે. ભારતમાં રોજ લાખો લીટર તાજા દૂધને સપ્લાય કરનાર અમૂલ બ્રાન્ડ હવે અમેરિકામાં પણ પોતાનો જલવો દેખાડશે. અમૂલ બ્રાન્ડ અહીં ફ્રેશ મિલ્ક સેગમેન્ટમાં કામ કરશે.

### મિલકત વેચીને મળેલી આવક પર પણ ટેક્સ ભરવો પડે છે

# બીજી હાઉસ પ્રોપર્ટી ખરીદીને ઈન્કમ ટેક્સ બચાવી શકો છો, તેના સંબંધિત નિયમો

(એજન્સી) નવી દિલ્હી : જ્યારે પણ આપણે કોઈ પ્રોપર્ટી, ઈક્વિટી અથવા મ્યુચ્યુઅલ ફંડ વેચીએ છીએ, ત્યારે નફા પર કેપિટલ ગેઈન ટેક્સ ચૂકવવો પડે છે. જો કે, ટેક્સ બચાવવા માટે આ કેટલાક ખાસ નિયમો છે, જે મહત્તમ રૂ. 10 કરોડની કપાતની મંજૂરી આપે છે.આવકવેરા અધિનિયમની કલમ 54 મુજબ, જો તમે એક ઘર વેચો છો અને નિયત સમયગાળાની (2 વર્ષની અંદર ખરીદી કરો છો અથવા 3 વર્ષની અંદર નવી મિલકતનું બાંધકામ કરો છો) અંદર બીજું મકાન ખરીદવા માટે ખર્ચ કરો છો , તો તમને ટેક્સમાં છૂટ મળી શકે છે. જ્યારે તમે ઘર ખરીદ્યું ત્યારે તેની કિંમત 20 લાખ રૂપિયા હતી. હવે તમે તેને 42 લાખ રૂપિયામાં વેચી રહ્યા છો. તમે રૂ. 22 લાખનો મૂડી લાભ (નફો) કર્યો. 3% સરચાર્જ અને સેસ ઉપરાંત, તમારે આના પર 20% લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ પણ ચૂકવવો પડશે. જો કે, જો તમે જૂના મકાનના વેચાણની આવકમાંથી બીજું મકાન ખરીદો છો, તો તમને આ કરમાંથી મુક્તિ મળશે.ટેક્સ એક્સપર્ટ સુનીલ ગર્ગ જણાવે છે કે જો તમે ટેક્સ રિટર્ન ફાઈલ કરો ત્યાં સુધી ઘર વેચીને મળેલા પૈસાનો ઉપયોગ નવું ઘર ખરીદવા માટે ન કરો તો તે પૈસા કેપિટલ ગેઈન એકાઉન્ટ સ્કીમ હેઠળ સ્પેશિયલ એકાઉન્ટમાં નાખો. તેમ છતાં, તે પૈસાથી તમારે 2 વર્ષમાં ઘર ખરીદવું પડશે અથવા 3 વર્ષમાં નવું મકાન બનાવવું પડશે.જૂના મકાનના વેચાણમાંથી મળતો નફો બાંધકામ પૂર્ણ થયાના 3 વર્ષ સુધી નવું મકાન ખરીદવા અથવા વેચવા માટે વાપરી શકાતો નથી. જો તમે ખરીદી/બાંધકામના 3 વર્ષ પૂર્ણ થયા પહેલા નવું મકાન વેચો છો, તો કલમ 54 હેઠળ તમે મેળવેલ લાભ રદ કરવામાં આવશે અને તમારે સંપૂર્ણ લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ ચૂકવવો પડશે.

જો તમે ભારતમાં મકાન ખરીદતા હોવ તો જ તમને કલમ 54 હેઠળ છૂટ મળી શકે છે. તમને દેશની બહાર ખરીદેલી કોઈપણ રહેણાંક મિલકત પર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ પર કોઈ છૂટ મળશે નહીં.આવકવેરા કાયદા અનુસાર, જો પ્રોપર્ટી ખરીદીના ત્રણ વર્ષની અંદર વેચવામાં આવે છે, તો તેમાંથી થતા નફાને શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન (STCG) ગણવામાં આવે છે. ઘર અથવા પ્લોટ વેચીને થયેલા નફાની આ રકમ તમારી કુલ આવકમાં ઉમેરવામાં આવશે અને તે પછી તમારા ટેક્સ સ્લેબ મુજબ તેના પર ટેક્સ લેવામાં આવશે.જો તમે કોઈ પ્રોપર્ટી ખરીદો છો અને તેને 3 વર્ષ માટે રાખો છો અને પછી તેને વેચો છો, તો તમને જે નફો થશે તે લોંગ ટર્મ કેપિટલ ગેઈન (LTCG) તરીકે ગણવામાં આવશે.

## 5 વર્ષમાં ₹1 લાખ બન્યા ₹15 લાખ, હવે આ કંપની કરશે સ્ટોક સ્પ્લિટ અને બોનસ શેરની પણ કરી જાહેરાત

નવી દિલ્હી : 31 ડિસેમ્બર, 2023 સુધીમાં, કંપનીમાં પ્રમોટર્સનો હિસ્સો 45.07 ટકા છે અને જનતાનો હિસ્સો 54.93 ટકા છે. ક્યુપિડ લિમિટેડના શેર 6 મહિનામાં 446 ટકા વધ્યા છે. શેરનો 52-સપ્તાહનો હાઈ રૂ. 2,833 અને નીચો રૂ. 235.30 છે. ડિસેમ્બર 2023 ક્વાર્ટરમાં ક્યુપિડ લિમિટેડની આવક 40.05 કરોડ રૂપિયા હતી. 5 વર્ષ પહેલા 22 માર્ચ 2019ના રોજ ક્યુપિડ લિમિટેડના શેરની કિંમત BSE પર 143.55 રૂપિયા હતી. 22 માર્ચ 2014ના રોજ BSE પર ભાવ રૂ. 2136.45 પર બંધ થયો હતો. આ રીતે છેલ્લા 5 વર્ષમાં શેરમાં 1388 ટકાનો વધારો જોવા મળ્યો છે. જો કોઈ વ્યક્તિએ 5 વર્ષ પહેલા શેરમાં રૂ. 1 લાખનું રોકાણ કર્યું હોય અને શેર વેચ્યા ન હોય, તો તેનું રોકાણ રૂ. 14.88 લાખ થઈ ગયું હોત. જ્યારે કોઈ વ્યક્તિએ 50,000 રૂપિયાનું રોકાણ કર્યું હોત તો આ રકમ 7.44 લાખ રૂપિયામાં કન્વર્ટ થઈ ગઈ હોત.

### બાયજસે 30 ટ્યુશન સેન્ટર બંધ કર્યા

# 262 ટ્યુશન સેન્ટર હાઈબ્રિડ મોડલ પર ચાલશે, કંપનીએ ખર્ચ ઘટાડવાનો નિર્ણય લીધો

(એજન્સી) નવી દિલ્હી : રોકડની તંગીવાળી એડટેક કંપની બાયજુએ તેના 292 ટ્યુશન સેન્ટરોમાંથી 30 બંધ કરી દીધા છે. બાયજુની પેરેન્ટ કંપની થિંક એન્ડ લર્નએ એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે ખર્ચ ઘટાડવાના પગલાં તરીકે બાયજુએ આ ટ્યુશન સેન્ટરો બંધ કરવાનો નિર્ણય લીધો છે.કંપનીએ કહ્યું કે બાકીના 262 ટ્યુશન સેન્ટર હાઈબ્રિડ મોડલ પર ચાલવાનું ચાલુ રાખશે. અગાઉ, બાયજુએ તેના મુખ્યાલય સિવાય તેની અન્ય તમામ ઓફિસો બંધ કરી દીધી હતી. તેમજ તમામ કર્મચારીઓને ઘરેથી કામ કરવા માટે કહેવામાં આવ્યું છે.બાયજુએ એક નિવેદન જારી કરીને કહ્યું કે અમને અમારા શિક્ષકોના સમર્પણ અને અમારા વિદ્યાર્થીઓના પ્રદર્શન પર ખૂબ ગર્વ છે. ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરવાથી મોટાભાગના




ટ્યુશન કેન્દ્રોને નફાકારક બનવામાં મદદ મળે છે. આગામી વર્ષોમાં, 262 ટ્યુશન સેન્ટર શ્રેષ્ઠ અને નવીનતમ ટેકનોલોજીને સંકલિત કરીને હાઈબ્રિડ મોડેલમાં કામ કરવાનું ચાલુ રાખશે.

અગાઉ, બાયજુના સ્થાપક બાયજુ રવીન્દ્રને કર્મચારીઓને પગાર ચૂકવવા માટે તેમનું ઘર તેમજ તેમના પરિવારના સભ્યોના ઘરો ગીરો રાખ્યા હતા. તેમણે બેંગલુરુમાં બે મકાનો મોર્ગેજ કરીને લગભગ 100 કરોડ રૂપિયા એકઠા કર્યા અને લગભગ 15,000 કર્મચારીઓને પગાર ચૂકવ્યો.

23 ફેબ્રુઆરીના રોજ, બાયજુના રોકાણકારોએ એક્સ્ટ્રા ઓર્ડિનરી જનરલ મીટિંગ (EGM) પછી કંપનીના સ્થાપક-CEO બાયજુ રવીન્દ્રન, તેમની પત્ની દિવ્યા ગોકુલનાથ અને ભાઈ રિજુ રવીન્દ્રનને બોર્ડમાંથી હટાવ્યા હતા.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2080, ફાગણ સુદ-15

## ચૂંટણી પંચ પર સ્પષ્ટતા

સર્વોચ્ચ ન્યાયાલયે બિલકુલ યોગ્ય જ કહ્યું કે તે આ સમયે ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિ સંબંધી કાયદા પર રોક ન લગાવી શકે, કારણ કે તેનાથી અરાજકતા પેદા થઈ જશે. બે ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિના બીજા જ દિવસે ચૂંટણીની તારીખો જાહેર થઈ છે અને હવે નિયુક્તિ સંબંધી કોઈપણ વિવાદ ચૂંટણી પ્રક્રિયા જ નહીં, આખી રાજનીતિને જટિલ બનાવી શકે છે. તેથી અદાલતે કોઈ ઉતાવળ ન કરતાં કેસની આગામી સુનાવણી ૫ ઓગસ્ટે કરવાનો ફેંસલો કર્યો છે, ત્યાં સુધી નવી સરકાર પોતાનું કામ શરૂ કરી ચૂકી હશે. અસલમાં વિવાદ એ વાત પર છે કે નવા કાયદા અંતર્ગત ચૂંટણી કમિશ્નરોની પસંદગીથી મુખ્ય ન્યાયાધીશને અલગ રાખવામાં આવ્યા છે અને તેમની જગ્યાએ એક કેન્દ્રીય મંત્રી પસંદગી સમિતિમાં સામેલ કરવામાં આવેલ છે. ચૂંટણી પંચમાં બંને નવી નિયુક્તિઓ મુખ્ય ન્યાયાધીશની મરજી વિના થઈ છે, પરંતુ જરૂરી નથી કે મુખ્ય ન્યાયાધીશ સમિતિમાં હોય તે જ સમિતિ સ્વતંત્ર અને નિષ્પક્ષ હોય, બાકી નહીં! એટલે જ હાલમાં સર્વોચ્ચ ન્યાયાલયનું વલણ પણ સરકારને અનુરૂપ જ છે.ચૂંટણી કમિશ્નરોની પસંદગી સંબંધે પહેલાં નિશ્ચિત કાયદો ન હતો અને હવે જ્યારે સુપ્રીમના કહેવાથી સરકારે કાયદો બનાવી જ લીધો છે તો એ કાયદા પર ફરી પાછો સવાલ ઉઠાવવો સહેજ પણ યોગ્ય નથી. જોકે પસંદગી પ્રક્રિયાના ગુણદોષ પર ન્યાયાલય વિચાર કરી શકે છે. ન્યાયાલયને એ પણ લાગ્યું છે કે ચૂંટણી કમિશ્નરોની નિયુક્ત માટે પસંદગી સમિતિને ઉમેદવારોની પૃષ્ઠભૂમિ સમજવા માટે યોગ્ય સમય આપવો જોઈતો હતો. પસંદગીમાં ઉતાવળના મુદ્દાને લઈને પસંદગી સમિતિના જ એક સદસ્ય કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીએ પણ વાંધો ઉઠાવ્યો હતો. ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિ વહેલી થાય તે જોકે જરૂરી હતું અને અધીર રંજન વિરોધ પક્ષના નેતા છે તેથી તેમને કોઈપણ વાતે વાંકુ પડવાનું જ હતું. ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના, દીપાંકર દત્તા અને ઓગસ્ટીન જ્યોર્જ મસીહની પીઠે કમિશ્નરોની નિયુક્તિઓને પડકારતી અરજીઓ ફગાવી દીધી છે, પરંતુ નિયુક્તિમાં રહી ગયેલી કેટલીક ખામીઓ તરફ ઈશારો કરીને કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગવામાં આવ્યો છે. અદાલતે દોહરાવ્યું કે ચૂંટણી કમિશ્નરોની પસંદગી સ્વતંત્ર અને નિષ્પક્ષ હોવી જોઇએ. કમિશ્નરોની ઓળખ તેમના નિર્ણયોને કારણે જ થાય છે. જો કમિશ્નર પોતાના નિર્ણયોથી નિષ્પક્ષ ચૂંટણીના પક્ષધર દેખાય છે, તો તેનાથી લોકોને ખુશી પણ થાય છે અને દેશમાં સારા રાજકારણને બળ પણ મળે છે. હાલના દિવસોમાં ચૂંટણી પંચ પર સતત આંગળીઓ ઉઠાવવામાં આવી રહી છે. વિશેષ રૂપે વિપક્ષી નેતાઓને ચૂંટણી પંચ પાસે મોટી આશા છે. જે કમિશ્નરોની પસંદગીને પડકાર આપવામાં આવ્યો છે, તેમના માટે પણ આ ખુદને સાબિત કરવાનો મોકો છે. પંચની નકામી ફરિયાદ કરનારા લોકોએ પણ સજજાગ રહેવું જોઇએ, નિષ્પક્ષ ચૂંટણી બધાની જવાબદારી છે. એવું ન થવું જોઈએ કે આચાર સંહિતાની સ્વયં અવહેલના કરનારા ઉમેદવાર બીજાને ફસાવવા માટે કામ કરે. ચૂંટણીમાં ધનનો દુરુપયોગ રોકીને આદર્શ આચારસ હિતાના પાલનને જ જો સુનિશ્ચિત કરી દેવામાં આવે, તો ચૂંટણી પંચ અને કમિશ્નરોની સાર્થકતા જાતે જ સિદ્ધ થઈ જશે. પંચનાં પ્રારંભિક પગલાં જોતાં સાર્થકતા સિદ્ધ થાય એવું લાગી પણ રહ્યું છે.

# ભરૂચ લોકસભા મતવિસ્તારમાં ઉમેદવારો વચ્ચે આક્ષેપ પ્રતિઆક્ષેપો નો દોર શરૂ...

- આપ ના નેતાઓ હોળી માટે અધિકારી ને તતડાવી રૂપિયાની માંગણી કરે છે: સાંસદ મનસુખ વસાવા એ ટ્વીટ કરી કહ્યું
- ધારાસભ્ય ચૈતર વસાવા એ ભાજપ નાં નેતાઓ પર પણ આક્ષેપ લગાવ્યા કહ્યું કરોડો રૂપિયાનું કમલમ બનાવવા ક્યાંથી રૂપિયા આવ્યા
- ભાજપ કાર્યાલય માટે પાર્ટી ફંડ આપે છે,અને થોડી ઘણી જરૂર પડે તો અમે દાન લીધું હોય જેની રસીદ પણ આપી છે.મનસુખ વસાવા

ભરત શાહ દ્વારા - રાજપીપળા



ભરૂચ લોકસભા બેઠકમાં હાલમાં ભાજપ નાં સિનિયર સાંસદ 7 મી ટર્મ થી ચૂંટણી લડી રહ્યા છે. અને 6 લાખની લીડ થી જીતવાનો દાવો પણ કરી ચૂક્યા છે.જ્યારે તેમની સામે ઈન્ડીયા ગઠબંધન માં આપનાં ધારાસભ્ય ચૈતર વસાવા ને મેદાનમાં ઉતાર્યા છે. ત્યારે બંને વચ્ચે પહેલાથી ચાલતો ગજગ્રાહ હવે રાજકારણ માં ચૂંટણી ટાણે ચરમસીમા એ પહોંચ્યો છે. સોશિયલ મીડિયા માં સાંસદ મનસુખ વસાવાએ મૂકેલી પોસ્ટ માં આપ ના નેતાઓ ઉઘરાણી કરતા હોવાની છે સાથે ડેડીયાપાડા અને સાગબારા માં હોળી ના બહાને અધિકારીઓ અને કોંન્ટ્રાક્ટરો ને ડરાવી ધમકાવીને આપ ના નેતાઓ ઉઘરાણી કરે છે.તેવો સીધો આક્ષેપ કરતા આપ નાં નેતા છંછેડાયા છે. જેના જવાબ માં ધારાસભ્ય ચૈતર વસાવા એ કહ્યું અમે બે મહિનાથી નર્મદા માં ગયા નથી.

અમે કોઈ ઉઘરાણી કરી નથી અને રૂપિયા માંગ્યા નથી ઉલટાની ભાજપ વાળા કમલમ બનાવવા અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો પાસે રૂપિયા માંગે છે તેના પુરાવા છે.જાતે મનસુખભાઇ તેમના નિવેદનોમાં બોલ્યા છે.મનસુખભાઈની વાત બિલકુલ ખોટી છે. સાંસદ મનસુખ વસાવા એ જવાબમાં કહ્યું, મારી પાસે પૂરાવા આવ્યા ત્યારેજ મે વાત કરી આપ નાં લોકો અધિકારીને ખખડાવી રૂપિયાની માંગણી કરી રહ્યા છે. અમારાં ભાજપ કાર્યાલય ની વાત કરી છે ત્યારે એ પાર્ટી ફંડ આપે છે,અને થોડી ઘણી જરૂર પડે તો અમે દાન લીધું હોય જેની રસીદ પણ આપી છે. કોઈ પણ અધિકારી કે કોન્ટ્રાકટર ને ધમકાવી રૂપિયાની માંગણી ક્યારે નથી કરી તેમ મનસુખ વસાવા એ કહ્યું હતું.આમ બીજેપી અને આપ વચ્ચે આક્ષેપ પ્રતિઆક્ષેપો વચ્ચે રાજકારણ ગરમાયું છે.

## ગેસના ટેન્કરમાંથી ગેરકાયદેસર રીફીલીંગ કરનાર ત્રણ ઈસમોને ઝડપી પાડતી ધ્રોલ પોલીસ

વિશાલ જે હરવરા જામનગર

પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી પી.જી.પનારા સાહેબની સૂચના મુજબ ધોલ પોલીસ સ્ટાફના માણસો ધોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમાં રહેલ હતા.

દરમ્યાન ધ્રોલ પોલીસ સ્ટાફના કે, પો.હેડ.કોન્સ. રાજેશભાઈ મકવાણાને બાતમી મળેલ કે, અહી જામનગર-રાજકોટ હાઈવે રોડ, શિવમ હોટલના પાર્કીંગમા અમુક ઈસમો ગેરકાયદેસર રીતે ગેસ ભરેલા ટેન્કરના વાલ્વ બોક્ષનું સીલ તોડી રબ્બરની પાઈપ દ્વારા ગેસના ખાલી બાટલામા રીફીલીંગ કરી તેનું ગેરકાયદેસર રીતે વેચાણ કરે છે જે હકિકત આધારે સદરહુ જગ્યાએ રેઈડ કરતા ત્યાથી કુલ ત્રણ ઈસમોને માણસોની જીંદગી જોખમાય તે રીતે બેદરકારીથી ગેરકાયદેસર રીતે ગેસના ભરેલ ટેન્કરમાંથી ગેસના ખાલી બાટલામાં ગેસનુ રીફીલીંગ કરતા હોય અને આ જગ્યાએથી કુલ-૯ ગેસના બાટલા, એક ગેસના ટેન્કર, ગેસ રીફીલીંગ માટેના અન્ય સાધનો મળી કુલ કિ.રૂ. ૩૨,૨૯,૯૬૬/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય જેથી નિચે લખેલ આરોપીઓ વિરૂધ્ધ ધ્રોલ. પો.સ્ટે. માં ઈ.પી. કો. કલમ ૨૮૫, ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરાવી કાયદેસર



કાર્યવાહી કરેલ છે.

આરોપીઓના નામ:

(૧)દેવરામ દોલારામ ચોધરી ઉ.વ.૩૮ ધંધો હોટલનો રહે.૪૫-એ બસ સ્ટેન્ડની સામે પડધરી તા-પડધરી જી-રાજકોટ

(૨)મોહમદ નસીમભાઇ મોહમદ શમી ઉ.વ.૩૮ ધંધો ડ્રાઈવિગ રહે. નોઆપુર પ્રતાપગઢ રાજ્ય-ઉતર પ્રદેશ

(૩)મોહમદ સલીમ મોહમદ હફીજ ઉ.વ.૪૦ ધંધો ડ્રાઈવિગ રહે-પુરેકવલી સુંદર પ્રતાપગઢ રાજ્ય-ઉતર પ્રદેશ.

## ધ્રોલ ટાઉન વિસ્તારમાંથી જુગાર રમતા આઠ ઇસમોને પકડી પાડતી ધ્રોલ પો.સ્ટે.ના સર્વેલન્સ સ્ટાફ

વિશાલ જે હરવરા જામનગર

ધ્રોલ પો.સ્ટેના પો.સબ ઈન્સ. શ્રી પી.જી.પનારા સાહેબ તથા સ્ટાફના માણસો ધ્રોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા દારૂ જુગારની ગેરકાયદેરની પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો અંગે ખાનગી બાતમીદારોથી સોર્સ મેળવી વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા.

દરમ્યાન ધ્રોલ પોલીસ સ્ટેશનના પો.કોન્સ જગદીશભાઈ હિરામણભાઈ જોગરાણા તથા પો.કોન્સ. રવિરાજસિંહ દાજીભા જાડેજા નાઓને સંયુકત મળેલ ખાનગી હકિકત આધારે ધ્રોલ ટાઉન ચામુંડા પ્લોટ વિસ્તાર મા રહેતો ફીરોજભાઈ લાડક વાળાના રહેણાક મકાનની દીવાલની બાજુમાં ખૂલી જગ્યામાં જાહેરમાંથી ગંજીપતાના પાના તથા પૈસા વડે નીચે જણાવેલ નામવાળા ઇસમો પૈસાની હારજીતનો જુગાર રમતા મળી આવતા, તેઓના કબ્જામાંથી રોકડા રૂપીયા ૧૪,૭૨૦/- નો મુદામાલ કબ્જે કરી, આરોપીઓને પકડી પાડી, મજકુર આરોપીઓ વિરૂધ્ધમાં જુ.ધા. કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**પકડાયેલ આરોપી**

(૧) ફારૂકભાઇ નૂરમામદ મૂલા રહે. ધોલ જોડીયાના નાકા પાસે તા.ધોલ જી.જામનગર

(૨) જાવીદભાઇ ફારૂકભાઈ મૂલા રહે. ધ્રોલ જોડીયાના નાકા પાસે તા.ધ્રોલ જી.જામનગર

(૩) શ્રદરભાઈ આમદભાઈ દલ રહે.ધ્રોલ ચામુંડા પ્લોટ વિસ્તાર, તા.ધોલ જી.જામનગર

(૪) રાજેશભાઇ સમસુદ્દીનભાઈ પોપટીયા રહે. જામનગર તીરુપતી સોસાયટી-૨ ઢીચડા રોડ જી-જામનગર

(૫) પરીનાબેન વા/ઓ છોટુભાઈ મામદભાઈ મેઘાણી રહે, ધ્રોલ ચામુંડા પ્લોટ, તા-ધ્રોલ જી.જામનગર

(૬) ઝુબેદાબેન વા/ઓ કાદરભાઈ આમદભાઈ દલ રહે, ધ્રોલ ચામુંડા પ્લોટ. તા-ધોલ જી.જામનગર

(૭) હસીનાબેન વા/ઓ ઈકબાલભાઈ અબ્દુલભાઈ લાકડ રહે. ધ્રોલ ચામુંડા પ્લોટ તા-ધ્રોલ જી.જામનગર

(૮) રૂકશાનાબેન વા/ઓ ફીરોજભાઈ અબ્દુલભાઈ લાકડ રહે, ધ્રોલ ચામુંડા પ્લોટ, તા-ધ્રોલ જી.જામનગર

## ગ્રુપ ગ્રામ પંચાયતનાં સરપંચનાં પતિએ ટાવેરામાં મુકેલ એક લાખ રૂપિયા કોઇક ગઠિયો વઘઇ ખાતેથી ચોરી જતા પોલીસ ફરિયાદ

સુશીલ પવાર-ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકાનાં દગુનિયા ગ્રુપ ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચ દ્વારા સ્મશાન ઘરનું બાંધકામ કરાયુ હતુ. જેથી સ્મશાન ઘર બાંધકામનાં મજૂરોને મજૂરી ચૂકવવાની હોવાથી મહિલા સરપંચનાં પતિએ વઘઈ શાખાની બેંકમાંથી એક લાખ ઉપાડી પોતાની ગાડીમાં મૂક્યા હતા. જોકે ગાડીમાંથી કોઈકે એક લાખ રૂપિયાની ચોરી કરી હતી. ત્યારે મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાનાં દગુનિયા ગ્રુપ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ આશાબેન ગાવીત એ સ્મશાન ઘર બનાવ્યુ હતુ. જે બાંધકામનાં મજુરોને હોળી પર્વ નિમિત્તે મજુરી ચુકવવાની હતી.તેથી તેમના પતિ હર્ષદભાઈ ગાવીત વઘઈ એ. પી.એમ.સી.બજાર સ્થિત આવેલ બેંક ઓફ બરોડા વઘઈ શાખામાં રૂપિયા ઉપાડ માટે ગયા હતા. પરંતુ બેંકમાં વધુ કેશ ન હોવાથી ખાતામાંથી ચેક મારફતે એક લાખ રૂપિયા ઉપાડ્યા હતા.અને તે એક લાખ રૂપિયા તેમણે સ્કૂલ બેગમાં મૂકી પોતાના કબજાની ફોર વ્હીલ ટાવેરા ગાડી.ન.જી. જે.30.એ.0215 માં મૂક્યા હતા. ત્યારબાદ તેઓ ગાડી લઈને વઘઇ મેઈન બજારમાં રામદેવ મોબાઈલ દુકાનમાં મોબાઈલનો ટફન ગ્લાસ બદલવા ગયા હતા.અને ગાડી રામદેવ મોબાઈલ દુકાન સામે રોડ ઉપર પાર્ક કરી હતી.પરંતુ ભૂલથી ગાડીના દરવાજા લોક કર્યા નહોતા.તેમજ આગળના દરવાજાના કાચ ખુલ્લા રહી ગયા હતા.

લતે વેળાએ ટાવેરા ગાડીમાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમે ગાડીના અનલોક દરવાજા ખોલી અથવા દરવાજાના કાચ ખુલ્લા હતા તેમાંથી હાથ નાખી રૂપિયા મુકેલ બેગ ચોરી કરી ગયા હતા.જે શોધખોળ કરતા મળી આવી નહોતી.ત્યારે ચોરીને લઈને મહિલા સરપંચનાં પતિ હર્ષદભાઈ ગાવીતે વઘઈ પોલીસે મથકે ગુન્હો નોંધાવ્યો હતો.હાલમાં વઘઈ પોલીસે ચોરી અંગેનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પંચેશ્વરનગર (અંજાર) પ્રાથમિક શાળામાં હોળી પર્વ મનાવાયો



મહેશ એલ.સોની નખત્રાણા

આપણા દેશમાં અનેક પર્વો રંગે ચંગે કોઈ પણ જાતના ભેદભાવ વગર હર્ષલ્લાસપૂર્વક ઉજવાતા હોય છે પછી ભલે ને જન્માષ્ટમી હોય, રામનવમી હોય, દિવાળી હોય કે પછી રંગોનો પર્વ હોળી હોય

ભારત વર્ષમાં વર્ષોથી હોળી ધુળેટી પર્વ ઉજવાતો આવે છે મેગા સિટી હોય કે નાનું ગામ હોળી પર્વ દરેક જગ્યા મનાવાય છે . અંજાર તાલુકાની પંચેશ્વર નગર પ્રાથમિક શાળામાં પણ હોળી- ધુળેટી પર્વ ઉલ્હાસ પૂર્વક ઉજવાયો શાળાના શિક્ષકોએ પણ બાળકો સાથે મળીને રંગો ઉડાડી મનાવ્યો હતો. શાળાના આચાર્યા શ્રીમતી ગીતાબેન ચોટલીયા શિક્ષકો શ્રીમતી નેહાબેન ખોરજા, સંગીતાબેન સથવારા, નાગજી ભાઈ શિયાળએ બાળકોને હોળી પર્વ વિશે સમજાવ્યું હતું અને હંમેશા સત્યનો જ વિજય થાય છે જીવનમાં સત્યનો જ સાથ આપવાની શીખ બાળકોને આપી હતી.

## જાફરાબાદ તાલુકાના ભાડા ગામે કોંગ્રેસ પાર્ટી અને આમ આદમી પાર્ટીના ઇન્ડિયા ગઠબંધનની બેઠક મળી

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

આજે જાફરાબાદ તાલુકામાં ઇન્ડિયા ગઠબંધનના આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ પાર્ટીના અમરેલી લોકસભાના ઉમેદવાર શ્રી જેનીબેન ઠુમ્મર અને પ્રતાપભાઈ દુધાત ની આગેવાનીમાં લોકસભા ચૂંટણી અનુલક્ષી અગત્યના અને મહત્વના કાર્યકરોની એક બેઠક મળી આ બેઠક જેમાં અસંખ્ય કાર્યકરો જેની બહેન નો અને પ્રતાપભાઈ દુધાત અને વલ્લભભાઈ ઝીઝુવડીયા ભરતભાઈ બલદાણીયા નું ફુલહારથી સન્માન કરી એક સુરમાં કાર્યકરો એ જેની બેન ઠુમ્મર ને જીતાડવા હાકલ કરી હતી અને જાફરાબાદ તાલુકા તમામ ગામના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તમામ નો ઈન્ડિયા ગઠબંધન ના કાર્યકરોએ આભાર માન્યો હતો

## SOU પર હોળી અને રવિવાર ની રજામાં પ્રવાસીઓની ભીડ વચ્ચે સ્થાનિક કર્મચારીઓની હડતાળથી તંત્રમાં દોડધામ

- સ્ટેચ્યુ પર ફરતી બસના ચાલકો પણ હડતાલ માં જોડાતા બહારથી નવા બોલાવ્યા ત્યારે જંગલ સફારીના કર્મચારીઓ રજા પર ઉતરી જતા તંત્ર ની મુશ્કેલી વધી
- SOU સત્તા મંડળે કર્મચારીઓની માંગણીઓ સ્વીકારી કાયમી સમસ્યાનો હાલ લાવી પ્રવાસીઓ ને તકલીફ ન પડે એ જોવું જરૂરી

ભરત શાહ દ્વારા - રાજપીપળા

હોળી ના મીની વેકેશન માં એકતાનગર ખાતેની હોટેલો ટેન્ટસિટીઓ મોટાભાગે ફૂલ છે અને રવિવારની રજામાં 40 હજાર જેટલા પ્રવાસીઓ નોંધાયા છે ત્યારે પ્રવાસીઓની ભીડ વચ્ચે સ્થાનિક કર્મચારીઓ હડતાલ પર ઉતરી જતા અને કેટલાક રજા પર ઉતરી જતા વહેલી સવાર થી તંત્રમાં દોડધામ મચી હતી,અમુક એજન્સીઓ એ નવા કર્મચારીઓ લાવવા મથામણ કરી રહી હતી તો કોઈ પોતાના રિસાયેલા કર્મચારીઓ ને મનાવવા મથામણ



કરી રહી હતી.પરંતુ SOU સત્તા મંડળ કર્મચારીઓની માંગણી ને કેમ પુરી કરી શકતી નથી એ સમજાતું નથી.

રવિવારની રજા હોળી નો ત્યોહાર હોવાથી સવારથી પ્રવાસીઓ ની ભીડ જામી ને પ્રવાસીઓ ને એક બીજે સ્થળે લઇ જનાર બસ ના ડ્રાઈવરો પણ બસો છોડી રોડપર આવી ગયા હતા,એક બાજુ પ્રવાસીઓ પરેશાન, તંત્ર અને જિલ્લા પોલીસમાં પણ દોડધામ મચી હતી. બીજી બાજુ એજન્સી પરેશાન તાત્કાલિક ભરૂચ થી બીજા ડ્રાઈવરોની વ્યવસ્થા કરવા કોન્ટ્રાક્ટર લાગી ગયો હતો.

જોકે તંત્ર દ્વારા કલાકો બાદ સમજૂતી થઈ અને જુના ડ્રાઈવરો કામે લાગ્યા ત્યારે જંગલ સફારીના કર્મચારીઓ રજા પર ઉતરી ગયા. આમ એક પછી એક વિવિધ પ્રવાસન સ્થળો પર કામ કરતા કર્મચારીઓ હડતાળ પર ઉતરતા તંત્ર દ્વારા અડધો દિવસ સમજાવટ કરી તેમની માંગણી અંગે વિચાર કરી પૂર્ણ કરવાની ખાતરી આપી ત્યારે તંત્ર ને બપોર બાદ રાહત થઇ, જોકે હજુ રજા પર ગયેલા કર્મચારીઓ પરત ફર્યા નથી માટે આગમી દિવસો માં કર્મચારીઓ અને અધિકારી વચ્ચે શું વાટાઘાટો થશે એ જોવું રહ્યું.

## જામજોધપુર પોલીસ સ્ટેશનના મારા-મારીના ગુનામા ફરાર આરોપીને પકડી પાડતી જામનગર પેરોલ ફર્લો સ્કોડ

વિશાલ જે હરવરા જામનગર : પેરોલ ફર્લો સ્ક્વોડના પોલીસ સબ ઈન્સપેક્ટર એમ.વી.ભાટીયા તથા પોલીસ સ્ટાફના ગજેન્દ્રસિંહ જાડેજા,લખધીરસિંહ જાડેજા, કરણસિંહ જાડેજા, રણજીતસિંહ પરમાર, મહિપાલ સાદિયા ને મળેલ બાતમી આધારે જામનગર જીલ્લાના જામજોધપુર પો.સ્ટે. એફ.આઇ.આર.નં.૧૧૨૦૨૦૨૬૨૩૦૩૯૨/૨૦૨૩ ઈ.પી.કો.ક.૩૨૩.૫૦૪,૫૦૬(૨) વિ. મુજબ ગુનામા ફરાર આરોપી- દિપક અજીતદાન ગઢવી ઉ.વ.૩૧ ધંધો- ડ્રાઈવીંગ રહે. ઈન્દીરા નગર, વાછરાડાડાના મંદિર પાસે, જી. પોરબંદર વાળાને પોરબંદર ખાતેથી પકડી પાડી આગળની ઘટીત કાર્યવાહી થવા સારૂ જામજોધપુર પોલીસ સ્ટેશન ખાતે સોપી આપેલ છે.

# સવાર પડતાં જ સૌરાષ્ટ્રમાં ધુળેટી ની ધુમ મચતા જ મજાક મજાક માં લોકો જૂના કપડા નું પૂતળું બનાવીને એને વરરાજાની જેમ સજાવીને લારી માં બેસાડીને એનું ફુલેકું કાઢે છે

ફાગણ યો ફોરમ વાયો રે ફગણ્યો ફોરમ વાર્યો રે.."...ફાગણ મહિના મા કેસુડા ના કેસરી રંગ ની મહેક દૂર દૂર સુધી ફેલાય છે ત્યારે પક્ષી યુગલ એના રંગ માં રંગાઈ ને વિવિધ અવાજ મા ટહુકા કરી સંગીત ની મહેફીલ જમાવે છે.વન્ય પ્રદેશ કે બાગ બગીચા માં ઝાડ પર કે ઊંચે આકાશ માં નજર કરશો સમજાશે કે કઈક તો નવું છે..પણ શું? રંગબિરંગી પક્ષીઓના કંઠ ની મીઠાશ માં ગવાતાં પ્રણય ના ગીતો.માણસ ના મનમાં ઋતુ ઓ માં બદલાવ થી હરખ એટલો હોય છે કે એને ઋતુ માં ઓતપ્રોત થઈ જાય છે. પ્રકૃતિ માં પણ ઉમંગ ઉત્સાહ દ્રશ્યમાન થતું જણાય છે સાંજ ના સમય માં આકાશ માં ઉડી ને જુદા જુદા એનેક આકાર કે ચિત્ર રજૂ કરે છે ને ત્યાં ગાવાનું મન થાય છે "યે કૌન ચિત્રકાર હે યે કૌન.."... ચોમાસા ના વરસાદ માં જમીન ભીની થતાં સુકાયેલા ફૂલ છોડ, વૃક્ષો પુનઃ નવ પલ્લિત થઈને એના પર ફૂલ કળીઓ અને પાંદડા,ફળ આવવા લાગે છે.ખેડૂતો એ ચોમાસા માં ઉગાડેલા બીજ માંથી શિયાળા ની ઋતુ માં ચોમેર લહેરાતો પાક માનો ડાળીઓ કથ્થાઈ,પાંદડા લીલા ને ધાન ના ડૂંડા પીળા..કેટલું સરસ કલર નું સંગમ છે. શિયાળા ની ઋતુ પૂરું થતા જ ઉનાળાની શરૂઆત થાય છે ને ઉનાળા નો પહેલો મહિનો "ફાગણ" શિયાળુ પાક ની આવક આ મહિના આવવાથી માણસ નું મન તન સમૃદ્ધિ ની ખુશીઓ માં એકદમ નિશ્ચિંત બની ને આનંદિત હોય છે. ફાગણ એની પ્રેમિકા હેમંત માં ઓતપ્રોત થઈ ગયો હોય એવું લાગે છે..હેમંત માં આકાશ એકદમ સ્વચ્છ નીલા કલરનો બને છે ત્યારે એની પ્રયસી પૃથ્વી સોળ શણગાર સજીને એના તરફ મીટ માંડી ને બેઠી હોય એવું લાગે છે.

આ મહિના મા આવતો હોળી ધુળેટી નો તહેવાર મોટાભાગ ના ગુજરાતીઓ નું ફેવરિટ હિય છે.અમદાવાદ માં તો ગજવા માં કલર ની થેલી ઘાલી ને આવતા જતા ના માથા પર " હોલી હે બુરા મત માનો બોલીને બાળકો, બુઝુર્ગ એકબીજા ને કલર લગાવી ને ધુળેટી નો આનંદ માણે છે. શેરીઓ,ચોરહામાં લોક લાઉડ સ્પીકર પર ફિલ્મી ગીતો વાગતા હોય ને લાલ,લીલા,પીળા,બ્લ્યુ વગેરે રંગો એકબીજા પર ઉડાડી મજા લૂંટે છે.ધુળેટી ના કાર્યક્રમ નું અમદાવાદીઓ ને મોટાપાયે ક્લબ નું ક્રેઝ બધી ગયું. છેરાજસ્થાની ટિપિકલ પોષક સજજ થઈ ને સ્ત્રીઓ "આંખીયા મે ઉડે રે ગુલાલ કિયો રે મંગેતર સે.." ગાઈ ને ઘરે ઘરે જઈને ગોઠ માંગવા નો રિવાજ છે. આમપણ રાજસ્થાન ની હોળી ધુળેટી વર્લ્ડ માં ખૂબ પ્રખ્યાત છે.હોળી ધુળેટી ના દિવસે મથુરા,વૃંદાવન,જય પુર, ઉદય પુર મા માનવ મહેરામણ ઉમટયો હોય છે..

નાથદ્વારા માં શ્રીનાથજીની હવેલી માં બિરાજતા સાત વર્ષ ના ઠાકોરજી ને સતત પંદર દિવસ સુધી વિવિધ રીતે હોળી ખેલવવા માં આવે છે. સાત વર્ષના બાળક ને તહેવાર માત્ર એક દિવસ માં પુરો થઈ જાય એ નથી ગમતું હોતું. એવો મનોરથ છે કે ઠાકોરજી મંદિર ના મુખ્યાજી આગળ જીદ પકડી છે પંદર ફૂલ,પાણી,વિવિધ



ધુળેટી

- રુપાલી દવે

રંગો,માખણ, દહી,દૂધ વગેરે થી હોળી ખેલવી છે.પ્રભુ જીદ પકડે તો એમાં પાછી પાની થોડી થાય.આ કાર્યક્રમ ને હોળી રસિયા નામથી ઓળખવા માં આવે છે હવેલી સંગીત માં ગાયકો હોળી રસિયા ગાય છે ને મુખિયા જી ઠાકોરજી ના સફેદ વસ્ત્ર પર અબીલ ગુલાલ કંકુ ચંદન હળવે હાથે ડાલી ને એ બાદ ઠાકોરજી ની આજ્ઞા લઈને રંગો નો કૃપા પ્રસાદ ભકતજનો પર ફેંકતા બધા રસ તરબોળ બનીને ઝાંઝ પખવાજ,ઢોલ,હાર્મોનિયમ માં ગવાતાં હોરી રસિયા ના તાલે નાચવા ગાવા લાગે છે કલાકો વીત્યા પછી પણ થાક લાગતો નથી..

"હોરી કે રંગીલે લાલ" "ઝુલત ઝૂલે નવલ કિશોર હોરી મે.."

વગેરે રસિયા ગાઈને હોળી ખેલાવ્યા બાદ ઠાકોરજી ને વિવિધ પકવાન નો ભોગ સાથે ઠંડાઈ અચૂક ધરાવવા માં આવે છે

..સૌરાષ્ટ્ર કચ્છની હોળી ધુળેટી ના ઉત્સવની મોજ મજા અલજ હોય છે. હોળી દહન બાદથી જ ધુળેટીની શરુઆત થઈ જાય છે.એવું માનવા માં આવે છે કે હોળી ના અંગારા પર ચાલવા થી વાત,પિત,કફ વગેરે રોગ ના ઉપદ્રવ ના સંપૂર્ણ નાશ થાય છે. પરંતુ ભૂલ થી કરવું નહી કેમકે પગ દાજવા નો ભય મોટો છે. સવાર પડતાં જ સૌરાષ્ટ્ર માં ધુળેટી ની ધુમ મચતા જ મજાક મજાક માં લોકો જૂના કપડા નું પૂતળું બનાવી ને એને વરરાજા ની જેમ સજાવી ને લારી માં બેસાડી ને એનું ફુલેકું કાઢે છે.ગલી એ ગલીએ ફુલેકું કાઢતા માઈક માં બોલે છે કે "આ બીચારો કુંવારો છે એને છોકરી જોઈએ છે"..આમ બોલતાં બોલતા યુવાનો લાલ લીલા પીળા વગેરે રંગો થી રંગાયેલ કુંવારી છોકરીઓ સુધી સંદેશ પોહચડે છે..આમ તો મોટાભાગ ની છોકરીઓ આને મજાક માં જ લે છે પણ કુંવારા ના દિલ ની ઈચ્છા હોય છે કે એના દિલની પતંગ મનપસંદ યુવતીઓના ધાબે કપાઈ ને પડે..પણ યુવતીઓ ધીમે થી પતંગ ને ધાબા પરથી નીચે ફેંકતા હસતા હસતા "બુરા મત માંનો હોળી હે.."..કિસકી પૂછો તો ઠેંગો મળે..ક્યારેક હસી તો ફસી..શું થાય આશા અમર છે? ના ના આશા ની અમર બિલકુલ નહીં પ્રેમના રંગો આશા બીજા વર્ષે કદાચ શું છે કેવીક તૈયારી? શેની હોય બકા? અરે!!ધુળેટી રમવાની..ચાલો થઈ જવ રેડી

# ભારતમાં ઉજવાતી કેટલીક વિશિષ્ટ હોળી-ધૂળેટીની પરંપરા

## બિકાનેરની ડોલચી હોળી 400 વર્ષ જુની પરંપરા

ડોલચી હોળીએ બિકાનેરની આગવી ઓળખ છે. ચામડાના ખાસ પ્રકારના પાત્રને ડોલચી કહેવામાં આવે છે. આ ડોલચીમાં પાણી ભરીને પીઠ પર બાંધવામાં આવે છે.મોકો જોઈને ખેલૈયાઓ પાણી ફેંકીને હોળી ખેલે છે. આ ડોલચી હોળી રાજસ્થાનમાં આવેલા બિકાનેર શહેરના હર્ષા ચોકમાં આયોજિત કરવામાં આવે છે. આ હોળીને જોવા માટે હજારો લોકો ઉમટી પડે છે. આ ચામડાના આ પાત્રમાં સંગ્રહ કરાયેલું રંગીન પાણી અને ફૂલોની પાંખડીઓ ઢોળાય ત્યારે લોકો હર્ષની ચિચિયારીઓથી વાતાવરણને ઉત્સવમય બનાવી દે છે.ખાસ કરીને મહિલાઓ ડોલચીમાં પાણી ભરીને પુરુષો પર છાંટે ત્યારે તેની ચામડાના કારણે આવતો થપાટનો અવાજ દૂર સુધી ગુંજતો રહે છે. દોલચી હોળીની આ પરંપરા ૪૦૦ વર્ષ જુની છે.





## તામિલનાડુમાં હોળી એટલે કામોત્સવ

ભકત પ્રહલાદને ખોળામાં બેસાડીને પ્રજવલિત અગ્નિમાં બેસી ગયેલી બહેન હોલિકાની કથા વાર્તા અતિ પ્રચલિત છે. જો કે તામિલનાડુમાં હોળીને કામદેવના દહન તરીકે ઉજવવામાં આવતો હોવાથી તેને કામોત્સવ પણ કહે છે. અહીં લોકવાયકા મુજબ કામદેવના તીરના કારણે જ ભગવાન શીવને પાર્વતી સાથે પ્રેમ થયો હતો.ભગવાન શીવ પાર્વતીના વિવાહ થયા પછી કામદેવ પર ક્રોધિત થયેલા ભગવાન શીવજીએ કામદેવને બાળીને ભષ્મ કરી નાખ્યો હતો. કામદેવની પત્ની રતિના આગ્રહથી માતા પાર્વતીએ કામદેવને પુન જીવિત કર્યા હતા.આ કામદેવ ફરીથી જીવતા થયા તેની ખૂશીમાં હોળી મનાવવામાં આવે છે.આજે પણ રતિએ પાર્વતી સમક્ષ કરેલા વિલાપને લોક સંગીતમાં ગાવામાં આવે છે. શીવજીના ક્રોધથી બળીને ભષ્મ થયેલા કામદેવને વેદના ઓછી થાય તે માટે કેટલાક સ્થળોએ ચંદનના લાકડા વડે પણ હોળી પ્રગટાવવામાં આવે છે.

## ગોવામાં ઉજવાતો શિમગોત્સવ

કોંકણી ભાષામાં હોળીને શિમંગો કહેવામાં આવે છે. ગોવાના મૂળ નિવાસીઓ શિમગોત્સવને ધામધૂમથી મનાવે છે. આ તહેવાર વન વગડામાં ખિલેલી વસંતનું સ્વાગત કરવા માટે ઉજવાય છે.એ દિવસે તૈયાર કરવામાં આવતી પરંપરાગત વાનગીઓ અને મીઠાઈને શગોટી કહે છે. શિમગોત્સવ નિમિત્તે પણજીમાં એક વિશાળકાય સરઘસ નિકળે છે જે પોતાના ગંતવ્ય સ્થાને પહોંચીને એક સભાના રુપમાં ફેરવાઈ જશે. આ સભા સ્થળે સાંસ્કૃતિક કાર્યક્રમો અને ગીત સંગીત અને નાટકોનું આયોજન થાય છે. નાટકોના વિષયો સાહિત્યીક,સાંસ્કૃતિક અને પૌરાણિક વિષયો પર આધારિત હોય છે.ગોવાના શિમોત્સવમાં દરેક જાતિ અને ધર્મના લોકો ભાગ લે છે.



## મહારાષ્ટ્રની હોળી એટલે રંગ પંચમી

મહારાષ્ટ્માં હોળીને રંગ પંચમી તરીકે પણ સંબોધવામાં આવે છે. આ પર્વ નિમિત્તે ઠેર ઠેર દહીં ભરેલી મટકી બાંધીને ફોડવાનો મહિમા છે. મટકી ફોડ યુવાનોની ટોળી ઠેર ઠેર ફરતી જોવા મળે છે.ઉંચી ઈમારતો પર બાંધવામાં આવતી મટકી ફોડવાનો પડકાર પણ યુવાનો ઝીલી લે છે. એ સમયે ગોવિંદા આલા રે ..ગીત ગુંજી ઉઠે છે. મટકી ફોડી રહેલા ગોવિંદાઓ પર મહિલાઓ રંગબેરંગી પાણી છાંટે છે.સાગરકાંઠાના સાગરખેડૂઓ માટે હોળીનો તહેવાર નાચગાનનો મહાપર્વ છે. રંગ પચમીના દિવસે છોકરા-છોકરીઓના લગ્ન નકકી કરવામાં આવે છે. આ દિવસે પુરણપોળી નામની સ્વાદિષ્ટ વાનગી ખાવાનો વિશેષ મહિમા છે.



## અલ્હાબાદની કપડા ફાડ હોળી

આમ તો હોળી રમતા ખેલૈયાઓની ઝપા ઝપીમાં કયારેક કપડા પણ ફાટી જતા હોય છે પરંતુ અલ્હાબાદમાં રમાતી હોળીને તો કપડાફાડ હોળીનું બિરુંદ પણ મળ્યું છે. સંગમ નગરી તરીકે ઓળખાતા અલ્હાબાદમાં લોકો રસ્તા પર આવીને કલાકો સુધી હોળી રમતા રહે છે. આ હોળીની વિશેષતા એ છે કે ખેલૈયાઓ એક બીજાના શરીર પરનું ઉપરનું જબરદસ્તીથી ઉતરાવે છે, જે એમ ના કરે તેનું શર્ટ કે ખમીસ ફાડી નાખવામાં આવે છે. આથી આ હોળીને કપડા ફાડ હોળી કહેવામાં આવે છે.અહીંયા સળંગ ત્રણ દિવસ સુધી હોળી મનાવવામાં આવે છે. લોકલ બજાર અને હાટ પણ હોળીના રંગે રંગાઈ જાય છે.








## હોળી-ધુળેટી રમ્યા બાદ ચહેરા પર લાગેલો પાક્કો રંગ કેવી રીતે સાફ કરશો?

**ચામડી પર ચડેલો રંગ સ્નાન કરવા છતાં ઊતરતો નથી. શરીર પરથી રંગ કાઢવા માટે શું કરવું જોઈએ તેની વાત આપણે આ લેખમાં કરીશું. ધુળેટીના દિવસે રંગ વડે રમતા સાવધ રહેવાની ચેતવણી ડૉક્ટરો આપે છે, પરંતુ અમે ત્વચારોગ નિષ્ણાતો પાસેથી એ જાણ્યું છે કે ખરેખર શું ધ્યાનમાં રાખવું જોઈએ.**

### રંગથી રમ્યા બાદ શું કરવું?

- ધુળેટીમાં રંગ વડે રમવા જવાના આગલા દિવસે વાળ ધોવા જરૂરી નથી, પરંતુ રમ્યા પછી સૌથી પહેલાં નળ નીચે માથું રાખીને વાળને પહેલાં પાણી વડે સાફ કરવા જોઈએ અને પછી શેમ્પુ લગાવવું જોઈએ.
- તમે સૂકા રંગથી રમ્યા હો તો સ્નાન કરતા પહેલાં તમારું માથું ધુણાવીને તમામ રંગ ખંખેરી નાખવો જરૂરી છે. શરીર પરના સૂકા રંગને ડ્રાય બ્રશ વડે દૂર કરવો જોઈએ.
- ચહેરા અને હાથ પરથી રંગ દૂર કરતાં પહેલાં વધુ એક વખત થોડું તેલ લગાવી શકાય.
- રંગ સખત રીતે ચોંટી ગયો હોય અને દૂર ન થતો હોય રંગ લાગેલો હોય ત્યાં સુધી 15 મિનિટ સુધી ઘસો.
- 10-15 મિનિટ સુધી ઘસ્યા પછી પણ રંગ ન નીકળે તો ત્વચા પર થોડું દહીં કે એલો વેરા જેલ લગાવો.
- રંગથી રમતી વખતે પાણીમાં ભરપૂર પલળ્યા હો તો તેના કારણે ત્વચા સુકાઈ જશે અને અન્ય સમસ્યાઓ સર્જાશે. એવું ન થાય એટલા માટે સ્નાન કર્યા પછી ત્વચા પર થોડું તેલ લગાવવું જોઈએ.
- કેરોસીન, કોઈ બીજા કેમિકલ કે કપડા ધોવાના સાબુનો ઉપયોગ ન કરવો. તેનાથી ત્વચાને નુકસાન થાય છે.

### રંગની ઍલર્જી હોય તો શું કરવું?

- તમે કુદરતી રંગોથી જ રમતા હશો, પરંતુ કોઈ કેમિકલ કલર લઈને આવે અથવા કોઈ અકસ્માતે તમને એ કલર વડે રંગી નાખે તો સમસ્યા સર્જાઈ શકે છે. કુદરતી રંગમાંના એકાદ ઘટકથી પણ કોઈને ઍલર્જી થઈ શકે છે.
- આવો રંગ લાગ્યા પછી ત્વચા પર ખંજવાળ આવે અથવા ઍલર્જી રીએક્શન જેવું લાગે કે તરત જ એ ત્વચાના એ હિસ્સાને વહેતા પાણી નીચે રાખીને સાફ કરવો જોઈએ. તમે દહીં, એલો વેરા જ્યૂસ કે જેલ અથવા સાદો બરફ પણ લગાવી શકો છો. તેમ છતાં પણ પીડા ચાલુ રહે તો ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ.
- ત્વચા પરનો રંગ દૂર કરવા માટે બ્લીચ કે ફેસિયલ કે કોઈ બ્યૂટી ટ્રીટમૅન્ટ કરાવતા પહેલાં કાળજીપૂર્વક વિચાર કરવો જરૂરી છે. રંગ ચુસ્ત રીતે ચોંટી ગયો હોય એ વખતે ક્રીમ વગેરે લગાવવાથી રીએક્શન આવી શકે છે. તેથી જ રંગે રમ્યા પછીના ચાર-પાંચ દિવસ સુધી ચહેરા પર કૉસ્મેટિક્સ લગાવવાનું ટાળવું જોઈએ.
- આંખના ડૉક્ટરના જણાવ્યા મુજબ, ધુળેટી રમતી વખતે આંખમાં રંગ જાય તો તેને તત્કાળ પાણી વડે સાફ કરવી જરૂરી છે. આંખમાં બળતરા થતી હોય તો નાના કપમાં પાણી લઈને આંખ પર છંટકાવ કરવો જોઈએ.

# ડમ્બ બિરયાની સિરીઝ લઈને આવ્યો અરબાઝ-મલાઈકાનો પુત્ર અરહાન





## યુટ્યુબ પર 6 ભાગની પોડકાસ્ટ સીરીઝ રિલીઝ થશે, સલમાન ખાન પણ જોવા મળશે

અરબાઝ ખાન અને મલાઈકા અરોરાના પુત્ર અરહાન ખાને તેના પ્રથમ પ્રોજેક્ટ 'ડમ્બ બિરયાની'નું ટ્રેલર રિલીઝ કર્યું છે. આ 6 ભાગની મર્યાદિત પોડકાસ્ટ સિરીઝ છે જેમાં અરહાન તેના બે મિત્રો દેવ રાયાની અને આરુષ વર્મા સાથે જોવા મળશે. તેના ટ્રેલરમાં મલાઈકા અને અરબાઝ સિવાય સલમાન ખાન પણ જોવા મળી રહ્યો છે.

શનિવારે અરહાને આ ટ્રેલર સોશિયલ મીડિયા પર શેર કર્યું હતું. આ શેર કરતી વખતે, તેણે કહ્યું કે આ પોડકાસ્ટ ત્રણ મિત્રોની આસપાસ વણાયેલું છે જે ગયા વર્ષના ઉનાળામાં શૂટ કરવામાં આવ્યું હતું. આ સિરીઝ ટૂંક સમયમાં જ યુટ્યુબ પર રિલીઝ થશે. તે આદિ શેખાવત અને સાયશા શર્મા દ્વારા નિર્દેશિત છે.

ટ્રેલરની શરૂઆતમાં અરહાન કેબમાં બેસીને ઓરી અને તેના મિત્રો સાથે ચર્ચા કરી રહ્યો છે. આ દરમિયાન અરહાને તેની માતા મલાઈકા અરોરાની ફિલ્મ 'હાઉસફુલ' વિશે ચર્ચા કરી હતી. અરહાન કહે છે કે તે તેના પોડકાસ્ટ માટે લાફિંગ ગેસનો ઉપયોગ કરી શકે છે. જેમ તેણે 'હાઉસફુલ'માં કર્યું હતું, કારણ કે તેની મમ્મી તે ફિલ્મમાં હતી. આ સાંભળીને બધા હસી પડે છે.

આ પછી અરહાનના પિતા અરબાઝ તેને અને તેના મિત્રોને મહેનતનું મહત્વ જણાવે છે. તે કહે છે કે તમારે બધાએ ખૂબ મહેનત કરવી પડશે. ટ્રેલરમાં મલાઈકા તેના મિત્રો અને પુત્ર અરહાન સાથે ચર્ચા કરતી જોવા મળે છે. ટ્રેલરના છેલ્લા ભાગમાં સલમાન ખાન પણ જોવા મળી રહ્યો છે.

અરહાનના પ્રોજેક્ટનું ટ્રેલર કરણ જોહર, કરીના કપૂર, કેટરિના કૈફ, ગૌરી ખાન અને ફરાહ ખાન સહિત ઘણા મોટા સેલેબ્સ દ્વારા તેમના સંબંધિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરવામાં આવ્યું છે. દરેક વ્યક્તિ અરહાનને જોરદાર સપોર્ટ કરી રહી છે.

2002માં જન્મેલા અરહાને યુએસમાં ફિલ્મ મેકિંગનો અભ્યાસ કર્યો છે. તેણે તાજેતરમાં જ કરન જોહરને એક ફિલ્મ પ્રોજેક્ટમાં મદદ કરી હતી.

# પંચાયત ફેમ જીતુ ભૈયા એ પોતાની લવસ્ટોરી કહી

## 'જ્યારે ટીચરે એક છોકરીને ઠપકો આપ્યો તો હું તે છોકરીના પ્રેમમાં પડી ગયો'

પંચાયત અને 'કોટા ફેક્ટરી' જેવી વેબ સિરીઝમાં જોવા મળેલા એક્ટર જીતેન્દ્ર કુમારે એક ઈન્ટરવ્યૂમાં પોતાની પહેલી લવ સ્ટોરી વિશે વાત કરી હતી. જીતુએ જણાવ્યું કે તે એક નાના શહેરમાંથી આવે છે અને ત્યાંના લોકો વિચિત્ર રીતે પ્રેમમાં પડે છે.

તેમણે કહ્યું કે તેને એક છોકરી પર એટલા માટે ક્રશ હતો કારણ ટીચરે તેમને ખરાબ રીતે ઠપકો આપ્યો હતો. એક-બે દિવસ પછી એ ક્રશ પ્રેમમાં બદલાઈ ગયો.

યુટ્યુબર રાજ શમાણીને આપેલા એક ઈન્ટરવ્યૂમાં જીતેન્દ્રએ કહ્યું, 'મને એક છોકરી સાથે ખૂબ જ વિચિત્ર કારણસર પ્રેમ થયો હતો. એક દિવસ જ્યારે તે ક્લાસમાં મોડો આવી ત્યારે શિક્ષકે તેને ખૂબ ઠપકો આપ્યો. તેનું ખૂબ અપમાન થયું. તે સમયે હું ટોપર હતો તેથી મેં વિચાર્યું કે કદાચ હું તેની જગ્યાએ હોત તો મને આટલો ઠપકો ન મળ્યો હોત. એક-બે દિવસ પછી એ છોકરી મારી ક્રશ બની ગઈ અને હું પ્રેમમાં પડી ગયો. તે ક્રશ લાંબા સમય સુધી ચાલ્યો અને હું તેમને જુદી-જુદી રીતે જોતો હતો કે તે મારો જીવનભરનો પ્રેમ છે.

જીતેન્દ્રએ આગળ કહ્યું, 'નાના શહેરોમાં તમને કોઈને પ્રેમ કરવા અને કોઈ પર ક્રશ થવાના આવા વિચિત્ર કારણો જોવા મળશે. જ્યાં કો-એડ સ્કૂલ ઓછી હશે અને જ્યાં છોકરાઓ અને છોકરીઓને અલગ-અલગ વિભાગમાં રાખવામાં આવશે. જો તમે આવા વાતાવરણમાં ઉછરશો તો આવા કારણોસર પ્રેમમાં પડો છો.

આ પ્રસંગે જીતુએ IIT ખડગપુરના તેના એક મિત્રની વાર્તા પણ શેર કરી. એક્ટરે કહ્યું- 'એકવાર અમે જયપુરથી કોલકાતા ટ્રેનમાં જઈ રહ્યા હતા. અમારા 12 મિત્રોના ગ્રુપમાં એક છોકરી હતી જેને દિવાળીના બ્રેક પછી નવું લેપટોપ મળ્યું હતું.

અમે બધા તેના માટે ખૂબ ખુશ હતા પરંતુ બીજા દિવસે સવારે તેનું લેપટોપ ચોરાઈ ગયું. છોકરી રડતી હતી અને મારો મિત્ર તેમના પ્રેમમાં પડ્યો. આજ સુધી તે તે છોકરીના પ્રેમમાં છે, પરંતુ તે ક્યારેય આગળ વધી શક્યો નથી.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો જીતેન્દ્ર ટૂંક સમયમાં વેબ સિરીઝ 'પંચાયત'ની ત્રીજી સીઝનમાં જોવા મળશે. તેને પ્રાઈમ વીડિયો પર રિલીઝ કરવામાં આવશે. આ સિવાય તે 'કોટા ફેક્ટરી'ની આગામી સિઝનમાં પણ જોવા મળશે.



# 10-15 મિનિટની મીટિંગ માટે અનુરાગ લેશે 1 લાખ રૂપિયા ચાર્જ

બોલિવૂડ ફિલ્મમેકર અનુરાગ કશ્યપે ઈન્ડસ્ટ્રીમાં ઘણા નવા કલાકારોને તક આપી છે. પોતાના અનોખા નિર્દેશન માટે જાણીતા અનુરાગ આ દિવસોમાં એક્ટિંગમાં પણ એક્ટિવ છે. આ દરમિયાન, અનુરાગે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા તે લોકોને નિશાન બનાવ્યા જેઓ તેનો સમય બગાડે છે. કશ્યપે કહ્યું કે હવેથી તે કોઈપણને મળવા માટે પૈસા લેશે.

સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરતા અનુરાગે લખ્યું, 'મેં ઈન્ડસ્ટ્રીમાં નવા આવનારાઓની મદદ કરવાનો મારો ઘણો સમય વેડફ્યો, જેમાંથી મોટા ભાગનો સમય નકામો સાબિત થયો. તેથી હવેથી હું અજાણ્યા લોકોને મળવામાં મારો સમય બગાડવાનો નથી જે પોતાને સર્જનાત્મક પ્રતિભા માને છે. હવેથી મેં મારો દર નક્કી કર્યો છે. જો કોઈ મને 10-15 મિનિટ માટે મળવા માગે છે, તો હું તેની પાસેથી 1 લાખ રૂપિયા ચાર્જ કરીશ.

અનુરાગે આગળ લખ્યું, 'હું અડધા કલાકની મીટિંગ માટે 2 લાખ રૂપિયા ચાર્જ કરીશ અને જો કોઈ મને એક કલાક માટે મળવા માંગે છે, તો તેણે મને તેના માટે 5 લાખ રૂપિયા ચૂકવવા પડશે. આ મારો ચાર્જ છે. હું લોકોને મળીને કંટાળી ગયો છું. જો તમને ખરેખર લાગતું હોય કે તમે તે પરવડી શકો છો તો મને બોલાવો. અને તમામ પૈસા એડવાન્સમાં ચૂકવવામાં આવશે.

આ સિવાય અનુરાગે આ પોસ્ટના કેપ્શનમાં લખ્યું છે કે, 'મને મેસેજ ન કરો કે કૉલ કરશો નહીં. પેમેન્ટ કરો અને તમને સમય આપવામાં આવશે. હું દાનવીર નથી. હું શૉર્ટકટ શોધતા લોકોથી કંટાળી ગયો છું. આ પોસ્ટ પર કમેન્ટ કરતા અનુરાગની પુત્રી આલિયા કશ્યપે લખ્યું, 'હું તમારા આ મેસેજને મારા DM અને મેઈલ પર ફોરવર્ડ કરું છું. જેઓ મને વારંવાર સ્ક્રિપ્ટ્સ મોકલે છે અને મને તે તમને ફોરવર્ડ કરવાનું કહે છે.' અનુરાગની આ પોસ્ટના કમેન્ટ બોક્સમાં યુઝર્સે તેની મજાક ઉડાવી હતી. એક યુઝરે લખ્યું- હોળી પહેલા ગાંજો ન પીવો જોઈએ. એક યુઝરે લખ્યું- સર, શું આ તમારા કંગનાના ફેજની શરૂઆત છે? કેટલાક યુઝર્સે તો એમ પણ કહ્યું કે અનુરાગ પર સંદીપ રેડ્ડી વાંગાને મળવાની આ અસર છે.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો અનુરાગ નવાઝુદ્દીન સિદ્દીકી સ્ટારર 'હડ્ડી'માં વિલનની ભૂમિકામાં જોવા મળ્યો હતો. આ સિવાય વિજય સ્ટારર 'લિયો'માં પણ નાનો રોલ કર્યો હતો. અનુરાગની આગામી ફિલ્મ 'વન ટુ વન' છે જેમાં તે એક્ટિંગ કરતો જોવા મળશે. દિગ્દર્શક તરીકે કશ્યપની છેલ્લી ફિલ્મ 'કેનેડી' હતી જે 2023માં રિલીઝ થઈ હતી.

# શરૂ થતા પહેલાં જ પડદો પડ્યો 'પ્રેમ કી શાદી 'ફિલ્મનો : ફિલ્મ મેકર તેમના પુત્રની કરિયરને પાટા પર ચઢાવવા માગે છે



રિપોર્ટ્સનું માનીએ તો ડિરેક્ટર સૂરજ બડજાત્યા સુપરસ્ટાર સલમાન ખાન સાથે ફિલ્મ 'પ્રેમ કી શાદી' બનાવવાના હતા. પરંતુ હવે સાંભળવા મળે છે કે આ પ્રોજેક્ટ અધવચ્ચે જ રોકી દેવામાં આવ્યો છે, કારણ કે સલમાન ખાન અને ડિરેક્ટર વચ્ચે વિવિધ પાસાઓ પર મતભેદ થયા હતાં.

ટાઈમ્સ નાઉના હાલના રિપોર્ટ અનુસાર, સલમાન ખાન અને સૂરજ બડજાત્યા અત્યારે કોઈ પ્રોજેક્ટ પર સાથે કામ કરી રહ્યા નથી. ફિલ્મ મેકર અત્યારે કોઈ ફિલ્મનું નિર્દેશન કરશે નહીં. સૂરજ બડજાત્યા હાલમાં તેમના પુત્ર અવનીશ બડજાત્યાની કરિયરમાં ધ્યાન આપવા માગે છે.

અવનીશે ગત વર્ષે ફિલ્મ 'દોનો'થી ડિરેક્ટર તરીકે ડેબ્યૂ કર્યું હતું. પરંતુ કમનસીબે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી ન હતી. અવનીશની પહેલી ફિલ્મ સારી ન થવાને કારણે સૂરજ બડજાત્યા ખૂબ જ દુઃખી છે. તેથી, હવે તેમણે તેમના પુત્રની કરિયર પાટે ચડાવવાનું નક્કી કર્યું છે.

સૂરજ હાલમાં અવનીશની આગામી ફિલ્મના પ્લાનિંગમાં વ્યસ્ત છે. અવનીશ બડજાત્યાની આગામી ફિલ્મમાં સલમાન ખાન હોવાની શક્યતા વિશે વાત કરતાં સૂત્રોએ જણાવ્યું કે સુપરસ્ટાર આ ફિલ્મમાં હોવાની શક્યતા છે. પરંતુ સુપરસ્ટાર સંપૂર્ણ રોલ નહીં પરંતુ કેમિયો કરતો જોવા મળે છે. સલમાન ખાન એઆર મુરુગાદોસની એક્શન એન્ટરટેનરમાં જોવા મળશે. આ ફિલ્મ ઈદ 2025ના અવસર પર રિલીઝ થશે. એઆર મુરુગાદોસના જણાવ્યા અનુસાર, આ ફિલ્મમાં સલમાનનો અગાઉ ક્યારેય ન જોયો હોય એવો અવતાર જોવા મળશે. આપાન ઈન્ડિયા ફિલ્મ હશે. ફિલ્મમાં હાઈ ઈન્ટેન્સિટી એક્શન ઉપરાંત ઈમોશનલ ડ્રામા પણ બતાવવામાં આવશે. સલમાન ખાન 'શેરશાહ' ડિરેક્ટર વિષ્ણુવર્ધન સાથે 'ધ બુલ' નામની બહુચર્ચિત એક્શન થ્રિલરમાં પણ કામ કરી રહ્યો છે. આ ફિલ્મનું નિર્માણ કરન જોહરના ધર્મા પ્રોડક્શન દ્વારા કરવામાં આવી રહ્યું છે. 1998માં રિલીઝ થયેલી ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ' બાદ હવે સલમાન અને કરનની જોડી ફરી એકવાર સાથે કામ કરતી જોવા મળશે. સલમાન ખાન ભાઈ સોહેલ ખાન સાથે 'શેર ખાન' પ્રોજેક્ટમાં પણ કામ કરી શકે છે. આ પ્રોજેક્ટની જાહેરાત વર્ષ 2012માં કરવામાં આવી હતી, પરંતુ ત્યાર બાદ આ પ્રોજેક્ટ બંધ કરી દેવામાં આવ્યો હતો. સલમાન ખાન 'ટાઈગર VS પઠાન'માં પણ જોવા મળશે. આ ફિલ્મ યશ રાજ ફિલ્મ્સના સ્પાઈ યુનિવર્સમાં આવનારા સૌથી રોમાંચક પ્રોજેક્ટ્સમાંની એક છે.

# KGF ફેમ યશની ફિલ્મ ટોક્સિકમાં એક્ટ્રેસ કોણ?

## મેકર્સે મૌન તોડ્યું, કરીના કપૂરથી લઈને કિઆરા અડવાણી સુધીના નામની ચર્ચાએ પકડ્યું હતું જોર



KGF ફેમ યશ સ્ટારર ફિલ્મ 'ટોક્સિક' હાલ ચર્ચામાંછે. આ ફિલ્મ આવતા વર્ષે એપ્રિલમાં રિલીઝ થશે. આવી સ્થિતિમાં હવે આ ફિલ્મ વિશે એક નવું અપડેટ સામે આવ્યું છે.

ફિલ્મ 'ટોક્સિક'માં યશની સામે અભિનેત્રી કોણ હશે તે સવાલ પર અનેક અટકળો લગાવવામાં આવી રહી છે. કેટલાક રિપોર્ટ્સમાં કરીના કપૂરનું નામ લેવામાં આવી રહ્યું છે તો કેટલીક જગ્યાએ શ્રુતિ હાસન, સાઈ પલ્લવી અને કિયારા અડવાણીનું નામ લેવામાં આવી રહ્યું છે.

જોકે હવે આ સમાચાર પર મેકર્સે મૌન તોડ્યું છે. ફિલ્મના નિર્માતાઓએ 23 માર્ચે સોશિયલ મીડિયા પર એક ઓફિશિયલ પોસ્ટ શેર કરી હતી. પોસ્ટમાં લખ્યું છે - 'ટોક્સિક'ના કાસ્ટિંગને લગતી ઘણી ખોટી થિયરી અને સમાચાર દરેક જગ્યાએ ફેલાયેલા છે. અમે ખરેખર 'ટોક્સિક' પ્રોજેક્ટ માટે લોકોના ઉત્સાહની પ્રશંસા કરીએ છીએ. પરંતુ અમે હાલ આ પોઈન્ટ પર વાત કરવા નથી માગતા.

પોસ્ટમાં વધુમાં લખ્યું છે - ફિલ્મની કાસ્ટિંગ પ્રક્રિયા લગભગ પૂર્ણ થઈ ગઈ છે. અમે આ વાર્તા લાવવાની તૈયારી કરી રહ્યા હોવાથી, અમે દરેકને ઓફિશિયલ જાહેરાત થાય ત્યાં સુધી રાહ જોવાની વિનંતી કરીએ છીએ.

યશ આ પહેલા 'KGF 2'માં જોવા મળ્યો હતો. પ્રશાંત નીલ દ્વારા નિર્દેશિત આ ફિલ્મે વિશ્વભરમાં 1200 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. યશે દોઢ-બે વર્ષ પછી તેની નવી ફિલ્મ 'ટોક્સિક'ની જાહેરાત કરી છે.

ફિલ્મ 'ટોક્સિક' ગોવાના બેકગ્રાઉન્ડ પર આધારિત હશે. KGFની જેમ આ પણ પિરિયડ ક્રાઈમ ડ્રામા હશે. 60ના દાયકામાં ગોવામાં રશિયન અને ડ્રગ્સ માફિયાઓની ઘૂસણખોરી હતી. ફિલ્મની વાર્તા યશનું પાત્ર કેવી રીતે રશિયન આધિપત્યને પડકારે છે તેની આસપાસ ફરશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ ફિલ્મમાં યશની સાથે સાઈ પલ્લવી પણ જોવા મળશે.

આ પહેલીવાર નથી કે, જ્યારે શાહરુખ ખાનને પાન ઈન્ડિયા ફિલ્મમાં કેમિયો રોલ કરવા માટે સંપર્ક કરવામાં આવ્યો હોય. ગત વર્ષે દિગ્દર્શક લોકેશ કનાગરાજે પણ રજનીકાંત સાથેની તેમની આગામી ફિલ્મ માટે એસઆરકેનો સંપર્ક કર્યો હતો. જોકે આ વાતચીત સફળ થઈ શકી નથી.



### ફિલ્મનું બજેટ 100 કરોડ રૂપિયા હશે

KGF સિરીઝની જેમ આ ફિલ્મ પણ એક્શન થ્રિલર હશે. સૂત્રોએ જણાવ્યું- યશ પોતે પણ આ ફિલ્મમાં નિર્માતા હશે. તે 100 કરોડથી વધુના બજેટમાં પણ લગાવવામાં આવી રહ્યું છે. યશને ફિલ્મનો પ્લોટ એટલો ગમ્યો છે કે તે હાલમાં અન્ય પ્રોજેક્ટ્સને બાજુ પર રાખીને તેનું સંપૂર્ણ ધ્યાન તેના પર કેન્દ્રિત કરી રહ્યો છે. ડ્રગ્સ અને રશિયન માફિયાઓ સાથે જે પણ હિપ્પી સંસ્કૃતિ હતી - તે બધું જ ફિલ્મમાં બતાવવામાં આવશે.

# IPL વચ્ચે ઋષભ પંત સાથેના લગ્ન પર ઉર્વશી રૌતેલાએ તોડ્યું મૌન...

બોલિવૂડ એક્ટ્રેસ ઉર્વશી રૌતેલા તેની પ્રોફેશનલ લાઈફ કરતાં તેના અંગત જીવન માટે વધુ ચર્ચામાં રહે છે. દરરોજ અભિનેત્રી ભારતીય ક્રિકેટર ઋષભ પંત સાથેના ડેટિંગના સમાચારોને લઈને ચર્ચામાં રહે છે. જોકે, આ અંગે બંને તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી પરંતુ હવે પહેલીવાર ઉર્વશી રૌતેલાએ પોતાનું મૌન તોડ્યું છે.

બોલિવૂડ એક્ટ્રેસ ઉર્વશી રૌતેલાએ આપેલા ઈન્ટરવ્યુમાં પોતાના અંગત જીવન સાથે જોડાયેલા ઘણા રહસ્યો જાહેર કર્યા હતા. આ દરમિયાન જ્યારે તેને ઋષભ પંત સાથે લગ્ન કરવા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે અભિનેત્રીએ એવો જવાબ આપ્યો જે સાંભળીને તેના ફેન્સ પણ આશ્ચર્યચકિત થઈ જશે.

ઉર્વશી રૌતેલાને સોશિયલ મીડિયા પર લોકો વારંવાર ઋષભ પંત સાથે લગ્ન કરવાની સલાહ આપે છે. તેણીની પોસ્ટ પર ટિપ્પણી કરતી વખતે એક યુઝરે લખ્યું હતું કે, ઋષભ પંત, મેડમને ભૂલશો નહીં. તે તમારો ઘણો આદર કરે છે અને તમને હંમેશા ખુશ રાખશે. જો તમે તેની સાથે લગ્ન કરશો તો અમને આનંદ થશે.

ત્યાર બાદ જ્યારે અભિનેત્રીને લગ્ન પર સવાલ પૂછવામાં આવ્યો તો તેણે તેનો જવાબ આપવાનો ઈનકાર કરી દીધો હતો. અભિનેત્રીએ કહ્યું હતું કે, 'મને કોઈ રસ નથી અને હું ટિપ્પણી કરવા માંગતી નથી.' આ પછી અભિનેત્રીને પૂછવામાં આવ્યું કે તે લગ્ન માટે કેવો છોકરો ઈચ્છે છે જેના જવાબમાં તેણે કહ્યું હતું કે, 'સરળ, સંસ્કારી અને નમ્ર.' હાલમાં ઉર્વશી રૌતેલાનો આ જવાબ સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચામાં છે.

તમને જણાવી દઈએ કે ઉર્વશી રૌતેલા અવારનવાર આવી પોસ્ટ શેર કરે છે જેને જોઈને ફેન્સ અનુમાન કરે છે કે તેણે ઋષભ પંત માટે લખ્યું છે. ગયા વર્ષે જ્યારે ક્રિકેટરનો કાર અકસ્માત થયો હતો ત્યારે અભિનેત્રીએ હોસ્પિટલનો એક ફોટો શેર કર્યો હતો જેને જોઈને ચાહકોએ કહ્યું હતું કે તે ક્રિકેટરને મળવા ગઈ હતી. જોકે ઋષભ પંતે આ અફવાઓ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી.

# રસેલ IPLમાં 200 સિક્સર મારનાર 9મો ખેલાડી




**કોલકત્તા તા 24**

IPL 2024માં પ્રથમ ડબલ હેડર શનિવારે રમાઈ હતી. દિવસની પ્રથમ મેચમાં પંજાબ કિંગ્સે દિલ્હી કેપિટલ્સને 4 વિકેટે હરાવ્યું હતું. સાંજે, એક રોમાંચક મેચમાં, KKRએ SRH પર 4 રને વિજય મેળવ્યો. પંજાબ કિંગ્સે IPLમાં સૌથી વધુ વખત RCBને હરાવ્યું છે. હવે આ રેકોર્ડમાં દિલ્હી કેપિટલ્સ પણ સામેલ થઈ ગઈ છે. પંજાબે આ બંનેને 17-17 વખત હરાવ્યા છે. બીજી તરફ કોલકાતાના આન્દ્રે રસેલે IPLમાં 200 સિક્સર પૂરી કરી. આવું કરનાર તે 9મો ખેલાડી બન્યો. શનિવારે બંને મેચના ટોપ રેકોર્ડ... KKR Vs SRH મેચમાં બનાવ્યો રેકોર્ડ... 1. આન્દ્રે રસેલ IPLમાં 200 સિક્સર ફટકારનાર ત્રીજો કેરેબિયન પ્લેયર KKR માટે લાંબા સમયથી IPLમાં રમી રહેલા આન્દ્રે રસેલે IPLમાં 200 સિક્સર પૂરી કરી હતી. આમ કરનાર તે 9મો અને ત્રીજો કેરેબિયન ખેલાડી બન્યો. તેની પહેલા વેસ્ટ ઈન્ડિઝના ક્રિસ ગેલ અને કિરોન પોલાર્ડ પણ 200થી વધુ સિક્સર ફટકારી ચૂક્યા છે. ગેલે IPLમાં સૌથી વધુ સિક્સર (357) ફટકારી છે. તે જ સમયે, ભારતીયોમાં આ રેકોર્ડ રોહિત શર્માના નામે છે, તેણે 257 છગ્ગા ફટકાર્યા છે. 200થી વધુ સિક્સર મારનારા ખેલાડીઓમાં ભારતના 4 અને વેસ્ટ ઈન્ડિઝના 3 ખેલાડી છે. દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાનો એક-એક ખેલાડી છે. 2. SRHએ એક ઈનિંગમાં સૌથી વધુ સિક્સ ફટકારી કોલકાતા સામે શનિવારે રાત્રે રમાયેલી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે 15 છગ્ગા ફટકાર્યા હતા. આ સાથે ટીમે IPLની એક ઈનિંગ્સમાં સૌથી વધુ સિક્સ ફટકારી છે. અગાઉ 2019માં, ટીમે RCB સામે અને 2023માં RR સામે 13-13 છગ્ગા ફટકાર્યા હતા. 3. ક્લાસેને વોર્નર-મનીષ પાંડેની બરાબરી કરી SRHના હેનરિક ક્લાસને શનિવારે કોલકાતા સામે 8 સિક્સર ફટકારી હતી. આ સાથે તેણે હૈદરાબાદ માટે એક ઈનિંગમાં સૌથી વધુ સિક્સર મારનારા ખેલાડીઓની બરાબરી કરી લીધી. તેના પહેલાં ડેવિડ વોર્નરે 2017માં કોલકાતા સામે 8-8 સિક્સ ફટકારી હતી અને મનીષ પાંડેએ 2020માં રાજસ્થાન સામે 8 સિક્સર ફટકારી હતી. 4. ક્લાસેન ચોગ્ગા વિના સૌથી વધુ છગ્ગા મારનાર ખેલાડી બન્યો હેનરિક ક્લાસને તેની 63 રનની ઈનિંગમાં એક પણ ચોગ્ગો માર્યો ન હતો. તમામ બાઉન્ડ્રી માત્ર સિક્સરના રૂપમાં જ ફટકારી હતી. આ સાથે, તે IPLની એક ઈનિંગમાં ચોગ્ગા ફટકાર્યા વિના સૌથી વધુ સિક્સર મારનાર ખેલાડી બની ગયો. IPL મેચમાં રન ચેઝ કરતી વખતે છેલ્લી 4 ઓવરમાં સૌથી વધુ રન બનાવવાના મામલે SRH બીજા ક્રમે છે. ટીમે KKR સામે ડેથ ઓવરમાં 71 રન બનાવ્યા હતા.

આ રેકોર્ડમાં મુંબઈ ટોપ પર છે. 2020માં, ટીમે છેલ્લી 4 ઓવરમાં 79 રન બનાવીને બેંગલુરુ સામેની મેચ ટાઈ કરી હતી, જેમાં બેંગલુરુનો વિજય થયો હતો. PBKSએ RCB સાથે દિલ્હીને પણ સૌથી વધુ વખત હરાવ્યું પંજાબ કિંગ્સે IPLમાં સૌથી વધુ વખત RCBને હરાવ્યું છે. તે જ સમયે, હવે દિલ્હી કેપિટલ્સે પણ આ રેકોર્ડમાં પ્રવેશ કર્યો છે. બંને ટીમને 17-17 વખત હરાવી છે. ટીમને મુંબઈ ઈન્ડિયન્સ સામે 15 જીત મળી છે. રિષભ પંતે T-20માં 400 ચોગ્ગા પૂરા કર્યા

# હર્ષિત રાણાએ ફ્લાઈંગ કિસ આપીને અગ્રવાલને ચીડવ્યો

**કોલકાતા તા 24**



ઈન્ડિયન પ્રીમિયર લીગ-2024ની ત્રીજી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)ને 4 રનથી હરાવ્યું. શનિવારે ઈડન ગાર્ડન્સમાં પ્રથમ બેટિંગ કરવા આવેલી KKRએ 20 ઓવરમાં 208 રન બનાવ્યા હતા.

209 રનના ટાર્ગેટનો પીછો કરવા આવેલી હૈદરાબાદની ટીમ 20 ઓવરમાં 7 વિકેટે 204 રન જ બનાવી શકી હતી. મેચ દરમિયાન KKRના ફિલ સોલ્ટે સતત ત્રણ સિક્સર ફટકારી હતી. બોલર હર્ષિત રાણાએ સનરાઈઝર્સ હૈદરાબાદના બેટર મયંક અગ્રવાલને આઉટ કર્યા બાદ ફ્લાઈંગ કિસ જેસ્ચર કરીને તેને ચીડવ્યો હતો. જોકે હર્ષિત પર મેચ ફીના 60% ફાઈન લગાવવામાં આવ્યો હતો. 1. સોલ્ટે યાન્સેનને સતત ત્રણ સિક્સર ફટકારી KR માટે ડેબ્યૂ કરનાર ફિલ સોલ્ટે માર્કો યાન્સેનની ઓવરમાં સતત 3 સિક્સર ફટકારી હતી. મેચની બીજી ઓવરમાં માર્કો યાન્સેનના પહેલા બોલ પર સુનીલ નારાયણે સિંગલ લીધો અને સોલ્ટને સ્ટ્રાઈક આપી. બીજો બોલ ડોટ હતો. આ પછી સોલ્ટે સતત ત્રીજા, ચોથા અને પાંચમા બોલ પર ત્રણ સિક્સર ફટકારીને 18 રન ઉમેર્યા.

# શા માટે વાપસી બાદ ફ્લોપ રહ્યો રિષભ પંત? મેચ બાદ જણાવ્યું કારણ

**નવી દિલ્હી તા 24**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL 2024)ની બીજી મેચમાં પંજાબ કિંગ્સે દિલ્હી કેપિટલ્સને 4 વિકેટથી હરાવ્યું હતું. રોમાંચક મેચમાં ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા દિલ્હી કેપિટલ્સે 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 174 રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબ કિંગ્સે 4 બોલ બાકી રહેતા ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. સેમ કરન જીતનો હીરો હતો. તેને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો હતો. 454 દિવસ બાદ મેદાન પર આવેલ પંત મોટી ઈનિંગ રમવામાં નિષ્ફળ રહ્યો હતો. તેણે 13 બોલમાં 18 રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન પંતે 2 ફોર પણ ફટકારી હતી. પંત હર્ષલ પટેલના બોલ પર જોની બેરસ્ટોના હાથે કેચ આઉટ થયો હતો. મેચ બાદ રિષભ પંતે મોટી ઈનિંગ્સ ન રમવાનું કારણ જણાવ્યું. પંતે કહ્યું, 'વ્યક્તિગત રીતે હું ખૂબ જ નર્વસ હતો,

પરંતુ જ્યારે તમે મેદાનમાં પ્રવેશો છો ત્યારે તમારે તેમાંથી પસાર થવું પડશે. આ પહેલીવાર નથી જ્યારે હું નર્વસ છું, પરંતુ હું મેદાનમાં વાપસી કરીને ખુશ છું. મને લાગે છે કે અમારો સ્કોર બરાબર હતો, પરંતુ ઈજાને કારણે અમારી પાસે એક બોલર ઓછો હતો, તેથી અમે તેના વિશે વધુ કરી શકતા નથી. અમે જે રીતે રમવાની અપેક્ષા રાખીએ છીએ તે રીતે વિકેટ રમી, કોઈ બહાનું કાઢી શકાય નહીં. અમે આમાંથી શીખીશું.' તમને જણાવી દઈએ કે ફાસ્ટ બોલર ઈશાંત શર્મા મેચ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે ઈજાગ્રસ્ત થયો હતો. આ પછી તે મેદાનની બહાર ઓવર નાંખી હતી. પંતે કહ્યું, 'ઈશાંતની ઈજા સ્પષ્ટ દેખાતી હતી કારણ કે અમારી પાસે કોઈપણ રીતે એક ખેલાડીની કમી હતી. અમે બેટિંગમાં થોડા પાછળ હતા. અભિષેક પોરેલે આવીને કેટલાક રન બનાવ્યા જે મહત્વપૂર્ણ હતા. તે એક અદ્ભુત ઈનિંગ હતી, તેને અભિનંદન. મને લાગે છે કે આ તેની ત્રીજી કે ચોથી રમત છે પરંતુ તેણે જે પ્રકારની અસર કરી છે તે જોરદાર હતી. અમારી પાસે વધારાની બોલિંગનો અભાવ હતો.

અમે ખરેખર અંતે વાપસી કરી, પરંતુ અમે જીતી શક્યા નહીં. તે રમતનો એક ભાગ છે. મને લાગે છે કે પંજાબ કિંગ્સે સારું પ્રદર્શન કર્યું હતું.




# અભિષેક પોરેલ, જેણે ઇમ્પેક્ટ પ્લેયર તરીકે રમી તોફાની ઈનિંગ



**પંજાબ તા 24**

IPLની બીજી મેચમાં યુવા વિકેટકીપર બેટ્સમેન અભિષેક પોરેલે દિલ્હી કેપિટલ્સ માટે તબાહી મચાવી હતી. અભિષેકે 10 બોલમાં 32 રનની અણનમ ઈનિંગ રમી હતી. છેલ્લી ઓવરમાં હર્ષલ પટેલે 2 સિક્સ અને 3 ફોર સહિત કુલ 25 રન બનાવ્યા હતા. પોરેલની ઈનિંગના કારણે દિલ્હીએ પંજાબને 175 રનનો ટાર્ગેટ આપ્યો હતો. પંજાબે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. દિલ્હીની શરૂઆત શાનદાર રહી હતી. માર્શ અને વોર્નરે ઝડપથી રન બનાવ્યા હતા. જો કે બંને વિકેટ પડ્યા બાદ પંજાબે પોતાની પકડ મજબૂત કરી લીધી હતી. 147ના સ્કોર સુધી પહોંચતાં ટીમે 8 વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, પોરેલની તાબડતોડ ઈનિંગ્સે દિલ્હીને લડાયક સ્કોર સુધી પહોંચાડ્યું હતું. દિલ્હીએ અભિષેક પોરેલને ઈમ્પેક્ટ પ્લેયર તરીકે બેટિંગ કરવા મેદાનમાં મોકલ્યો હતો. પોરેલે તેની 10 બોલની ઈનિંગમાં 4 ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી અણનમ 32 રન બનાવ્યા હતા. પોરેલે છેલ્લી ઓવરમાં 25 રન કર્યા હતા.

પોરેલની આ છઠ્ઠી આઈપીએલ મેચ હતી. વર્ષ 2023માં, પોરેલે ગુજરાત સામે દિલ્હી તરફથી ડેબ્યૂ કર્યું હતું. તમને જણાવી દઈએ કે અભિષેક પોરેલ બંગાળનો યુવા વિકેટકીપર બેટ્સમેન છે. તે 2022 અંડર-19 વર્લ્ડકપ વિજેતા ભારતીય ટીમનો પણ ભાગ રહી ચૂક્યો છે. પોરેલે તેની રણજી ટ્રોફી ડેબ્યૂમાં ફિફ્ટી ફટકારીને બધાનું ધ્યાન ખેંચ્યું હતું. પોરેલે અત્યાર સુધીમાં 16 ફર્સ્ટ ક્લાસ મેચ રમી છે. પોરેલે 30.21ની એવરેજથી 695 રન બનાવ્યા છે.

# પંજાબ કિંગ્સે કરી જીતથી શરૂઆત

**નવી દિલ્હી તા 24**

IPL 2024ની બીજી મેચમાં પંજાબ કિંગ્સે દિલ્હી કેપિટલ્સને હરાવીને વિજયી શરૂઆત કરી હતી. જ્યારે દિલ્હી માટે ઋષભ પંત લાંબા સમય બાદ પરત ફર્યો હતો પરંતુ ટીમ જીતની ઉજવણી કરી શકી ન હતી. એટલું જ નહીં, આ મેચમાં કેપ્ટન પંતે કેટલીક ભૂલો પણ કરી હતી જે કદાચ દિલ્હી માટે મોંઘી સાબિત થઈ હતી. તે ભૂલો અને ઈશાંત શર્માની ઈજા બાદ આ મેચમાં દિલ્હીની ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. સેમ કરનની 63 રનની શાનદાર ફિફ્ટીના કારણે પંજાબ કિંગ્સે આ મેચ 4 વિકેટે જીતી લીધી હતી. રિષભ પંતની કઈ ભૂલ તેને મોંઘી પડી?




વાસ્તવમાં રિષભ પંતની પહેલી ભૂલ પૃથ્વી શૉને બેટિંગ માટે ટીમમાં સામેલ ન કરવાની હતી. તે ઈમ્પેક્ટ સબ તરીકે પણ ટીમમાં નહોતો. તે પછી, ઈમ્પેક્ટ સબના જૂથનો ભાગ રહેલા મુકેશ કુમારને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. જ્યારે ઈશાંત શર્મા મેચની વચ્ચે ઈજાગ્રસ્ત થયો ત્યારે ટીમને એક બોલરની ખોટ પડી. દિલ્હીની હારનું આ સૌથી મોટું કારણ હતું.

# દિલ્હીને પહેલી મેચમાં લાગ્યો મોટો ઝટકો, ઘાતક બોલર થયો ઈજાગ્રસ્ત

**નવી દિલ્હી તા 24**



દિલ્હી કેપિટલ્સને IPL 2024ની બીજી મેચમાં અને તેની પ્રથમ મેચમાં જ મોટો ઝટકો લાગ્યો છે. ઈશાંત શર્માએ પ્રથમ બે ઓવર શાનદાર રીતે ફેંકી અને કેપ્ટન શિખર ધવને પણ ક્લીન બોલ્ડ કર્યો. પરંતુ છઠ્ઠી ઓવરમાં ફિલ્ડિંગ કરતી વખતે ઈજાગ્રસ્ત થયો હતો. તેનો પગ વળી ગયો અને તે સહારો લઈને મેદાનની બહાર ગયો હતો. આ રીતે દિલ્હી કેપિટલ્સની મુશ્કેલીઓ ઘણી વધી ગઈ છે. હજી ઓનરિક નોર્કિયા ઈજામાંથી બહાર આવ્યો નથી. લુંગી એનગિડી ઈજાના કારણે IPLમાંથી બહાર થઈ ગયો છે. હવે ઈશાંતની ઈજાએ મુશ્કેલી વધારી દીધી છે. ોંધનીય છે કે વર્લ્ડકપ 2023માં હાર્દિક પંડ્યા અને ત્યારબાદ સાઉથ આફ્રિકા સીરિઝમાં સૂર્યકુમાર યાદવ પણ આવી જ રીતે ઈજાગ્રસ્ત થયા હતા. બંને હજુ સુધી મેદાનમાં પાછા ફર્યા નથી. જો કે, હાર્દિક વાપસી કરવા જઈ રહ્યો પરંતુ સૂર્યા હજુ સંપૂર્ણ રીતે ફિટ નથી. આવી સ્થિતિમાં ઈશાંતની આ ઈજા મોટી સાબિત થઈ શકે છે અને તે ઘણી મેચો અથવા તો આખી ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ શકે છે. કેપ્ટન પંત અને દિલ્હી કેપિટલ્સના ચાહકો ઈચ્છશે કે આ ઈજા ગંભીર ન હોવી જોઈએ. આ મેચની વાત કરીએ તો પહેલા રમતા દિલ્હીએ 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 174 રન બનાવ્યા હતા. અંતમાં, અભિષેક પોરેલે 10 બોલમાં 32 રન બનાવીને દિલ્હી માટે શાનદાર પ્રદર્શન કર્યું હતું. પંજાબ તરફથી હર્ષલ પટેલ અને અર્શદીપ સિંહને 2-2 સફળતા મળી હતી. જવાબમાં પંજાબ કિંગ્સે 19.2 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. સેમ કરને 63 રનની શાનદાર ઈનિંગ રમી હતી. તેના સિવાય લિયામ લિવિંગસ્ટોન 38 રન બનાવીને અણનમ રહ્યો અને ટીમને જીત તરફ દોરી ગયો.

## રચિન અને મુસ્તાફિઝુર માત્ર મહોરું! થાલાના આ પગલાએ RCBને હરાવ્યું

IPL 2024ની શરૂઆતની મેચમાં વિરાટ કોહલીની ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ચેન્નાઈએ બેંગલુરુને 6 વિકેટે હરાવીને ટૂર્નામેન્ટની જીત સાથે શરૂઆત કરી હતી. આ મેચ સાથે RCB માટે પણ મુશ્કેલીઓ વધવા લાગી છે.

બેંગલુરુની ટીમ ન તો બેટિંગમાં પોતાની તાકાત બતાવી શકી અને ન તો બોલિંગમાં કંઈ ખાસ કમાલ કર્યો ન હતો. રચિન રવિન્દ્રથી લઈને શિવમ દુબે સુધી ચેન્નાઈના તમામ ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે. પરંતુ અમે તમને જણાવી દઈએ કે બેંગલુરુને હરાવનાર ખેલાડીઓ રચિન અને શિવમ નહીં, પરંતુ એમએસ ધોનીની ચાલ હતી જેણે આરસીબીને હરાવ્યું હતું. IPL 2024 પહેલા ચેન્નાઈ સુપર કિંગ્સમાં મોટો ફેરફાર જોવા મળ્યો હતો. CSKએ છેલ્લી ક્ષણે પોતાનો કેપ્ટન બદલ્યો.

# PCBના પૂર્વ અધ્યક્ષ શહરયાર ખાનનું નિધન

**પાકિસ્તાન તા 24**



પાકિસ્તાન ક્રિકેટને 23 માર્ચે મોટો ફટકો પડ્યો છે. પીસીબીના પૂર્વ અધ્યક્ષ અને જાણીતા રાજદ્વારી શહરયાર ખાનનું નિધન થયાના સમાચાર સામે આવ્યા છે. જેના કારણે પાકિસ્તાન ક્રિકેટ જગતમાં શોકની લહેર છે. શહરયાર ખાનના મૃત્યુની તેના પરિવારે પુષ્ટિ કરી છે. શહરયાર ખાનનું નિધન પાકિસ્તાનના લાહોરમાં થયું હતું. શહરયારે રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના મેનેજર, પીસીબીના બે વખત અધ્યક્ષ અને વિદેશી બાબતોના સચિવ તરીકે પણ સેવા આપી હતી. ભારત સાથે ખાસ સંબંધ હતો

તમને જણાવી દઈએ કે, શહરયાર ખાનનો જન્મ 29 માર્ચ 1934ના રોજ લખનૌમાં થયો હતો. શહરયાર ખાને પ્રારંભિક શિક્ષણ ભારતમાં જ લીધું હતું. આ પછી ભારતનું વિભાજન થયું અને શહરયાર ખાન પાકિસ્તાન ગયા હતા. શહરયાર ખાને કરાચીમાં રાજદ્વારી તરીકે વિશિષ્ટ કારકિર્દીની શરૂઆત કરી હતી. આ સિવાય તેઓ પાકિસ્તાનના વિદેશ સચિવ તરીકે ફરજ બજાવતા હતા. શહરયાર ખાન એક સમૃદ્ધ ક્રિકેટ વારસો ધરાવતા પરિવારના હતા. તેઓ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન નવાબ મન્સૂર અલી ખાન પટૌડીના પિતરાઈ ભાઈ હતા.

# કોહલીએ ખરેખર રચિન સાથે કર્યો હતો દુર્વ્યવહાર?

**ચેન્નાઈ તા 24**

IPL 2024ની શરૂઆત ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચેની મેચથી રમાઈ હતી. CSKએ RCBને હરાવીને ટૂર્નામેન્ટની જીત સાથે શરૂઆત કરી હતી. આ મેચમાં CSKએ RCBને 6 વિકેટથી હરાવ્યું હતું.

આ મેચમાં વિરાટ કોહલી લાંબા સમય બાદ ક્રિકેટના મેદાનમાં પરત ફર્યો હતો. પરંતુ વિરાટ બેટિંગમાં વધુ કંઈ કરી શક્યો ન હતો, કોહલી પ્રથમ મેચમાં માત્ર 21 રન બનાવીને આઉટ થયો હતો. વિરાટ કોહલીનું આક્રમક ફોર્મ અવારનવાર મેદાન પર જોવા મળે છે. આવું જ કંઈક CSK અને RCB વચ્ચેની મેચ દરમિયાન જોવા મળ્યું હતું. જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. કોહલીએ રચિન રવિન્દ્રને સાથે દુર્વ્યવહાર કર્યો ન્યૂઝીલેન્ડનો યુવા ખેલાડી રચિન રવિન્દ્ર પ્રથમ વખત IPLમાં રમી રહ્યો છે. ચેન્નાઈ સુપર કિંગ્સ માટે પ્રથમ મેચમાં રચિને સારી બેટિંગ કરી હતી. આ મેચમાં રચિન 15 બોલમાં 37 રન બનાવીને આઉટ થયો હતો. જ્યારે રચિન રવિન્દ્ર આઉટ થયો ત્યારે વિરાટ કોહલી ઘણો આક્રમક હતો. આ દરમિયાન વિરાટ કંઈક કહેતો જોવા મળ્યો હતો.



**10-12 વર્ષ નાના ખેલાડી સાથે દુર્વ્યવહાર કર્યો**

વાયરલ વીડિયોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે જ્યારે રચિન રવિન્દ્ર આઉટ હતો ત્યારે વિરાટે ગુસ્સામાં તેની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. ઘણા યુઝર્સનું માનવું છે કે વિરાટ કોહલીએ તેના કરતા 10-12 વર્ષ નાના ખેલાડી સાથે દુર્વ્યવહાર કર્યો છે

**કોહલી લાંબા સમય બાદ ક્રિકેટના મેદાનમાં પરત ફર્યો**

કોહલી પ્રથમ મેચમાં માત્ર 21 રન બનાવીને આઉટ થયો હતો. વિરાટ કોહલીનું આક્રમક ફોર્મ અવારનવાર મેદાન પર જોવા મળે છે. આવું જ કંઈક CSK અને RCB વચ્ચેની મેચ દરમિયાન જોવા મળ્યું હતું. જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. કોહલીએ રચિન રવિન્દ્રને રચિન રવિન્દ્ર પ્રથમ વખત IPLમાં રમી રહ્યો છે. રવિન્દ્ર આઉટ હતો ત્યારે વિરાટે ગુસ્સામાં તેની સાથે દુર્વ્યવહાર કર્યો હતો.

# 'BCCIએ કેપ્ટનશિપની ઓફર કરી હતી ધોની...' સચિન તેંડુલકરનું મોટું નિવેદન

**નવી દિલ્હી તા 24**

ટીમ ઈન્ડિયાના પૂર્વ મહાન બેટ્સમેન અને ક્રિકેટના ભગવાન, માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર IPL 2024ની પ્રથમ મેચ દરમિયાન કોમેન્ટ્રી કરતો જોવા મળ્યો હતો. IPL 2024ની શરૂઆત CSK અને RCB વચ્ચેની મેચથી થઈ હતી. આ દરમિયાન માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર પણ થોડા સમય માટે કોમેન્ટ્રી બોક્સમાં કોમેન્ટ્રી કરવા આવ્યો હતો, તેની સાથે ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ વિસ્ફોટક બેટ્સમેન વીરેન્દ્ર સેહવાગ અને આકાશ ચોપરા પણ સામેલ હતા. આ દરમિયાન સચિન તેંડુલકરે ટીમ ઈન્ડિયાની કેપ્ટનશિપને લઈને મોટું નિવેદન આપ્યું હતું. જે




સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે.BCCIએ સચિનને આપી હતી ઓફર CSK અને RCBની પ્રથમ મેચ દરમિયાન જિયો સિનેમા પર કોમેન્ટ્રી કરતી વખતે, સચિન કરી હતી. હવે ફેન્સ પણ સોશિયલ મીડિયા પર આ અંગે પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. ફેન્સે કરી કોમેન્ટ

એક યુઝરે કોમેન્ટ કરીને લખ્યું કે સચિન તેંડુલકર માત્ર એક મહાન ખેલાડી જ નથી પણ ખૂબ જ બુદ્ધિશાળી વ્યક્તિ પણ છે. તેના માટે તેનો દેશ પહેલા આવે છે અને પછી ક્રિકેટની રમતમાં તે પહેલા દેશ અને રમતના હિત વિશે વિચારશે. અન્ય એક યુઝરે લખ્યું કે, સચિન તેંડુલકરે એમએસ ધોનીની કેપ્ટનશીપના ગુણોની સ્વીકૃતિ, ધોનીની શાંતતા, સંયમ અને સાહજિક નિર્ણય લેવાની ક્ષમતાને હાઈલાઈટ કરે છે.

# ધોનીની ડાયરેક્ટ હિટથી રનઆઉટ થયો અનુજ

**ચેન્નઈ તા 24**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની પ્રથમ મેચ શુક્રવારે ચેન્નઈ અને બેંગલુરુ વચ્ચે રમાઈ હતી. ચેપોક સ્ટેડિયમમાં હોમ ટીમ CSKએ 6 વિકેટે મેચ જીતી લીધી હતી. આ મેચમાં ભારતના દિગ્ગજ બેટર એમએસ ધોની અને વિરાટ કોહલી ગળે ભેટતા જોવા મળ્યા હતા. ધોનીએ અનુજ રાવતને ડાયરેક્ટ હિટ મારીને પેવેલિયન મોકલી દીધો હતો. અજિંક્ય રહાણેએ રચિન રવીન્દ્ર સાથે મળીને બાઉન્ડરી પર એક શાનદાર કેચ પકડ્યો હતો. ચાલો... જાણીએ પહેલી મેચની મોમેન્ટ્સ... આરસીબીનો વિરાટ કોહલી પ્રથમ મેચમાં કેપ્ટન ફાફ ડુ પ્લેસિસ સાથે ઓપનિંગ કરવા આવ્યો હતો. પિચ પર આવતાંની સાથે જ તેણે ચેન્નઈ સુપર કિંગ્સના પૂર્વ કેપ્ટન એમએસ ધોનીને ગળે લગાવ્યો. બંને થોડીવાર હસ્યા ને મજાક કરી અને પછી કોહલી બેટિંગ કરવા ગયો. જ્યારે ધોનીએ તેની વિકેટ કીપિંગની સ્થિતિ સંભાળી હતી. કોહલીએ મેચમાં 20 અને ધોની બંને ભારતીય ટીમ અને એની સંબંધિત ફ્રેન્ચાઈઝીના ભૂતપૂર્વ કેપ્ટન છે. બંને ખેલાડી શરૂઆતી સીઝન (2008)થી IPL રમી રહ્યા છે.

# પોન્ટિંગે 18 બોલ પહેલા કહ્યું- તમે બેટિંગ કરવા જશો

**નવી દિલ્હી તા 24**

IPL 2024 ની બીજી મેચમાં, દિલ્હી કેપિટલ્સે પંજાબ કિંગ્સ સામે 174 રન બનાવ્યા. એક સમયે આ ટીમ 150 સુધી પહોંચવા માટે સંઘર્ષ કરી રહી હતી પરંતુ ત્યારબાદ 21 વર્ષના ખેલાડીએ પંજાબ કિંગ્સના બોલરોની ઉંઘ હરામ કરી દીધી હતી. અમે વાત કરી રહ્યા છીએ અભિષેક પોરેલની જે 9માં નંબરે આવ્યો અને તેણે 10 બોલમાં અણનમ 32 રન બનાવ્યા. પોન્ટિંગે 18 બોલ પહેલા કહ્યું- તમે બેટિંગ કરવા જશો, પછી 21



વર્ષના અભિષેક પોરેલે હર્ષલ પટેલને રડાવ્યો જ્યાં વોર્નર નિષ્ફળ ગયો, જ્યાં માર્શનું બેટ ન ચાલ્યું, જ્યાં પંત પણ નિષ્ફળ રહ્યો, ત્યાં 21 વર્ષના બેટ્સમેને એટલી તોફાની બેટિંગ કરી કે દુનિયા તેને સલામ કરી રહી છે. અમે વાત કરી રહ્યા છીએ ડાબા હાથના બેટ્સમેન અભિષેક પોરેલની, જેણે IPL 2024માં પંજાબ કિંગ્સના બોલરોને પછાડ્યા હતા. અભિષેક પોરેલે 10 બોલમાં અણનમ 32 રન બનાવ્યા હતા, તેનો સ્ટ્રાઈક રેટ 320 હતો અને તેણે તેના બેટમાંથી 2 છગ્ગા અને 4 ચોગ્ગા ફટકાર્યા હતા. જો કે પોરેલે માત્ર 32 રન ઝડપે આ રન આવ્યા, તેણે દિલ્હી કેપિટલ્સને 174 રનના સારા સ્કોર સુધી પહોંચાડી.

# રન લેવા દોડતા કોહલીને ચહરે છંછેડ્યો

IPL 2025નો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે પહેલી મેચ રોયલ્સ ચેલેન્જર બેંગ્લોર અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે રમાઈ હતી. બંને ટીમો વચ્ચેની મેચ ખૂબ જ રોમાંચક રહી હતી, જેમાં ચેપોકમાં CSKએ 6 વિકેટથી જીત મેળવીને RCBની જીતની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું. આ મેચ દરમિયાન વિરાટ કોહલી અને ચેન્નઈના ફાસ્ટ બોલર દીપક ચહર વચ્ચે મેદાન પર બોલાચાલી પણ જોવા મળી હતી. જે હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. CSKનો ફાસ્ટ બોલર દીપક ચહર જાણી જોઈને વિરાટ કોહલીને છંછેડતો જોવા મળ્યો હતો. બંને વચ્ચે આ ઘટના રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ઈનિંગ્સ દરમિયાન બની હતી, જ્યારે દીપક ચહર બોલિંગ કરવા આવ્યો હતો. વિરાટ તેની ઓવરોમાં રન બનાવવા દોડી રહ્યો હતો. તે દરમિયાન ચહરએ મજાકમાં કોહલીને ધક્કો માર્યો.

સામે જવાબમાં કોહલીએ પણ રન પૂરો કરીને ચહરને પાછળ બેટ માર્યું હતું. જો કે આ બંને ખેલાડીઓ ખાલી મજાક કરતા હતા. જેથી બંને હસવા લાગ્યા. આ સમગ્ર ઘટના કેમરામાં કેદ થઈ હતી અને હાલ વાયરલ છે.

# વધુ એક દેશમાં TikTok રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો જાહેર




ચીનની શોર્ટ વીડિયો મેકિંગ એપ TikTokની પરેશાનીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ નથી રહ્યા. તાજેતરમાં અમેરિકાએ આ એપને સુરક્ષા માટે ખતરો ગણાવતું બિલ પાસ કર્યું હતું. આ મામલો હજુ પૂરો થયો ન હતો જ્યારે વધુ એક દેશે આ સોશિયલ મીડિયા એપને દેશની સુરક્ષા માટે ખતરો જાહેર કર્યો. આ દેશ અન્ય કોઈએ નહીં પરંતુ સતત ચીન તરફથી જેને પોતાનો ભાગ ગણાવવામાં આવે છે તે દેશ તાઈવાન દ્વારા કરવામાં આવ્યો છે. તાઈવાનની એક ન્યૂઝ એજન્સીના અહેવાલ અનુસાર, તાઈવાનના ડિજિટલ અફેર્સ મિનિસ્ટર ઓડ્રે ટેંગે ચીનની માલિકીના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ TikTokને રાષ્ટ્રીય સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ ખતરો જાહેર કર્યો છે. પોતાની વાત પર ભાર મૂકતા, ટેંગે કહ્યું કે સોશિયલ મીડિયા એપ ટિકટોકનું વિદેશી વિરોધીઓ સાથે જોડાણ છે જે યુએસના દૃષ્ટિકોણ સાથે મેળ ખાય છે. હાલમાં તે ઘણા દેશો માટે ખતરો બની ગયો છે.

## ન્યૂઝ ટ્રેક

### રશિયન રાષ્ટ્રપતિએ જાહેર કર્યો રાષ્ટ્રીય શોક

રશિયાના મોસ્કોમાં શુક્રવારે મોડી સાંજે એક કોન્સર્ટ હોલમાં થયેલા હુમલામાં મૃતકોની સંખ્યા 143 પર પહોંચી ગઈ છે. લગભગ 150 લોકો ઘાયલ થયા છે. નિર્દોષ લોકોને નિશાન બનાવતા આતંકવાદીઓએ હોલમાં વિસ્ફોટ કર્યો અને ગોળીબાર કર્યો. રશિયાના રાષ્ટ્રપતિ પુતિને શુક્રવારે રાત્રે મોસ્કોમાં કોન્સર્ટ હોલમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી હતી. આ સાથે જ રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને 24 માર્ચ એટલે કે આવતીકાલે દેશમાં રાષ્ટ્રીય શોકની પણ જાહેરાત કરી છે. પોતાના સંબોધનમાં પુતિને કહ્યું કે અનેક નિર્દોષ લોકો ક્રોકસ સિટી હોલમાં થયેલા આતંકવાદી હુમલાનો ભોગ બન્યા છે. મને ખાતરી છે કે ક્રોકસ સિટી હોલમાં આતંકવાદી હુમલાનો ભોગ બનેલા લોકોના જીવ બચાવવા માટે ડોક્ટરો શક્ય તેટલા પ્રયાસો કરશે.

### શ્રીલંકાને 15 કરોડની આર્થિક મદદ કરશે ભારત

ભારતે ફરી એકવાર શ્રીલંકાને મદદ માટે હાથ લંબાવ્યો છે. વાસ્તવમાં, શ્રીલંકાના બૌદ્ધ શહેર અનુરાધાપુરામાં ઘરો અને મૂળભૂત સુવિધાઓ તૈયાર થવાની છે. આ કારણોસર શ્રીલંકાએ ભારત પાસે વધારાની આર્થિક મદદની માંગ કરી હતી. ભારતે પણ શ્રીલંકાની આ માંગને સમજીને નાણાકીય સહયોગ પૂરો પાડ્યો હતો. આ પ્રોજેક્ટ્સ પર ખર્ચ કરાશે ભંડોળ ભારતે શ્રીલંકામાં અનુરાધાપુરાના વિકાસ માટે 15 કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ પર હસ્તાક્ષર કર્યા છે, એમ ભારતીય હાઈ કમિશને જણાવ્યું છે. ભારતના હાઈ કમિશનર સંતોષ ઝાએ 21 માર્ચે તેમના સમકક્ષ શ્રીલંકાના અધિકારીઓ સાથે પત્રોની આપલે કરી. પરસ્પર ચર્ચા બાદ વધારાના અનુદાન પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. 15 કરોડની આ રકમ અનુરાધાપુરામાં ઘરો અને પાયાની સુવિધાઓ પાછળ ખર્ચવામાં આવશે.

### રમઝાનમાં ગાઝામાં યુદ્ધવિરામના ઠરાવ પર મતદાન માટે તૈયાર

યુએન સુરક્ષા પરિષદ મુસ્લિમ પવિત્ર રમઝાન માસ દરમિયાન ગાઝામાં માનવતાવાદી યુદ્ધવિરામની હાકલ કરતા ઠરાવ પર મતદાન કરવા તૈયાર છે. જો કે, અમેરિકાએ ચેતવણી આપી છે કે આ પ્રકારનું પગલું હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા લોકોને મુક્ત કરવાના ઈઝરાયેલના પ્રયાસોને ફટકો આપી શકે છે. શનિવારે કાઉન્સિલમાં મતદાન થવાની શક્યતા છે. કાઉન્સિલના 10 ચૂંટાયેલા સભ્યો દ્વારા સબમિટ કરાયેલા ઠરાવને રશિયા અને ચીનનું સમર્થન છે, બંને દેશોએ શુક્રવારે ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામની હાકલ કરતા યુએસના ઠરાવને વીટો કર્યો હતો. દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રમાં 22-રાષ્ટ્રીય આરબ જૂથે શુક્રવારે રાત્રે એક નિવેદન બહાર પાડીને તમામ 15 કાઉન્સિલ સભ્યોને 'એકતા અને તાકીદ સાથે કાર્ય કરવા, રક્તપાતને રોકવા અને માનવ જીવનની સુરક્ષા કરવાની પ્રતિજ્ઞા સાથે મતદાન કરવા વિનંતી કરી.' માટે અપીલ કરી. પ્રદેશમાં રમઝાન 10 માર્ચથી શરૂ થયો હતો અને 9 એપ્રિલે સમાપ્ત થશે.

## આતંકીઓ ફાયરિંગ કરતા જોવા મળ્યા

# ISISએ મોસ્કો હુમલાનો વીડિયો જાહેર કર્યો



**મોસ્કો તા 24**

આતંકવાદી સંગઠન ISISએ રશિયાની રાજધાની મોસ્કોમાં ક્રોકસ સિટી હોલ પર થયેલા આતંકી હુમલાનો વીડિયો જાહેર કર્યો છે. ગોળીબાર કરનાર આતંકવાદીઓનાં કપડાં પર લગાવેલા કેમેરામાંથી તેને રેકોર્ડ કરવામાં આવ્યો હતો. 90 સેકન્ડના વીડિયોમાં ચારેય આતંકવાદીઓની ઓળખ છુપાવવા માટે તેમના ચહેરા ઝાંખા કરી દેવામાં આવ્યા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે એક આતંકી બીજા આતંકીને તે જગ્યાએ હુમલો કરવાનો આદેશ આપે છે, જ્યાં લોકો પોતાનો જીવ બચાવવા માટે છુપાયા હતા. જમીન પર લાશો, લોહી અને ધુમાડો પણ જોવા મળી રહ્યો છે. 22 માર્ચે રાત્રે થયેલા આ હુમલામાં અત્યાર સુધી 133નાં મોત થયાં છે. પહેલાં આ આંકડો 143 જણાવવામાં આવ્યો હતો. સરકારે હુમલાના શકમંદો સાથે કરવામાં આવેલી પૂછપરછ રશિયા ટીવી ચેનલ પર બતાવી છે. શંકાસ્પદ હુમલાખોરે ગુનો કબૂલી લીધો રશિયન મીડિયા હાઉસ આરટીએ બે વીડિયો શેર કર્યા છે, જેમાં શંકાસ્પદ લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેમના હાથ બાંધેલા છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા એક વીડિયોમાં એક શંકાસ્પદ હુમલાખોર પોતાનો ગુનો કબૂલી રહ્યો છે. તે સંપૂર્ણ પ્લાનિંગ વિશે જણાવી રહ્યો છે. હુમલાખોરો એવી યોજના સાથે આવ્યા હતા કે તેઓ હુમલો કરશે અને યુક્રેન તરફ ભાગી જશે. 3 હુમલાખોરોના ફોટોગ્રાફ્સ પણ જાહેર કરવામાં આવ્યા છે. અહીં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને શનિવારે મોડી રાત્રે કહ્યું કે હુમલા બાદ આતંકીઓ યુક્રેન તરફ ભાગી ગયા છે. દરેકને પકડવામાં આવ્યા છે અને તેમને સખત સજા કરવામાં આવશે. તેમણે 24 માર્ચે એટલે આજે રાષ્ટ્રીય શોક જાહેર કર્યો. તે જ સમયે, યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ આરોપ લગાવ્યો કે પુતિન કોન્સર્ટ હોલ પર થયેલા હુમલા માટે યુક્રેનને દોષી ઠેરવવાનો પ્રયાસ કરી રહ્યા છે.રશિયન મીડિયા હાઉસ આરટીના રિપોર્ટ અનુસાર, તપાસ એજન્સીઓએ કહ્યું છે કે આતંકવાદી હુમલો સંપૂર્ણ પ્લાનિંગ સાથે થયો હતો. ક્રોકસ પાસે હુમલાખોરો માટે સિટી હોલમાં પહેલાંથી જ હથિયારો છુપાયેલાં હતાં. હજુ તપાસ ચાલુ છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર હુમલાખોરોને દાઢી હતી. તેમની પાસે એકે શ્રેણીનાં હથિયારો હતાં. તેઓએ મુખ્ય દરવાજો બંધ કરી દીધો અને નજીકના લોકોને ગોળી મારી દીધી.

### પુતિને કહ્યું- આતંકવાદીઓ યુક્રેન તરફ ભાગ્યા

અહીં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને શનિવારે મોડી રાત્રે કહ્યું કે હુમલા બાદ આતંકીઓ યુક્રેન તરફ ભાગી ગયા છે. દરેકને પકડવામાં આવ્યા છે અને તેમને સખત સજા કરવામાં આવશે. તેમણે 24 માર્ચે એટલે આજે રાષ્ટ્રીય શોક જાહેર કર્યો. તે જ સમયે, યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ આરોપ લગાવ્યો કે પુતિન કોન્સર્ટ હોલ પર થયેલા હુમલા માટે યુક્રેનને દોષી ઠેરવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ 7 માર્ચે રશિયામાં યુએસ એમ્બેસીએ મોટા હુમલાની ચેતવણી આપી હતી. દૂતાવાસે કહ્યું હતું કે ઉગ્રવાદીઓ મોસ્કોમાં એક મ્યુઝિક કોન્સર્ટ પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યા હતા. જોકે, પુતિને અમેરિકી દૂતાવાસ પર હુમલા અંગેની ચેતવણીની નિંદા કરી હતી.

### અમેરિકાએ કહ્યું- યુક્રેન હુમલામાં સામેલ નથી

અમેરિકાનું કહેવું છે કે આ હુમલામાં યુક્રેન સામેલ નથી. વ્હાઈટ હાઉસે શનિવારે રાત્રે કહ્યું હતું કે હુમલા સાથે યુક્રેનને જોડતા કોઈ પુરાવા મળ્યા નથી. આ માટે ISIS જવાબદાર છે. જે પણ બન્યું છે તેમાં સામાન્ય લોકોને નિશાન બનાવવામાં આવ્યા છે. આ એક આતંકવાદી હુમલો છે.લગભગ 6 કલાક બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ પછી, મૃતદેહોને હોલની અંદરથી બહાર કાઢીને કાળી બેગમાં રાખવામાં આવ્યા હતા. જેમાં શંકાસ્પદ લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેમના હાથ બાંધેલા છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા એક વીડિયોમાં એક શંકાસ્પદ હુમલાખોર પોતાનો ગુનો કબૂલી રહ્યો છે. તે સંપૂર્ણ પ્લાનિંગ વિશે જણાવી રહ્યો છે.

### હુમલાખોરો માટે હોલમાં હથિયારો છુપાવવામાં આવ્યાં હતાં

રશિયાએ અત્યાર સુધીમાં 11 લોકોની ધરપકડ કરી છે. જેમાંથી 4 હુમલાખોર છે અને 7 લોકો તેમની મદદ કરતા હોવાનું કહેવાય છે. આરટી ઈન્ડિયાના અહેવાલ મુજબ, રશિયાની સુરક્ષા સેવાના ચીફે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને જણાવ્યું છે કે ચાર શંકાસ્પદ એક સફેદ કારમાં ભાગવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તેઓ રશિયા-યુક્રેન બોર્ડર પરથી પકડાયા હતા. ફાયરિંગનો અવાજ સાંભળીને હોલમાં હાજર લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી.તે જ સમયે, મોસ્કોના મેયર સર્ગેઈ સોબ્યાનિને કહ્યું કે આ હુમલો ત્યારે થયો જ્યારે હોલમાં પ્રખ્યાત રશિયન રોક બેન્ડ પિકનિકનો કોન્સર્ટ ચાલી રહ્યો હતો. આતંકીઓ ઓટોમેટિક હથિયારો સાથે બિલ્ડિંગના એન્ટ્રી ગેટ પર પહોંચ્યા અને ફાયરિંગ શરૂ કરી દીધું.

# અમેરિકામાં કાલે ચૂંટણી થાય તો બાઇડનની હાર નિશ્ચિત

**અમેરિકા તા 24**

ગયા વર્ષે જૂનમાં બરાક ઓબામા અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડનને મળવા માટે વ્હાઈટ હાઉસ પહોંચ્યા હતા. બાઈડનની ચૂંટણી ઝુંબેશને લઈને ચર્ચા કરવામાં આવી હતી. ડેમોક્રેટિક નેતા કહે છે કે આશરે એક વર્ષ પહેલાં જ ઓબામાએ બાઈડનને ચેતવણી આપી હતી કે તેમની ચૂંટણી ઝુંબેશ અસ્થિર દેખાઈ રહી છે. ઓબામાએ બાઈડનને આક્રમક રીતે ચૂંટણીપ્રચાર કરવા માટે કહ્યું હતું. આ બાબતના છ મહિના પછી ઓબામા ફરીવાર વ્હાઈટ હાઉસ પહોંચ્યા હતા.

આ વખતે પણ બાઈડનને ઓબામાએ ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે તેમની ચૂંટણી ઝુંબેશ સમય કરતા ખૂબ પાછળ છે. જો તેઓ હજુ પણ ધ્યાન નહીં આપે તો ટ્રમ્પ તેમના સાત પ્રમુખ રાજ્યોને પણ આંચકી લેશે. ત્રણ મહિના બાદ હવે અમેરિકન ચૂંટણી 2024માં યોજાશે. બાઈડન હકીકતમાં મુશ્કેલીમાં છે. તેઓ મહિનાઓથી મોટા ભાગની આમને સામનેની સ્પર્ધામાં ટ્રમ્પથી પાછળ રહ્યા છે. રણનીતિકાર કહે છે કે જો અમેરિકામાં આવતીકાલે ચૂંટણી યોજાય છે તો બાઈડન ચૂંટણી હારી જશે.

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડનની તબિયતને લઈને ઉઠેલા સવાલો વચ્ચે તેમના ડૉક્ટરનું કહેવું છે કે રાષ્ટ્રપતિ બિલકુલ ફિટ છે. તેઓ ભવિષ્યમાં પણ રાષ્ટ્રપતિની ફરજો નિભાવી શકશે.

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડનની તબિયતને લઈને ઉઠેલા સવાલો વચ્ચે તેમના ડૉક્ટરનું કહેવું છે કે રાષ્ટ્રપતિ બિલકુલ ફિટ છે. તેઓ ભવિષ્યમાં પણ રાષ્ટ્રપતિની ફરજો નિભાવી શકશે.

સ્થિર ઈકોનોમી છતાં બાઈડનની લોકપ્રિયતા ઘટી છેલ્લી ચૂંટણીમાં બાઈડનની તરફેણમાં અનેક વાતો તેમની સાથે હતો. 2020ની ચૂંટણીમાં મતદારોની સાથે મળીને ટ્રમ્પને 24 પોઈન્ટથી હાર આપી હતી.

# કુરાનના પાના સળગાવનાર પાકિસ્તાની મહિલાને આજીવન કેદ

**પાકિસ્તાન તા 24**

પાકિસ્તાનની એક કોર્ટે 40 વર્ષની મહિલાને આજીવન કેદની સજા સંભળાવી છે. તેણે કુરાનના પાના સળગાવી દીધા. આ પછી મહિલા પર ઈશનિંદાનો આરોપ લાગ્યો હતો.

આવા જ એક કેસમાં 9 માર્ચે કોર્ટે 22 વર્ષના વિદ્યાર્થીને મોતની સજા અને 17 વર્ષના વિદ્યાર્થીને આજીવન કેદની સજા સંભળાવી હતી. પાકિસ્તાનના સૌથી વધુ વસતિ ધરાવતા પંજાબ પ્રાંતની લાહોર સેશન્સ કોર્ટે આ નિર્ણય આપ્યો છે. જજે કહ્યું- આસિયા બીબીએ લાહોરમાં પોતાના ઘરની બહાર કુરાન સળગાવ્યું ઘરની બહાર કુરાન બાળી રહી હતી. આ પછી 2021માં આસિયાની ધરપકડ કરવામાં આવી હતી. તેના વકીલે કહ્યું- આસિયાએ કોઈ ઈશનિંદા કરી નથી અને તેના પાડોશીએ અંગત વિવાદને કારણે તેના પર ખોટા આરોપ લગાવ્યા છે અને તેને ખોટી રીતે ફસાવી છે.

# પાપુઆ ન્યૂગિનીમાં 6.7ની તીવ્રતાના ધરતીકંપના આંચકા

**ઈન્ડોનેશિયા તા 24**

ઈન્ડોનેશિયાની નજીક પેસિફિક મહાસાગરમાં સ્થિત ટાપુવાળો દેશ પાપુઆ ન્યુ ગિનીમાં રવિવારે વહેલી સવારે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. જેના લીધે લોકો રીતસરના ઘરની બહાર દોડી ગયા હતા. જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સિસ (GFZ) અનુસાર, ભૂકંપની તીવ્રતા 6.7 હતી. જે ઉત્તરી પાપુઆ ન્યૂ ગિનીના દૂરના વિસ્તારમાં અનુભવાઈ હતી. ભૂકંપનું કેન્દ્ર 65 કિમી (40 માઈલ)ની ઊંડાઈએ હતું. યુએસ જીઓલોજિકલ સર્વેએ જણાવ્યું હતું કે ભૂકંપનું કેન્દ્ર એમ્બુટીના નાના ટાઉનશીપથી 32 કિમી પૂર્વ-ઉત્તરપૂર્વમાં હતું. તે જ સમયે, ઓસ્ટ્રેલિયાના હવામાન બ્યૂરોએ કહ્યું છે કે ભૂકંપના કારણે ઓસ્ટ્રેલિયામાં સુનામીનો કોઈ ખતરો નથી. સુનામીનો કોઈ ખતરો નથી GFZએ વધુમાં જણાવ્યું કે ભૂકંપનું કેન્દ્ર 65 km(40 mi)ની ઊંડાઈએ હતું. યુએસ જીઓલોજિકલ સર્વેએ જણાવ્યું હતું કે ભૂકંપનું કેન્દ્ર એમ્બુંટીના નાના ટાઉનશીપથી 32 કિમી પૂર્વ-ઉત્તરપૂર્વમાં હતું. તે જ સમયે, ઓસ્ટ્રેલિયાના હવામાનશાસ્ત્ર બ્યૂરોએ કહ્યું છે કે ભૂકંપના કારણે ઓસ્ટ્રેલિયામાં સુનામીનો કોઈ ખતરો નથી.પૃથ્વીની અંદર 7 પ્લેટ્સ છે જે સતત ફરતી રહે છે. જ્યાં આ પ્લેટો સૌથી વધુ અથડાય છે તેને ફોલ્ટ લાઈન ઝોન કહેવામાં આવે છે. વારંવાર અથડામણને કારણે પ્લેટોના ખૂણા વળાંક આવે છે.

# અમેરિકામાં વધુ એક ભારતીયનું મોત, કાર અકસ્માતમાં યુવતીનું કરુણ મોત

**અમેરિકા તા 24**



અમેરિકામાં ભારતીય મૂળની 21 વર્ષીય મહિલાનું મોત થયું છે. ન્યૂયોર્કમાં ભારતીય કોન્સ્યુલેટે ટવિટર પર જણાવ્યું કે ભારતીય મૂળની મહિલા અર્શિયા જોશીનું પેન્સિલવેનિયામાં એક કાર અકસ્માતમાં મોત થયું છે. દૂતાવાસે અર્શિયા જોશીના પરિવાર પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. કાર અકસ્માતમાં મૃત્યુ પામ્યા કોન્સ્યુલેટે કહ્યું કે તે અર્શિયા જોશીના પરિવાર અને સ્થાનિક નેતાઓના સતત સંપર્કમાં છે. દૂતાવાસે અર્શિયાના મૃતદેહને ભારત પરત લાવવા માટે શક્ય તમામ મદદની ખાતરી આપી છે. ટવિટર પર એક પોસ્ટમાં, ભારતીય કોન્સ્યુલેટે કહ્યું કે 21 માર્ચે પેન્સિલવેનિયામાં એક દુ:ખદ કાર અકસ્માત થયો હતો, જેમાં અર્શિયા જોશીનું મૃત્યુ થયું હતું. અર્શિયાના પરિવાર પ્રત્યે અમારી ઊંડી સંવેદના, તેના આત્માને શાંતિ મળે. વધુમાં લખવામાં આવ્યું છે કે અર્શિયાના પાર્થિવ દેહને શક્ય તેટલી વહેલી તકે ભારત લાવવા માટે તમામ શક્ય મદદ કરવામાં આવી રહી છે. વર્ષ-2024માં અત્યાર સુધીમાં આઠ ભારતીયોનાં મોત થયા છે આ વર્ષે એટલે કે 2024માં અમેરિકામાં આઠ ભારતીયો અને ભારતીય મૂળના લોકોનાં મોત થયા છે. બીજી તરફ ભારતીયો પર સતત હુમલાની ઘટનાઓ પણ સામે આવી છે. જેના કારણે ત્યાં રહેતા ભારતીય સમુદાયના લોકોમાં ભયનો માહોલ છે. માર્ચ 2024 માં, વોશિંગ્ટન યુનિવર્સિટીના વિદ્યાર્થી અને કુચુપુડી ડાન્સર અમરનાથ ઘોષને સેન્ટ લુઈસમાં ગોળી મારી દેવામાં આવી હતી. પશ્ચિમ બંગાળના રહેવાસી અમરનાથ ઘોષ વર્ષ 2023માં અમેરિકા ગયા હતા. ઘોષના શરીર પર ઘણી ગોળીઓ વાગી હતી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જાન્યુઆરી મહિનામાં જ પરડ્યુ યુનિવર્સિટીના વિદ્યાર્થી નીલ આચાર્યના ગુમ થવાના સમાચાર સામે આવ્યા હતા. આ પછી, નીલના મૃત્યુની પુષ્ટિ થઈ હતી. ફેબ્રુઆરીમાં અમેરિકામાં ભારતીય મૂળના અન્ય એક વિદ્યાર્થીનું મોત થયું હતું. વિદ્યાર્થીનું નામ અકુલ ધવન હતું અને તે યુનિવર્સિટી ઓફ ઈલિનોઈસ અર્બના-ચેમ્પેનનો વિદ્યાર્થી હતો. 18 માર્ચે અભિજીત પરચુરુના મૃત્યુના સમાચાર સામે આવ્યા હતા. તેના પર કોઈ હુમલાની અકસ્માતમાં 21 વર્ષની અર્શિયા જોશીના મોતના સમાચાર સામે આવ્યા છે.2 ફેબ્રુઆરી, 2024 ના રોજ, ભારતીય મૂળના IT એક્ઝિક્યુટિવ વિવેક તનેજા પર વોશિંગ્ટનમાં એક રૅસ્ટોરન્ટની બહાર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં તેનું મોત થયું હતું. આ વર્ષે જાન્યુઆરીમાં લિંડનર સ્કૂલ ઑફ બિઝનેસના વિદ્યાર્થી શ્રેયસ રેડ્ડીની લાશ ઓહાયોમાં મળી આવી હતી.

# મૉસ્કોમાં આતંકી હુમલો છતાં રશિયાએ અવકાશમાં એક નવો અધ્યાય લખ્યો

**રશિયા તા 24**

રશિયાની રાજધાની મૉસ્કોમાં મોટો આતંકવાદી હુમલો થયો હોવા છતાં રશિયાએ પોતાના ત્રણ વૈજ્ઞાનિકોને અવકાશમાં મોકલીને નવી સફળતા મેળવી છે. આ મિશનમાં નાસાના અવકાશયાત્રીઓ લોરલ ઓ'હારા, મેથ્યુ ડોમિનિક, માઈક બેરેટ અને જેનેટ એપ્સ, તેમજ રશિયન ઓલેગ કોનોનેન્કો, નિકોલાઈ ચુબ અને એલેક્ઝાંડર ગ્રેબેનકિનનો સમાવેશ થાય છે.શુક્રવારે મોસ્કોના કોન્સર્ટ હૉલમાં બે દાયકામાં સૌથી મોટો આતંકવાદી હુમલો થયો હોવા છતાં રશિયાએ આજે અવકાશમાં મોટી છલાંગ લગાવીને સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. ત્રણ અવકાશયાત્રીઓને લઈને એક રશિયન સોયુઝ રોકેટ શનિવારે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) માટે રવાના થયું. આના બે દિવસ પહેલા છેલ્લી ઘડીએ તેનું લોન્ચિંગ મોકૂફ રાખવામાં આવ્યું હતું.

દેશમાં મોટો આતંકવાદી હુમલો થયો હોવા છતાં, આ મિશનને પાર પાડીને, રશિયાએ વિશ્વને સંદેશ આપ્યો છે કે તેની હિંમત ડગી નથી. રશિયાએ 3 મુસાફરોને અવકાશમાં મોકલ્યા કોઈપણ રીતે, શનિવારે રાષ્ટ્રને તેમના સંબોધનમાં,



રાષ્ટ્રપતિ પુતિને એક દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે અને કહ્યું છે કે હુમલામાં સામેલ તમામ લોકો અને જેઓ તેમને નિર્દેશન કરી રહ્યા હતા તેમને જરા પણ બક્ષવામાં આવશે નહીં.

આતંકવાદી હુમલાઓનો સામનો કરવા છતાં, રશિયાએ પોતાનું સ્પેસ મિશન લોન્ચ કરીને એક મહાન હિંમતનું કામ કર્યું છે. નાસાના અવકાશયાત્રીઓ ટ્રેસી ડાયસન, રશિયાના ઓલેગ નોવિટસ્કી અને બેલારુસના મરિના વાસિલીવસ્કાયાને લઈ જતું અવકાશયાન કઝાકિસ્તાનમાં રશિયન દ્વારા ભાડે લીધેલા બાયકોનુર પ્રક્ષેપણ કેન્દ્ર પરથી ઉપડ્યું હતું. તે ગુરુવારે લોન્ચ થવાનું હતું, પરંતુ ઓટોમેટેડ સેફ્ટી સિસ્ટમે સુનિશ્ચિત ટેકઓફના લગભગ 20 સેકન્ડ પહેલાં તેને રદ કરી દીધું હતું. સ્પેસ એજન્સીના વડાએ આ વાત કહી

રશિયન સ્પેસ એજન્સીના વડા, યુરી બોરીસોવે જણાવ્યું હતું કે પાવર સ્ત્રોતમાં વોલ્ટેજના અભાવને કારણે ગુરુવારે પ્રક્ષેપણ થઈ શક્યું નથી. રોકેટ સાથે જોડાયેલ સ્પેસ કેપ્સ્યુલ પ્રક્ષેપણની આઠ મિનિટ પછી અલગ થઈ અને ભ્રમણકક્ષામાં ગઈ. ત્યારબાદ તેણે સ્પેસ સ્ટેશનની બે દિવસીય, 34-ભ્રમણકક્ષાની યાત્રા શરૂ કરી. જો પ્રક્ષેપણ ગુરુવારે નિર્ધારિત રીતે થયું હોત, તો સફર ઘણી ટૂંકી થઈ હોત અને માત્ર બે ભ્રમણકક્ષાની જરૂર પડી હોત. હવે તે સોમવારે આંતરરાષ્ટ્રીય સમય અનુસાર બપોરે 3:10 વાગ્યે ISS સાથે જોડાય તેવી અપેક્ષા છે.

ત્રણ અવકાશયાત્રીઓ સ્ટેશનના ક્રૂમાં જોડાવાના છે, જેમાં નાસાના અવકાશયાત્રીઓ લોરલ ઓ'હારા, મેથ્યુ ડોમિનિક, માઈક બેરેટ અને જેનેટ એપ્સ તેમજ રશિયન ઓલેગ કોનોનેન્કો, નિકોલાઈ ચુબ અને એલેક્ઝાંડર ગ્રીબેનકીન પણ સામેલ છે. નોવિત્સ્કી, વાસિલેવસ્કાયા અને ઓ'હારા 6 એપ્રિલે પૃથ્વી પર પાછા ફરવાના છે.

# ઝડપાયો જ્યોર્જિયા મેલોનીનો ડીપફેક વિડીયો બનાવનાર કપલ

**રશિયા તા 24**

તાજેતરના સમયમાં, અનેક પ્રખ્યાત હસ્તીઓ ડીપફેકનો શિકાર બની છે. આ લિસ્ટમાં ઈટાલીની મહિલા પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીનું નામ પણ જોડાઈ ગયું છે. તેમણે વિડીયો બનાવનાર વ્યક્તિ પ્રત્યે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. આ સાથે તેમણે આરોપી શખ્સ પાસેથી એક લાખ યુરો એટલે કે ભારતીય ચલણમાં 90,31,601 રૂપિયાનું વળતર પણ માંગ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ અશ્લીલ વિડીયો પિતા-પુત્રએ સાથે મળીને બનાવ્યો છે. મુખ્ય આરોપીની ઉંમર 40 વર્ષની આસપાસ હોવાનું કહેવાય છે. આ કામમાં તેમને સાથ આપનાર તેમના પિતાની ઉંમર લગભગ 73 વર્ષ છે. આરોપીએ મેલોનીનો વિડીયો અમેરિકન એડલ્ટ કન્ટેન્ટ વેબસાઈટ પર પોસ્ટ કર્યો હતો. રિપોર્ટ અનુસાર, આ વિડીયો આરોપીએ લગભગ 2 વર્ષ પહેલા 2022માં બનાવ્યો હતો. આ સમયગાળા દરમિયાન મેલોની ઈટાલીના પ્રધાનમંત્રી પણ બન્યા ન હતા. આરોપીએ વિડીયોમાં એડલ્ટ ફિલ્મ સ્ટારના ચહેરા પર મેલોનીનો ચહેરો જઘન્ય કૃત્ય બદલ બંને આરોપીઓ સામે માનહાનિનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ રીતે પોલીસ આરોપીઓ સુધી પહોંચી મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આરોપીએ જે મોબાઈલથી વિડીયો અપલોડ કર્યો હતો. પોલીસ તે જ મોબાઈલ દ્વારા તેના સુધી પહોંચવામાં સફળ રહી હતી. વળતરની રકમનું મેલોની શું કરશે? વળતરની રકમ પર મેલોનીના વકીલ મારિયા જિયુલિયા મેરોંગ્યુનું નિવેદન સામે આવ્યું છે. તેમનું કહેવું છે કે આ વળતરની રકમનો એકમાત્ર ઉદ્દેશ્ય તે મહિલાઓને સંદેશ આપવાનો છે જે આવી બાબતો પર અવાજ ઉઠાવતા ડરે છે.

# અમેરિકામાં શટડાઉન સંકટ ટળ્યું, રાષ્ટ્રપતિ બાઈડેને 1.2 ટ્રિલિયન ડોલરનું બિલ પાસ કર્યું

**યુએસ તા 24**

યુએસ પ્રમુખ જો બાઈડેને શનિવારે 1.2 ટ્રિલિયન યુએસ ડોલરના કાયદા પર હસ્તાક્ષર કર્યા હતા, જેનાથી શટડાઉન ટળ્યું હતું. ઉપરાંત, 30 સપ્ટેમ્બરના રોજ પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન ફેડરલ એજન્સીઓ માટે ભંડોળ પૂરું થયું હતું.

શનિવારે યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને શનિવારે સેનેટ દ્વારા પસાર કરવામાં આવ્યા બાદ આ બિલ આવ્યું છે. આ ખરડો સંરક્ષણ, માતૃભૂમિ સુરક્ષા, શ્રમ, આરોગ્ય અને માનવ સેવાઓ, શિક્ષણ, રાજ્ય અને કાયદાકીય શાખાઓ સહિત નિર્ણાયક સરકારી કાર્યોની સૂચિને સંબોધે છે. પેકેજ એક ડીલ છે મળતી માહિતી અનુસાર, બાઈડેને એક નિવેદનમાં કહ્યું કે પેકેજ એક સમાધાન છે, પરંતુ તે અમેરિકન લોકો માટે સારા સમાચાર છે. 'આ કરારનો અર્થ એ છે કે કોઈપણ પક્ષને તેઓ જે જોઈતું હતું તે બધું મળ્યું નથી,' તેમણે નિવેદનમાં જણાવ્યું હતું. તે બાળ સંભાળ, કેન્સર સંશોધન અને માનસિક સ્વાસ્થ્યમાં રોકાણ કરતી વખતે હાઉસ રિપબ્લિકન તરફથી ઊંડા કાપને પણ નકારી કાઢે છે.' રાષ્ટ્રપતિ બાઈડેને એ પણ નોંધ્યું હતું કે અંતિમ પેકેજમાં સરહદને સુરક્ષિત કરવા માટેના સંસાધનોનો સમાવેશ થાય છે, જે મારા વહીવટીતંત્રને સમાવવા માટે સફળતાપૂર્વક લડ્યા હતા. વધારાના કાયદાને પસાર કરવા વિનંતી કરતી વખતે, તેમણે એમ પણ કહ્યું કે યુએસ કોંગ્રેસનું કામ પૂરું થયું નથી. દ્વિપક્ષીય રાષ્ટ્રીય સુરક્ષા પૂરક પસાર કરવા માટે બોલાવવામાં આવે છે તમને જણાવી દઈએ કે બાઈડેને રાષ્ટ્રીય સુરક્ષા હિતોને આગળ વધારવા માટે દ્વિપક્ષીય રાષ્ટ્રીય સુરક્ષા પૂરક પસાર કરવા ગૃહને હાકલ કરી હતી. તેમણે બંને ગૃહોને દ્વિપક્ષીય સરહદ સુરક્ષા બિલ પસાર કરવા વિનંતી કરી. તેના વહીવટીતંત્રે તેની પર વાટાઘાટો કરી છે.

# બજાજ ગ્રૂપ સીએસઆર એક્ટિવિટી માટે આગામી પાંચ વર્ષમાં રૂ.5000 કરોડ ફાળવશે

(એજન્સી) અમદાવાદ : બજાજ ગ્રૂપે આગામી પાંચ વર્ષ માટે સામાજિક પરિવર્તન પહેલ માટે રૂ. 5000 કરોડ ફાળવવાની તૈયારી દર્શાવી છે.જૂથની તમામ કોર્પોરેટ સામાજિક જવાબદારી(સીએસઆર) માટેની નવી ઓળખ બજાજ બિયોન્ડ સૂત્ર હેઠળ કૌશલ્ય વિકાસ પર સૌથી વધુ ધ્યાન આપવામાં આવશે. જેનાથી 2 કરોડથી વધુ યુવાનોને ફાયદો થશે અને તેઓ ભારતની આગળ વધી રહેલી અર્થવ્યવસ્થા દ્વારા રજૂ કરવામાં આવતા રોજગાર અને ઉગ્યોગસાહસિકતકોને લાભ લેવા માટે સક્ષમ બનશે. બજાજ ફિનસર્વ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંજીવ બજાજે જણાવ્યું હતું કે, "અમારા સંસ્થાપક જમનાલાલ બજાજથી પ્રેરિત થઈને બજાજ ગ્રૂપ પાસે સમાજના 'સામાન્ય ભલા' માટે કામ કરવાનો અને દેશની સેવા કરવાનો વારસો છે. કૌશલ્ય એ અમારી સામાજિક અસરની પહેલના કેન્દ્રમાં રહ્યું છે. અમે યુવાનો અને તેમના પરિવારોની




સુખાકારી પર તેની હકારાત્મક અસર જોઈ છે. બેન્કિંગ, ફાઈનાન્સ એન્ડ ઈન્સ્યોરન્સ (CPBFI)માં અમારો સર્ટિફિકેટ પ્રોગ્રામ યુવાનોને ઝડપથી વિસ્તરતા નાણાકીય સેવા ક્ષેત્રમાં રોજગાર માટે તૈયાર કરે છે, આ ક્ષેત્રમાં હાલ પ્રતિભાની અછત જોવા મળી રહી છે. બજાજ બિયોન્ડ સાથે અમે ભારતની કૌશલ્ય ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

# આકૃતિ આર્ટ ફાઉન્ડેશનના 20મા ઈન્ટરનેશનલ ગ્રુપ આર્ટ એક્ઝિબિશન "કલર્સ ઑફ સ્પ્રિંગ"નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું

(એજન્સી) મુંબઈ : કલા, સાહિત્ય અને સંસ્કૃતિની પ્રતિનિધિ સંસ્થા આકૃતિ આર્ટ ફાઉન્ડેશન દ્વારા આયોજિત વસંતના વિવિધ રંગોને સમર્પિત 20મું ઈન્ટરનેશનલ ગ્રુપ આર્ટ એક્ઝિબિશન, શુક્રવાર, 22 માર્ચ, 2024 ના રોજ સાંજે ગોદરેજ ગ્રુપની પ્રખ્યાત પ્રદર્શન ગેલેરી ખાતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સિમરોઝા આર્ટ ગેલેરી', મુંબઈમાં સ્થિત છે. તે એક ગૌરવપૂર્ણ સમારોહમાં થયું. આ પાંચ દિવસીય પ્રદર્શનના મુખ્ય આયોજક અને આકૃતિ આર્ટ ફાઉન્ડેશનના સ્થાપક મનમોહન જયસ્વાલે જણાવ્યું હતું કે આ સમૂહ કલા પ્રદર્શનમાં ભારત, ઓમાન અને ઓસ્ટ્રેલિયા સહિત ત્રણ દેશોના 31 મોટા કલાકારોની 100થી વધુ આકર્ષક કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે. જે વિવિધ માનનીય



અનુભવો અને સર્જનના વિવિધ પાસાઓને ખૂબ જ શક્તિશાળી અને પ્રભાવશાળી શૈલીમાં વ્યક્ત કરવામાં આવ્યા છે. વરિષ્ઠ ગીતકાર અને મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના કાર્યકારી સભ્ય ગજાનન મહતપુરકર, જાણીતા સંગીતકાર અને ગાયિકા સરોજ સુમન, પ્રખ્યાત ફિલ્મ 'સંભાજી' ની અભિનેત્રી સહિત વિવિધ પ્રતિષ્ઠિત મહેમાનો અને અગ્રણી મહિલા કલાકારો દ્વારા સંયુક્ત રીતે દીપ પ્રગટાવીને આ આકર્ષક કલા પ્રદર્શનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. નિર્માતા રાકેશ ડુલગાઝ અને બજાજ ગ્રુપના સોશિયલ મીડિયા ઈન્ચાર્જ સુરુચિ રોશન કોરે ઉપરાંત સામાજિક કાર્યકર દિનેશ કોચર, કુ. લીના ચોપરા, સુશ્રી શહનાઝ ખાન અને કુ. કૃપા શાહ વિશેષ અતિથિ તરીકે હાજર રહ્યા હતા. તેમના સંબોધનમાં, વિવિધ મહેમાનોએ પ્રદર્શનની પ્રશંસા કરી અને તમામ કલાકારોને તેમની સર્જનાત્મક યાત્રા માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી. આયોજક મનમોહન જયસ્વાલે શરૂઆતમાં સૌને ફૂલોનો ગુચ્છ આપીને આવકાર્યા હતા. તેમણે કહ્યું કે આ આકર્ષક પ્રદર્શન 26 માર્ચ, 2024 સુધી દરરોજ સવારે 11 થી સાંજે 7 વાગ્યા સુધી તમામ કલાપ્રેમીઓ માટે નિ:શુલ્ક જોવા માટે ખુલ્લું રહેશે.

## ન્યૂઝ કોર્નર

### 'કેશ ફોર કવેરી કેસ' સીબીઆઈના મહુઆ મોઈત્રાનાં નિવાસ સ્થાનોએ એક સાથે દરોડા

નવી દિલ્હી : સીબીઆઈએ તૃણમૂલ કોંગ્રેસનાં નેતા અને પૂર્વ સાંસદ મહુઆ મોઈત્રાનાં કોલકત્તા અને નવી દિલ્હી સ્થિત નિવાસ સ્થાનોએ આજ સવારથી એક સાથે દરોડા પાડ્યા હતા.'કેશ ફોર કવેરી' કેસમાં સપડાયેલાં મહુઆ મોઈત્રાને લોકસભાના અધ્યક્ષે તે કારણસહજ ગત વર્ષે લોકસભાનાં સાંસદપદેથી દૂર કર્યા હતા, તે સર્વવિદિત છે.આ પૂર્વે ગુરૂવારે સીબીઆઈએ મહુઆ મોઈત્રા સામે આ ષડયંત્ર માટે એક એફઆઈઆર પણ નોંધાવી હતી. તે પછી 'લોકપાલ' સમક્ષ રજૂઆત કરી સીબીઆઈએ મહુઆ મોઈત્રા વિરૂદ્ધ આ પગલું ભર્યું હતું. આ આદેશ આપતાં લોકપાલે લખ્યું હતું કે 'રેકોર્ડમાં દર્શાવેલી તમામ હકીકતોનું મૂલ્યાંકન કરી તે વિષે સઘન વિચારણા કરતાં ખાતરી થઈ છે કે રીસ્પોન્ડન્ટ પબ્લિક સર્વન્ટ એક્ટ નીચે મહુઆ મોઈત્રા ઉપર મુકાયેલા આરોપો સબળ છે. તેથી તે અંગે વધુ સત્ય જાણવા ઊંડી તપાસ કરવી અનિવાર્ય છે.'

### કેજરીવાલની હોળી ઇડીની કસ્ટડીમાં હાઇકોર્ટમાં પણ કોઇ રાહત ન મળી

નવી દિલ્હી : કેન્દ્રીય એજન્સી ઈડી દ્વારા ધરપકડ કરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ ધરપકડ સામે દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરી છે અને તેની તાત્કાલીક સુનાવણી કરવા માટે માગ કરી છે. કેજરીવાલે દાવો કર્યો છે કે મારી ધરપકડ સંપૂર્ણપણે ગેરકાયદે છે. જોકે દિલ્હી હાઈકોર્ટે અરજીની તાત્કાલીક સુનાવણી કરવાની ના પાડી દીધી હતી. તેથી હાલ કેજરીવાલને કોઇ જ રાહત આપવામાં નથી આવી. જ્યારે મની લોન્ડરિંગમાં ઈડી કાર્યવાહી કરી રહી છે ત્યારે હવે સીબીઆઇ પણ સક્રિય થઇ ગઇ છે. હાલ કેજરીવાલ ઈડીના રિમાન્ટ પર છે જે પુરા થયા બાદ સીબીઆઇ પણ તેમને ભ્રષ્ટાચારના કેસમાં રિમાન્ડ પર લેવાની તૈયારીમાં છે. ટુંક સમયમાં સીબીઆઇ કેજરીવાલના રિમાન્ડ માટે કોર્ટમાં અરજી કરી શકે છે.જ્યારે દિલ્હી સરકારમાં મંત્રી આતિષિએ દાવો કર્યો હતો કે આમ આદમી પાર્ટીની દિલ્હી સ્થિત ઓફિસને ચારેય બાજુથી બંધ કરી દેવામાં આવી છે અને પક્ષના નેતાઓને પ્રવેશતા અટકાવાઇ રહ્યા છે. જોકે દિલ્હી પોલીસે આ દાવાને નકાર્યા હતા.

### આરોપીએ પુત્ર અગાઉ પણ તેના પિતાની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો

# 16 વર્ષના છોકરાએ પિતાની સોપારી આપી શૂટરો પાસે કરાવી હત્યા, કારણ જાણી માથું ફરી જશે

(એજન્સી)નવી દિલ્હી : ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં 16 વર્ષના છોકરાએ ત્રણ શૂટરોને સોપારી આપીને તેના જ પિતાની હત્યા કરાવી નાખી. આશ્ચર્યની વાત એ છે કે પુત્રએ આ માટે શૂટરો સાથે રૂ. 6 લાખમાં ડીલ થઈ હતી અને રૂ. 1.5 લાખ એડવાન્સ પણ આપ્યા હતા. પુત્રએ તેના પિતાની હત્યા કરાવી કારણ કે તેને પૈસા ન આપ્યા હતા. આ મામલે પોલીસે જણાવ્યું કે, '16 વર્ષના સગીર પુત્રની ધરપકડ કરવામાં આવી છે, જેણે તેના પિતાની હત્યા માટે ત્રણ શૂટરોને સોપારી આપી હતી. ગુરુવારે પટ્ટી વિસ્તારમાં વેપારી મોહમ્મદ નઈમ (50)ની બાઈક પર આવેલા હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી.' પોલીસના



જણાવ્યાનુસાર, ત્રણ હુમલાખોરો પીયૂષ પાલ, શુભમ સોની અને પ્રિયાંશુની ધરપકડ કરવામાં આવી છે. પૂછપરછ દરમિયાન આરોપીઓએ જણાવ્યું કે વેપારી નઈમના પુત્રએ આ હત્યાને અંજામ આપવા માટે સોપારી આપી હતી. નઈમના પુત્રએ શૂટરો હત્યા કરવા માટે રૂ. 6 લાખ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. તેણે હત્યા પહેલા જ રૂપિયા 1.5 લાખ આપ્યા હતા અને પિતાની હત્યા કર્યા પછી બાકીની રકમ ચૂકવશે. સગીર પુત્ર તેના પિતાથી ગુસ્સે હતો કારણ કે પિતાએ તેને જોઈતા પૈસા નહોતા આપ્યા. આ સગીરે પોતાની ઈચ્છાઓ પૂરી કરવા માટે ઘણીવાર દુકાનોમાંથી પૈસા કે ઘરેણાંની ચોરી કરી હતી. તેણે અગાઉ પણ તેના પિતાની હત્યા કરવાની યોજના બનાવી હતી, પરંતુ તે નિષ્ફળ ગયો હતો. પોલીસે ધરપકડ કરાયેલા શૂટરોને જેલમાં મોકલી દીધા છે, જ્યારે સગીરને બાળ ગૃહમાં મેકલવામાં આવ્યો છે.

### ધરપકડ છતાં તેઓ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું નહીં

# કેજરીવાલે જેલમાંથી સરકાર ચલાવવાનું શરૂ કર્યું, જુઓ પહેલો આદેશ આપી પણ દીધો

(એજન્સી) નવી દિલ્હી : દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દિલ્હીની એક્સાઇઝ નીતિના કથિત કૌભાંડ સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસના કારણે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની કસ્ટડીમાં છે. જેલમાંથી જ સરકાર ચલાવવાની જાહેરાત કરનાર કેજરીવાલે ઈડીની કસ્ટડીમાંથી જ સરકાર ચલાવવાનું શરૂ પણ કરી દીધું છે અને મુખ્યમંત્રી તરીકેનો પહેલો નિર્ણય લીધો છે. તેમણે દિલ્હી સરકારના પાણી પુરવઠા મંત્રીને લઈને એક આદેશ જાહેર કર્યો છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઈડીની કસ્ટડીમાંથી પાણી પુરવઠા મંત્રાલયને લઈને પહેલો આદેશ જારી કર્યો છે. તેમણે એક નોટ દ્વારા પાણી પુરવઠા મંત્રી આતિશીને કર્યો છે. આ આદેશમાં મુખ્યમંત્રીએ કહ્યું છે કે 'હું જેલમાં છું



તેના કારણે દિલ્હીની નાગરિકોને કોઈ તકલીફ ન પડવી જોઈએ, જ્યાં પાણીની અછત છે ત્યાં ટેન્કર પહોંચાડો.' આ પહેલીવાર બન્યું છે કે જ્યારે કોઈ મુખ્યમંત્રી પદ પર હોય અને તેની ધરપકડ કરવામાં આવી હોય. આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલે પોતે જાહેરાત કરી હતી કે તેમની ધરપકડ છતાં તેઓ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું નહીં આપે. કેજરીવાલ જેલમાં રહીને સરકાર ચલાવવા માંગે છે. જો કે, ઘણા બંધારણીય નિષ્ણાતો આ જાહેરાત પર સવાલ ઉઠાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ઈડી દ્વારા તેમના સત્તાવાર નિવાસસ્થાન પરથી દિલ્હીની એક્સાઇઝ નીતિના કથિત કૌભાંડ સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં 21 માર્ચે એટલે કે ગુરુવારે ધરપકડ કરવામાં આવી હતી. આ પછી, તેને શુક્રવારે 28 માર્ચ સુધી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

### 'કમરમાં દુખાવો હતો, બેસવાની પોઝિશન બદલી તો ટ્રોલ થયો', CJI ડીવાય ચંદ્રચૂડે સંભળાવ્યો કિસ્સો

નવી દિલ્હી : ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડે શનિવારે બેંગલુરુમાં ન્યાયિક અધિકારીઓના દ્વિવાર્ષિક સંમેલનમાં એક તાજી ઘટનાને યાદ કરી. તેમણે જણાવ્યું કે, કેવી રીતે સુનાવણી દરમિયાન પોતાની બેસવાની સ્થિતિને લઈને તેમને ટ્રોલિંગ અને દુર્વ્યવહારનો સામનો કરવો પડ્યો હતો. તેમણે કહ્યું કે, '4-5 દિવસો પહેલાની વાત છે જ્યારે હું એક કેસની સુનાવણી કરી રહ્યો હતો. આ દરમિયાન મને પોતાની કમરમાં થોડો દુખાવો થયો હતો. તેવામાં હું મેં કોર્ટમાં જ પોતાની કોણીઓ ખુરશીની ઉપર રાખી દીધી અને પોતાની ખુરશીની પોઝિશન પણ થોડી શિફ્ટ કરી.'CJIએ કહ્યું કે, 'તેને લઈને કેટલાક સોશિયલ મીડિયા યૂઝર્સે તેમને અહંકારી ગણાવ્યા લાગ્યા. તે લોકોએ એવો પણ દાવો કર્યો કે હું કોર્ટમાં ચર્ચા વચ્ચે જ ત્યાંથી ઉભો થયો હતો. પરંતુ તે લોકોને એ નથી ખબર કે મેં જે પણ કર્યું તે માત્ર ખુરશી પર પોતાની જગ્યા બદલવા માટે કર્યું હતું. 24 વર્ષ સુધી ન્યાયથી જોડાયેલા કામ જોવા થોડું કઠિન હોય શકે છે જે મેં કર્યું છે. પરંતુ મેં કોર્ટ નથી છોડી.



### માયાવતી અને નીતિશની પાર્ટીએ 16-16 ઉમેદવારોની યાદી જાહેર કરી, જાણો કોને ક્યાંથી મળી ટિકિટ

ભાજપ અને કોંગ્રેસ તરફથી લોકસભા ચૂંટણીના ઉમેદવારોની યાદીઓ જાહેર કરવાનો સિલસિલો યથાવત્ છે ત્યારે બહુજન સમાજ પાર્ટી (BSP) અને જનતા દળ યુનાઈટેડ (JD(U)) એ પણ લોકસભા ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. બંને પક્ષોએ 16-16 ઉમેદવારોની યાદી જાહેર કરી છે. તો જોઈ લો મહત્ત્વની બેઠકો પર કોને ક્યાંથી ટિકિટ ફાળવવામાં આવી છે.

### હાડ થીજાવતી ઠંડી પછી તુરંત કાળઝાળ ગરમી શરૂ થઈ : ક્લાઈમેટ સેન્ટ્રલ

# ગુજરાત સહિત 9 રાજ્યોમાં 5 દિવસ હિટવેવનું એલર્ટ, 14 રાજ્યોમાં 40 ડિગ્રી ગરમી પડે તેવી શક્યતા

(એજન્સી) નવી દિલ્હી : ઉત્તર ભારતના રાજ્યોમાં ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. અહીં તાપમાન સતત વધી રહ્યું છે. દેશભરમાં સોમવારે હોળીના તહેવારની ધામધૂમથી ઊજવણી થશે. જોકે, આ વખતે સોમવારે ધુળેટીના દિવસે હળવી ઠંડીના બદલે કાળઝાળ ગરમીની આશંકા છે અને તાપમાન ૪૦ ડિગ્રી સુધી જઈ શકે છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી ગુજરાત સહિત ૯ રાજ્યોમાં હીટવેવની ચેતવણી આપી છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે, ઉત્તર અને પશ્ચિમ ભારતમાં આગામી દિવસોમાં તાપમાન બેથી ત્રણ ડિગ્રી સુધી વધવાની શક્યતા છે. ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ભયાનક ગરમી પડી રહી છે અને પાંચ દિવસ હીટવેવની સ્થિતિ જોવા મળશે. વધુમાં ઝારખંડ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ સહિતના રાજ્યોમાં મહત્તમ તાપમાન



ત્રણથી પાંચ ડિગ્રી સુધી વધવાની શક્યતા છે.પૂર્વોત્તર ભારતમાં પણ આગામી પાંચ દિવસમાં તાપમાન ત્રણથી પાંચ ડિગ્રી વધી શકે છે. જોકે, રાયલસીમા, કેરળ, તમિલનાડુ, પુડુચેરી સહિત દક્ષિણ ભારતમાં તાપમાન ગરમ અને ભેજવાળું રહી શકે છે. હવામાન વિભાગ મુજબ દેશની રાષ્ટ્રીય રાજધાની ૨૩ માર્ચે લઘુત્તમ તાપમાન ૧૮ જ્યારે મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી સુધી પહોંચ્યું હતું, જે સીઝનની સરેરાશ કરતા વધુ છે. ક્લાઈમેટ સેન્ટ્રલના રિપોર્ટ મુજબ ૧૯૭૦ના દાયકામાં માત્ર કેટલાક રાજ્યોમાં જ હોળીના દિવસે તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. આ વખતે મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્ય પ્રદેશ સહિત ૯ રાજ્યોમાં હોળીના દિવસે તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચવાની શક્યતા છે.આ રિપોર્ટ મુજબ તાજેતરના દાયકાઓમાં આ મહિને તાપમાનમાં મોટા ફેરફાર જોવા મળી શકે છે. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં હાડ થીજાવતી ઠંડી પછી તુરંત કાળઝાળ ગરમી જોવા મળી રહી છે. તેનું કારણ ક્લાઈમેટ ચેન્જ હોવાનું મનાય છે. ક્લાઈમેટ સેન્ટ્રલના નિષ્ણાત ડૉ. એન્ડ્રયુ પર્શિંગે કહ્યું કે, હવામાનમાં અચાનક આવતા આ ફેરફાર ક્લાઈમેટ પેટર્નમાં ફેરફાર તરફ સંકેતો આપે છે. અભ્યાસ દરમિયાન સંશોધકોએ પાંચ દાયકાથી વધુ સમયના દૈનિક સરેરાશ તાપમાનની માહિતી એકત્ર કરી હતી. આ સંશોધન દરમિયાન ૫૧ શહેરોમાં માર્ચના અંત સુધીમાં તાપમાન ૪૦ ડિગ્રી જેટલું ઉંચું ગયું હોવાનું જોવા મળ્યું છે.

### રાહુલ ગાંધીએ મૉસ્કોમાં આતંકવાદી હુમલાની નિંદા કરી, કહ્યું- 'રશિયાના લોકો સાથે ઉભો છું'

નવી દિલ્હી : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રશિયાની રાજધાની મૉસ્કોની નજીક એક કાર્યક્રમ સ્થળે થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી છે. તેમણે પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને કહ્યું છે કે, રશિયાના લોકોની સાથે છું. વાયનાડ સાંસદ રાહુલ ગાંધીએ પોતાના સત્તાવાર 'X' હેન્ડલ પર શનિવારે (23 માર્ચ) પોસ્ટ કરી હતી. જેમાં તેમણે લખ્યું કે, 'મૉસ્કોમાં થયેલા કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલાથી અસરગ્રસ્ત પીડિતો અને તેમના પરિવારજનો પ્રત્યે મારી સંવેદના છે. હું હિંસાના આ જઘન્ય કૃત્યની આકરી નિંદા કરું છું અને રશિયાના લોકોની સાથે એકજુટતાથી ઉભો છું.'જણાવી દઈએ કે, ભારત સહિત અનેક દેશોએ રશિયામાં થયેલા આતંકવાદી હુમલાની આકરી નિંદા કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે 'X' હેન્ડલના માધ્યમથી મૉસ્કોમાં થયેલા હુમલાને જઘન્ય આતંકી હુમલો ગણાવ્યો અને તેમની નિંદા કરતા કહ્યું કે, 'પીડિત પરિવારો સાથે મારી સંવેદનાઓ અને પ્રાથના છે. દુ:ખના આ સમયમાં ભારત રશિયન સરકાર અને લોકોની સાથે એકજુટતાથી ઉભું છે.'

### ગમે ત્યાં દરોડા પાડીને ધરપકડ કરી શકે, ઇડીને આપેલું નિવેદન કોર્ટમાં પુરાવા તરીકે માન્ય

# વોરન્ટ વગર ધરપકડ, કારણ કહ્યા વગર સમન્સ : ઇડીની તાકાત વધી

(એજન્સી) નવી દિલ્હી : ઈડીએ તાજેતરમાં હાઈપ્રોફાઈલ કેસોમાં મોટા નેતાઓ સામે કાર્યવાહી કરી છે સાથે જ ધરપકડ પણ કરવામાં આવી છે. એવામાં ઈડીની સત્તાને લઈને પણ ચર્ચા ચાલી રહી છે. ઈડીને આ તાકાત પહેલાથી જ નથી મળી, વર્ષ ૨૦૧૯માં કેન્દ્ર સરકાર દ્વારા મની લોન્ડરિંગ કાયદામાં સુધારો કરાયો જે બાદ ઈડી પહેલા કરતા વધુ તાકતવર બની ગઈ છે. વર્ષ ૧૯૪૭માં ફોરેન એક્સચેંજ રેગ્યુલેશન એક્ટ એટલે કે ફેરાનો અમલ થયો, જે અંતર્ગત જ ૧ મે ૧૯૫૬ના રોજ ઈડીનું ગઠન કરવામાં આવ્યું હતું. પહેલા તેનું નામ ઈન્ફોર્સમેન્ટ યૂનિટ હતું જે બદલીને ઈન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ કરી દેવાયું હતું. શરૂઆતમાં ઈડીનું કામ વિદેશમાં ચાલી રહેલા એક્સચેંજ માર્કેટમાં લેનદેન કરી રહેલા લોકોની તપાસ કરવાનું હતું. હાદમાં મની લોન્ડરિંગ, ફેમા જેવા કાયદા આવ્યા અને ઈડીની તાકાત વધારી દેવાઇ. વર્ષ ૨૦૧૨ સુધી ઈડી મની લોન્ડરિંગના એવા જ કેસોની કાર્યવાહી કરી શકતી હતી જેમાં ૩૦ લાખ કે તેનાથી વધુની રકમની હેરાફેરી થઇ હોય. ૨૦૧૩માં કાયદામાં સંશોધન કરાયું અને આ ૩૦ લાખની સીમા મર્યાદાને ખતમ કરી દેવાઇ અને વ્યાપ વધારાયો. જોકે વધુ સત્તા વર્ષ ૨૦૧૯માં કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવી, કેન્દ્ર સરકારે તે વર્ષે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગમાં સંશોધન કર્યું હતું. જેમાં મની લોન્ડરિંગ કાયદાની કલમ ૧૭ (૧) અને ૧૮માં સંશોધન કરાયું, જેનાથી ઈડીને કાયદાનું પાલન કરીને કોઇ પણ શંકાસ્પદના ઘરમાં દરોડા પાડવાથી લઇને સર્ચ ઓપરેશન અને ધરપકડની સત્તા આપવામાં આવી. સાથે જ કાયદામાં નવી કલમ ૪૫ પણ ઉમેરવામાં આવી જેથી ઈડી વોરંટ વગર પણ કોઇ પણ વ્યક્તિની ધરપકડ કરી શકે છે.

### લોકસભા ચૂંટણી ટાણે આસામના મુખ્યમંત્રીનું એક નિવેદન ભારે ચર્ચામાં

# 'બાંગ્લાદેશી મુસ્લિમોએ ભારતીય બનવું હોય તો બસ આ શરતો પૂરી કરે..' આસામ CMનો મોટો વાયદો

(એજન્સી) નવી દિલ્હી : લોકસભા ચૂંટણી ટાણે આસામના મુખ્યમંત્રીનું એક નિવેદન ભારે ચર્ચામાં છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ બાંગ્લાદેશ મૂળના બંગાળી ભાષી પ્રવાસી મુસ્લિમોને મૂળ ભારતીય નિવાસી તરીકેનો દરજ્જો આપવા માટે તેમની સામે કેટલીક શરતો મૂકી છે. મુખ્યમંત્રી સરમાએ કહ્યું કે જો બાંગ્લાદેશી મૂળના બંગાળી ભાષી પ્રવાસી મુસ્લિમોએ મૂળ નિવાસી તરીકેનો દરજ્જો મેળવવો હોય તો તેના માટે સૌથી પહેલા તેમણે બેથી વધુ બાળકો પેદા કરવાનું બંધ કરવું પડશે. તેમજ એકથી વધુ લગ્ન કરવા પર પ્રતિબંધ મૂકવો પડશે. આ આસામી લોકોની સંસ્કૃતિ નથી. જો બાંગ્લાદેશી મુસ્લિમો ભારતીય બનવા માંગતા હોય તો તેઓ તેમની સગીર દીકરીઓના લગ્ન નહીં કરી શકે. બાંગ્લાદેશી મુસ્લિમોને મિયા પણ કહેવામાં આવે છે. મુખ્યમંત્રીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે બંગાળી ભાષી મુસ્લિમો વૈષ્ણવ મઠની જમીન પર અતિક્રમણ કરે છે અને ભારતીય હોવાનો દાવો પણ કરે છે. સરમાએ કહ્યું, "જો તમે સ્વદેશી તરીકે ઓળખાવા માંગતા હોવ તો તમારા બાળકોને મદરેસામાં મોકલવાને બદલે તેમને ડોક્ટર અને એન્જિનિયર બનવા માટે શિક્ષિત કરો.

**પશ્ચિમ રેલવે**

સામગ્રી વ્યવસ્થાપન વિભાગ

ઈ-ઓક્શન સેલ પ્રોગ્રામ માટે સુધારાત્મક

Pway અને અન્ય વિવિધ સ્ક્રેપ માટે માર્ચ 2024 દરમિયાન વધારાનો ઈ-ઓક્શન સેલ પ્રોગ્રામ.

કૃપા કરીને ઈ-ઓક્શન સેલ નોટિફિકેશન નંબર:-SIII/ઓક્શન પ્રોગ્રામ-1/માર્ચ-2024 નો સંદર્ભ લો. તારીખઃ- 05-02-2024. Pway સ્ક્રેપ સામગ્રીના નિકાલ માટેનો નીચેનો વધારાનો ઈ-ઓક્શન પ્રોગ્રામ પણ માર્ચ 2024 માં નીચેના વિભાગો માટે વર્તમાન ઉપરાંત યોજાશે.

| વિભાગ | નવેમ્બર 2023નો વધારાનો ઈ-ઓક્શન પ્રોગ્રામ | ઈન્ચાર્જ વિભાગીય અધિકારી | સંપર્ક નંબર |
|---|---|---|---|
| મહાલક્ષ્મી | 30/03/2024 | નાયબ મુખ્ય સામગ્રી વ્યવસ્થાપક સામગ્રી મેનેજર -મહાલક્ષ્મી | 022-24929571 09004495750 |
| પારડી | 30/03/2024 | નાયબ મુખ્ય સામગ્રી વ્યવસ્થાપક સામગ્રી મેનેજર -મહાલક્ષ્મી | 022-24929571 09004495750 |

અન્ય તમામ નિયમો અને શરતો યથાવત રહેશે. વધુ માહિતી માટે કૃપા કરીને મટિરિયલ મેનેજમેન્ટ વિભાગની પશ્ચિમ રેલવેની વેબસાઈટ www.wr.indianrailways.gov.in તેમજ www.ireps.gov.in ઈ-ઓક્શન પોર્ટલની મુલાકાત લો.

1302 (નંબર :- SIII/ઓક્શન પ્રોગ્રામ-5/માર્ચ-2024 . તારીખ :- 22-03-2024 )

facebook.com/WesternRly • twitter.com/WesternRly

### I.N.D.I.A. ગઠબંધનના સાથીઓ માટે બેઠક છોડીને કોંગ્રેસ માટે મોટા ફાયદાનો સોદો કર્યો

# કોંગ્રેસના 'ચાણક્ય' નો ગેમપ્લાન, ભાજપનું અહીં 'મિશન 25' અધૂરું રહી જશે! રાજકીય નિષ્ણાતો ચોંક્યાં

(એજન્સી) નવી દિલ્હી : ભાજપ ભલે રાજસ્થાનમાં આ વખતે હેટ્રિક મારવાનો દાવો કરી રહ્યો હોય, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ અલગ છે. આ વખતે કોંગ્રેસના 'ચાણક્ય' અશોક ગેહલોતની ચતુરાઈના કારણે ભાજપનું મિશન 25 અધૂરું રહી શકે છે. ખરેખર તો આ વખતે કોંગ્રેસે તેના પ્રભુત્વ હેઠળની નાગૌર અને સીકર લોકસભા સીટો I.N.D.I.A. એલાયન્સ માટે છોડી દીધી છે. હનુમાન બેનીવાલની આરએલપી માટે નાગૌરથી પોતાનો ઉમેદવાર ઉતારશે. સીકર અને નાગૌર બંને



કોંગ્રેસના ગઢ છે. આ વખતે કોંગ્રેસે જાટ પ્રભુત્વવાળી બેઠક પર ભાજપને ઘેરી રહ્યો છે. રાજકીય નિષ્ણાતોનું કહેવું છે કે જયપુર ગ્રામીણ, ચુરુ, શ્રીગંગાનગર-હનુમાનગઢ અને જેસલમેર-બાડમેરમાં કોંગ્રેસને આનો ભરપૂર ફાયદો થઈ શકે છે. કારણ કે આ જિલ્લાઓમાં હનુમાન બેનીવાલની પાર્ટી પ્રભાવશાળી મનાય છે. રાજકીય નિષ્ણાતોનું કહેવું છે કે જો કોંગ્રેસના ઉમેદવારોને આરએલપી અને ડાબેરી પક્ષોના 50 હજારથી એક લાખ સુધી વધારાના વોટ મળી જશે તો ભાજપનું મિશન 25 અધૂરું રહી જશે તે નિશ્ચિત છે. એવી પણ ચર્ચા છે કે ડુંગરપુર-બાંસવાડા બેઠક ભારતીય આદિવાસી પાર્ટી એટલે કે BAP માટે છોડી શકાય છે. અહીંથી ભાજપે તાજેતરમાં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા મહેન્દ્ર જીત સિંહ માલવિયાને ઉમેદવાર બનાવ્યા છે. રાજકીય નિષ્ણાતોનું કહેવું છે કે આ વખતે રાજસ્થાનમાં ભાજપ માટે હેટ્રિક મારવી મુશ્કેલ છે. હનુમાન બેનીવાલ સાથે ગઠબંધન કરવામાં અશોક ગેહલોતની મોટી ભૂમિકા હોવાનું કહેવાય છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા હરીશ ચૌધરી આરએલપીને ગેહલોત દ્વારા પ્રાયોજિત પાર્ટી ગણાવી રહ્યા છે. વિધાનસભાની ચૂંટણી વખતે પણ હરીશ ચૌધરીએ પોતાના આક્ષેપોનું પુનરાવર્તન કર્યું હતું. રાજકીય નિષ્ણાતોનું કહેવું છે કે હનુમાન બેનીવાલ સાથે ગઠબંધન કરીને કોંગ્રેસે ભાજપ માટે મુશ્કેલી ઊભી કરી છે. જાટ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં બેનીવાલનો નોંધપાત્ર પ્રભાવ માનવામાં આવે છે. ગઠબંધન થવાથી મતોનું વિભાજન અટકશે અને ભારતના ગઠબંધનના ઉમેદવારોને ફાયદો મળી શકશે. 2019ની લોકસભા ચૂંટણીમાં હનુમાન બેનીવાલ પોતે નાગૌરથી સાંસદ બન્યા હતા. જો કે તે દરમિયાન બેનીવાલે ભાજપ સાથે ગઠબંધન કર્યું હતું. પરંતુ ખેડૂતોના આંદોલનને કારણે બેનીવાલ ભાજપથી અલગ થઈ ગયા. આ વખતે એવું મનાય છે કે બેનીવાલ નાગૌરથી ઉમેદવાર બનશે.

### સ્ટેડિયમ બહાર હકડેઠઠ મેદની, પ્રેક્ષકોને માત્ર મોબાઇલ અને પર્સ લઈ જવા છૂટ

# મોટેરા સ્ટેડિયમમાં પ્રવેશ સમયે ઘર્ષણ : એન્ટ્રી ગેટ બહાર બેરિકેડ પાસે ધક્કામુક્કીના દૃશ્યો

(એજન્સી) અમદાવાદ, તા. 24

આજે અમદાવાદના મોટેરા ખાતે આવેલા નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં ઈન્ડિયન પ્રિમિયર લીગ (IPL)2024ની ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન વચ્ચેની મેચ રમાશે. મેચ જોવા માટે ક્રિકેટ રસિકો બપોરથી જ સ્ટેડિયમ ખાતે પહોંચ્યા છે. સ્ટેડિયમના ગેટ નંબર એકની બહાર ભારે અવ્યવસ્થા સર્જાઈ હતી. સ્ટેડિયમના ગેટ નંબર એકની બહાર ભારે અવ્યવસ્થા સર્જાઈ હતી. પોલીસે બેરિકેડ ન ખોલતા ખૂબ જ વ્યવસ્થા સર્જાઈ.ભારે વ્યવસ્થા અને ધક્કામુક્કીથી મહિલાઓને પણ ધક્કા વાગ્યા હતા. અમદાવાદ સહિત વિવિધ શહેરો અને અન્ય રાજ્યના શહેરોમાંથી પણ લોકો મેચ જોવા માટે સ્ટેડિયમ ખાતે પહોંચી ચૂક્યા છે. લોકોની ભીડ સ્ટેડિયમની બહાર જોવા મળી રહી છે. મેચ શરૂ થવાની છેલ્લી મિનિટ સુધી મેટ્રો સ્ટેશન પર લોકોની ભીડ જોવા મળી હતી. લોકો મેચ શરૂ થાય તે પહેલા સ્ટેડિયમ પહોંચવા પ્રસાસ કરી રહ્યા હતા.



**10થી વધુ પર્સ ચોરાયા :** બપોર બાદ 4.10 વાગ્યાથી લોકોને સ્ટેડિયમમાં પ્રવેશ આપવાની શરૂઆત કરી દેવામાં આવી હતી. ગરમીની વચ્ચે પણ ધીમેધીમે લોકો સ્ટેડિયમ ખાતે પહોંચી રહ્યા છે. આઈપીએલની મેચની ટિકિટ જે ભાવે ખરીદી એ જ ભાવે વેચવાવાળા લોકો પણ બહાર ફરે છે. મેચ જોવા માટે ધીમેધીમે લોકોની ભીડ વધી રહી છે. હાલ લોકોને સ્ટેડિયમમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

## મેચ પહેલા તિરંગો છવાયો

સ્ટેડિયમની બહાર IPLની મેચનો રંગ જામ્યો છે. લોકો હાથમાં IPLની ટીમના તો કેટલાક લોકો ભારતના ઝંડા સાથે જોવા મળ્યા છે. અમદાવાદમાં IPLની પ્રથમ મેચ હોવાથી લોકોમાં ખૂબ જ ઉત્સાહ છે. ગરમી હોવા છતાં લોકો સતત સ્ટેડિયમમાં આવી રહ્યા છે. કેટલાક લોકો સ્ટેડિયમ બહારથી જ પોતાની મનગમતી ટીમને ચીયરઅપ કરી રહ્યા છે. મુંબઈ ઈન્ડિયન્સ ટીમને સપોર્ટ કરવા માટે થઈ મુંબઈથી પાંચ ડોક્ટર મિત્રોનું ગ્રુપ અમદાવાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ જોવા માટે આવ્યું છે. રોહિત શર્માના ફેન અને ડોક્ટર રાહુલ નાંદ્રે જણાવ્યું હતું કે, અમે આજે ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સની મેચમાં રોહિત શર્મા અને તેમની ટીમને સપોર્ટ કરવા માટે આવ્યા છીએ. ટીમના કેપ્ટન તરીકે હાર્દિક પંડ્યાને પણ અમે શુભકામના આપીએ છીએ, પરંતુ અમે ખાસ મુંબઈથી ટીમને સપોર્ટ કરવા માટે આવ્યા છીએ અને આજે મુંબઈ ઈન્ડિયન્સની ટીમ મેચ જીતશે.



અમદાવાદ સહિત રાજ્યભરમાં હોળીના તહેવારની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. જેના લીધે શહેરના ઠેર-ઠેર હોલિકા દહન કરવામાં આવ્યું હતું..

## ગાંધી રોડ પર આંગડિયા પેઢીના રૂ.6.5 લાખની ભરબપોરે લૂંટ

અમદાવાદ | ખાડિયાની આંગડિયા પેઢીનો કર્મચારી રોકડા રૂ.6.5 લાખ બેન્કમાં ભરવા જતો હતો ત્યારે બે વ્યક્તિ તેને ધક્કો મારી રોકડ રકમ ભરેલો થેલો લૂંટી લઈ ફરાર થઈ ગઈ હતી. ફરિયાદને પગલે પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચેક કરવાનું શરૂ કર્યું હતું. મૂળ રાજસ્થાનનો કાલુરામ ઘાંચી જયંતીલાલ પ્રવીણકુમાર નામની આંગડિયા પેઢીમાં પાર્સલની ડિલિવરી કરે છે. બે દિવસ પહેલાં આ કર્મચારી બેન્કમાં પૈસા જમા કરાવવા જતો હતો ત્યારે રતનપોળ નજીક ભીડનો લાભ લઈ બે વ્યક્તિએ તેને ધક્કો માર્યો હતો.

# કલોલમાં ખાણીપીણીની લારીઓ ઉપરથી 25 કિલો અખાદ્ય પદાર્થનો નાશ કરાયો

(એજન્સી) અમદાવાદ | તા.24

ઉનાળા ગરમીની શરૂઆત થઈ ચુકી છે. ત્યારે કલોલ શહેરમાં ખાણીપીણીની લારીઓ ઉપર નગરપાલિકા દ્વારા સપાટો બોલાવવામાં આવ્યો હતો. સતત બે દિવસથી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. અને લારીઓ કે ખાણી પીણા સ્થળ ઉપરથી અખાદ્ય પદાર્થ મળે તેને સ્થળ ઉપર નાશ કરવામાં આવે છે. અને વહીવટીએ ચાર્જ વસુલ કરવામાં આવી રહ્યો છે. નગરપાલિકા દ્વારા આજરોજ 25 કિલો અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવ્યો હતો. અને 10 નમૂના લેવામાં આવ્યા હતા. આ અંગે મળતી માહિતી અનુસાર



નગરપાલિકા દ્વારા શહેરમાં ખાણી પીણીની તથા નાસ્તાની લારીઓ અને પાર્લરો ઉપર ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ઉનાળાની કાળજાળ ગરમી ચાલી રહી છે. ત્યારે લોકોનું આરોગ્ય જોખમાય નહી તે માટે કલોલ નગરપાલિકા ફુડ સેફટી ઓફીસર રાજેશ વાઘેલા તથા તેમની ટીમના એચ. એમ. વાઘેલા અને એમ.જી.કુંપાવત વગેરે સાથે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી તેઓએ કલોલ શહેરમાં અલગ અલગ સ્થળે ખાણી પીણીની લારીઓ અને પાર્લરો ઉપર તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન અલગ અલગ સ્થળોએથી અખાદ્ય પદાર્થો મળી આવતા તેઓએ સ્થળ પર તેનો નાશ કર્યો હતો. અધિકારીઓએ કુલ 25 કિલોગ્રામ જેટલો અખાદ્ય ખોરાક મળી આવતા તેનો નાશ કર્યો હતો. તેમજ ખાણીપીણીની લારીઓના સંચાલકો પાસેથી રૂા.2500 જેટલો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. અધિકારીઓએ સ્થળ ઉપરથી 10 જેટલા નમુના લીધા હતા અને તેને તપાસ અર્થે મોકલી દેવામાં આવ્યા છે. તેમજ લારીઓ નાસ્તાના પાર્લરના સંચાલકોને ગુણવત્તાવાળા મરચા મસાલા વાપરવા તેમજ અખાદ્ય કલરનો ઉપયોગ ન કરવા અને ખાદ્ય પદાર્થોને ઢાંકીને રાખવા સુચના આપવામાં આવી છે. તેમજ સંચાલકો અને કામ કરતા લોકોને માથે કેપ પહેરવી હેન્ડ ગ્લોઝ એપ્રોન વગેરે પહેરીને ખોરાક પીરસવાની સુચના આપવામાં આવી છે. સાથે સાથે નગરપાલિકા દ્વારા હલકી ગુણવત્તાવાળી પોલીથીન બેગનો ઉપયોગ કરતા તત્વો સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### હાજર ન રહેનાર શિક્ષક સામે કાર્યવાહી થશે

# ઉત્તરવહી ચકાસણી માટે શિક્ષકોને અન્ય કામમાંથી છૂટા કરવા સૂચના

(એજન્સી) અમદાવાદ | તા.24

બોર્ડનાં પેપરોનાં ચકાસણી કાર્ય માટે શિક્ષકોને અન્ય કામગીરીમાંથી છૂટ આપવા સૂચના અપાઈ છે. ધોરણ 10 અને ધો 12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના પેપરોની ઉત્તરવહીઓની ચકાસણી માટે શિક્ષકોને અન્ય કામગીરીમાંથી મુક્તિ આપવા સૂચના આપવામાં આવી છે તેમ છતાં નિર્ધારિત યાદી મુજબના ઘણા વિષય શિક્ષકો ધોરણ 10, 12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ પરીક્ષણ કાર્ય સંબંધિત મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ખાતે ગેરહાજર રહ્યા છે. હાલમાં ગુજરાત શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની મુખ્ય વિષયોની પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે. આવી સ્થિતિમાં તમામ આચાર્યોને સૂચના આપવામાં આવી છે કે યાદી મુજબના શિક્ષકોન મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ખાતે તાત્કાલિક હાજર રહેવા માટે શાળામાંથી છૂટા કરવાના રહેશે. કોઈ પણ સંજોગોમાં પરીક્ષણ કાર્ય માટે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર તેમની ગેરહાજરી



ચલાવી લેવામાં આવશે નહિ. તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યે સુનિશ્ચિત કરવાની રહેશે. સંબંધિત મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ખાતે યાદી મુજબના શિક્ષકો ગેરહાજર રહ્યા છે. તેઓને પરીક્ષણ કાર્ય માટે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર હાજર કરવાના રહેશે.આદેશ છતાં હાજર ન રહેનારા શિક્ષકોને ગુજરાત શિક્ષણ બોર્ડના મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રની પરીક્ષણની કામગીરી સબબની નિયમાનુસાર કાર્યવાહી કરાશે.

## ગોમતીપુરમાં ફ્રેન્ડ રિકવેસ્ટ મામલે અદાવત રાખી યુવકને માર માર્યો

અમદાવાદ | સરસપુરમાં રહેતા એક યુવકને તેના પાડોશીની પત્નીએ સોશીયલ મિડીયા પર ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી હતી જેની અદાવત રાખી યુવકને ગડદાપાટુનો માર માર્યો હતો. ગોમતીપુરમાં રહેતા 27 વર્ષીય યુવક અગાઉ સરસપુર વિસ્તારમાં રહેતો હતો ત્યારે તેના ઘરની પાછળ રહેતા પાડોશીની પત્નીએ યુવકને સોશીયલ મીડીયા પર ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી હતી. જો કે પત્નીનો ફોન ચેક કરતા પતિને તેણે મોકલેલી ફ્રેન્ડ રીકવેસ્ટની જાણ થતા તેણે પત્ની ઉપર શંકા રાખીને તેની સાથે ઝઘડો કર્યો હતો અને અવારનવાર તેની સાથે બોલાચાલી કરતો હતો.

### પૂરપાટ આવતા કારચાલકે અકસ્માત સર્જ્યો

## એરપોર્ટ સર્કલ પાસે હિટ એન્ડ રન, કારે ટક્કર મારતાં રાહદારીનું મોત

(એજન્સી) અમદાવાદ | તા.24

શહેરભરમાં રોજ સરેરાશ એક ગંભીર અકસ્માત સર્જાય છે, જેમાં રાહદારીનું મોત થાય છે અથવા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થાય છે. શુક્રવારે રાત્રે એરપોર્ટ સર્કલ પર 39 વર્ષીય યુવક રોડ ક્રોસ કરી રહ્યો હતો તે દરમિયાન શાહીબાગ તરફથી પૂરપાટ ઝડપે આવેલી કારે યુવકને ટક્કર મારી હતી, જેથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ મામલે ટ્રાફિક પોલીસે ફરાર કાર ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. એરપોર્ટ સર્કલ પાસેના રબારી વાસમાં 39 વર્ષીય સુરેશભાઈ વણઝારા તેમના પરિવાર સાથે રહેતા હતા. ગત 22 માર્ચે રાત્રીના સમયે તેઓ કામ અર્થે ડોમેસ્ટિક એરપોર્ટ ખાતે ગયા હતા. કામ પૂર્ણ કર્યા બાદ તેઓ એરપોર્ટ સર્કલથી રોડ ક્રોસ કરીને પરત ઘરે જઈ રહ્યા હતા તે સમયે શાહીબાગ તરફથી પૂરપાટ ઝડપે આવેલા કાર ચાલકે રોડ ક્રોસ કરી રહેલા સુરેશભાઈને ટક્કર મારી હતી, જેથી સુરેશભાઈ હવામાં ફંગોળાઈને જમીને પટકાઈ પડ્યા હતા. અકસ્માત બાદ આસપાસના લોકો ભેગા થઈ જતા કાર ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. બીજી બાજુ ઈજાગ્રસ્ત સુરેશભાઈને સારવાર માટે હોસ્પિટલ મોકલી અપાયા હતા, જ્યાં સારવાર દરમિયાન ફરજ પરના ડોક્ટરે સુરેશભાઈને મૃત જાહેર કર્યા હતા.

## ચાંદખેડાની આંગણવાડીના ધાબા ઉપરથી દારૂની બોટલો મળી, આસપાસ ગંદકી અને કચરાના ઢગલા જોવા મળ્યાં

(એજન્સી) અમદાવાદ | તા.24

નાના બાળકોમાં શિક્ષણનો પાયો જ્યાંથી નાખવામાં આવે છે, એવી આંગણવાડીને કેટલાક અસામાજિક તત્વોએ દારૂ પીવાનું સ્થાન બનાવી દીધું છે. અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં બગલા તલાવડી પાસે આવેલી આંગણવાડીના ધાબા ઉપરથી દારૂની બોટલો મળી આવી છે. ધાબા ઉપર દારૂ પી અને ત્યાં જ બોટલો નાખી દેવામાં આવી હોવાની તસવીરો સામે આવી છે. આંગણવાડીની આસપાસ પણ ખૂબ જ ગંદકી જોવા મળી છે. ખુલ્લા દરવાજા અને નાની દીવાલ હોવાના કારણે કેટલાક અસામાજિક તત્વો તેમાં ઘૂસી જઈને દારૂ પીતા સ્થાનિક પોલીસ પર સવાલ ઊભા થયા છે. શહેરના ચાંદખેડા વિસ્તાર



ગાંધીનગર હાઈવે પર બગલા તલાવડી આવેલી છે, ત્યાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત આંગણવાડી આવેલી છે. તેના ધાબા ઉપર દારૂની ખાલી બોટલો અને ગ્લાસ જોવા મળ્યા છે. આંગણવાડીની પાછળના ભાગે મંદિર આવેલું છે અને મંદિરની બાજુમાં જ આંગણવાડીના ધાબા ઉપરથી આવી દારૂની બોટલો મળી આવતા અનેક સવાલો ઊભા થયા છે. આંગણવાડીના દરવાજા ખુલ્લા હોય છે અને ખૂબ જ નાની દીવાલ હોવાના કારણે કોઈપણ વ્યક્તિ અંદર પ્રવેશ કરી શકે છે. જેના કારણે કેટલાક અસામાજિક તત્વો રાત્રે ધાબા ઉપર જઈ દારૂ પીતા હોવાનું સામે આવ્યું છે.

### હજુ ચાર આરોપી પોલીસ પકડથી દુર

## BRTSમાં પેસેન્જરની નજર ચૂકવીને રોકડ અને દાગીનાની ચોરી કરતા દંપતી ઝડપાયુ

(એજન્સી) અમદાવાદ | તા.24

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બીઆરટીએસ બસમાં પેસેન્જરની નજર ચૂકવીને રોકડ અને દાગીનાની ચોરી કરતી ગેંગની મહિલા અને તેના પતિની ધરપકડ કરી છે. આરોપી પાસેથી પોલીસે 3,23,500ના દાગીના સહિતનો મુદ્દામાલ પણ કબજે કર્યો છે. આરોપીઓ બીઆરટીએસ બસમાં પેસેન્જરની નજર ચૂકવીને ચોરી કરતા હતા. આરોપીની ધરપકડથી આનંદનગર પોલીસ સ્ટેશનનો ચોરીનો ભેદ ઉકેલાયો છે. ચોર દંપતીની મુદ્દામાલ સાથે ધરપકડ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે માણેકચોક પાસેથી રૂપા પરમાર અને તેના પતિ રોહિત પરમારની ધરપકડ કરી છે. આરોપી પાસેથી પોલીસે સોનાના બે પાટલા, રોકડ સહિત 3,23,500 રૂપિયાના મુદ્દામાલ મળી આવ્યો હતો. જેની તપાસ કરતા આરોપીએ જણાવ્યું હતું કે, 15 દિવસ પહેલા પોતે પોતાની બહેન ભારતી, લત્તા, પતિ રોહિત, વિપુલ, મગો નામના વ્યક્તિઓ સાથે ઈસનપુર ખાતે રહે છે. ત્યાંથી ભેગા મળી બીઆરટીએસ બસમાં ભીડમાં પેસેન્જરની નજર ચૂકવી ચોરી કરવા માટે નીકળ્યા હતા. આ દરમિયાન હિંમતલાલ પાર્કની બીઆરટીએસ બસમાં ચઢીને વૃદ્ધ મહિલાના પાકીટમાંથી સોનાના પાટલા અને રોકડા ચોરી કર્યા હતા.

### આગ બાદ 100 યુવતીઓને PGમાંથી બહાર કાઢી હતી : ફાયર સેફ્ટી મુદ્દે તપાસ કરાશે

# અમદાવાદ શહેરના બોપલમાં મોલમાં આગ મામલે ચોંકાવનારી બાબત સામે આવી

(એજન્સી) અમદાવાદ | તા.24

અમદાવાદના બોપલમાં મોલમાં આગ મામલે ચોંકાવનારી બાબત સામે આવી છે. જેમાં મોલમાં PG ચાલતું હોવાનો આક્ષેપ છે. તેમજ આગ બાદ 100 યુવતીઓને PGમાંથી બહાર કાઢી હતી. તેમાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીનું નિવેદન સામે આવ્યું છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું છે કે મોલમાં PG ચાલતું હશે તો કાર્યવાહી કરાશે. તેમજ મોલમાં આગ મુદ્દે તપાસ કરવામાં આવશે. ફાયર સેફ્ટી મુદ્દે પણ તપાસ કરાશે. અમદાવાદના બોપલ વિસ્તારના મોલમાં ભીષણ આગ લાગી હતી. જેમાં ફાયર બ્રિગેડની પાંચથી વધુ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી. તેમાં ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ભેગા થયા થયા હતા. હાલ આગનું કારણ સામે આવ્યું નથી. શહેરના



બોપલમાં આવેલા મોલમાં ગત રાત્રે ભીષણ આગ લાગી હતી. મોલના 5મા માળે ગેમઝોન સ્કાય ટ્રમ્પોલાઈનમાં આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતું. આગ એટલી ભીષણ હતી કે ઈમારતના પાંચમા માળ સુધી આ આગ પ્રસરી ગઈ હતી. જો કે આ આગ કયા કારણોસર લાગી તેનું કોઈ ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. મોલમાં પેન્ટાલુન્સ શો રૂમ તરફ ટોપ ફ્લોર પર આગ લાગી હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. તેમજ હાલ કોઈ પણ ઈજાગ્રસ્ત થયા નથી. આગ લાગવાની જાણ ફાયર વિભાગને થતા 5થી વધુ ફાયર ફાઈટરની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાઈર વિભાગની 5 ગાડીઓ દ્વારા પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. આગને કારણે મોલમાં અફરાતફરી મચી ગઈ હતી. જો કે સમય સૂચકતાથી તમામ લોકોને બહાર કાઢી લેવામાં આવ્યા હતા અને મોટી જાનહાની ટળી હતી.

## મોબાઇલથી ઓનલાઇન ક્રિકેટ સટ્ટા બેટિંગનો જુગાર રમાડતાં શખ્સને પોલીસે ઝડપી પાડ્યો

(એજન્સી) અમદાવાદ | તા.24

IPL શરૂ થતાં જ સટોડિયાઓ સક્રિય થઈ ગયાં છે. અમદાવાદમાં જાહેરમાં મોબાઈલથી ઓનલાઈન ક્રિકેટ સટ્ટા બેટિંગનો જુગાર રમાડતાં એક શખ્સને પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે જુગારધારાની કલમો હેઠળ ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદમાં વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના કર્મીઓ પેટ્રોલિંગમાં હતાં. તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે, વસ્ત્રાપુરમાં સંજીવની હોસ્પિટલ ખાતે એક શખ્સ મોબાઈલથી ક્રિકેટ સટ્ટા બેટિંગનો જાહેરમાં જુગાર રમાડી રહ્યો છે. પોલીસે બાતમીને આધારે વોચ ગોઠવીને શખ્સને પકડી પાડ્યો હતો અને તેની જડતી લીધી હતી. આ દરમિયાન તેના મોબાઈલમાંથી એક એપ્લિકેશન ખુલ્લી હોવાનું જણાયું હતું. તેમાં IPLની મેચના હારજીતના સોદા થયેલા મળી આવ્યા હતાં. પોલીસે આ શખ્સનું નામ પૂછતાં તેણે રાકેશ ઠક્કર હોવાનું જણાવ્યું હતું. તેણે પોલીસને જણાવ્યું હતું કે, મારી પાસેનું આઈડી ગ્રાહકોને આપતો હતો, જેના આધારે ગ્રાહકો જુગાર રમતા હતાં. હારજીતના નાણાં પર તેને ત્રણ ટકા કમિશન મળતું હતું. આ આઈડી તેણે તેના મિત્ર હર્ષ પટેલ પાસેથી 10 હજાર રૂપિયામાં મેળવ્યું હતું. પોલીસે આ શખ્સનો મોબાઈલ જપ્ત કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદ શહેરમાં 10 લાખની કિંમતના 10 ટનના નટ બોલ્ટનો માલસામાન ચોરી થયો હોવાની ફરિયાદ કંપનીના માલિકે પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં કંપનીના માલિક આદિત્ય પટેલે ફરિયાદમાં જણાવ્યું હતું કે, 21 માર્ચે હું કંપનીમાં હાજર હતો, તે વખતે અમારી કંપનીમાં કામ કરતા મેનેજર ભરતસિંહ મહિડાને કારખાનાના સ્ટોકના આવક જાવક બાબતે પુછતા ભરતસિંહએ જણાવ્યું કે, કારખાનાનો નટ બોલ્ટ પાર્ટસનો સ્ટોક હાલમાં યથાવત છે. જેથી જાતે ખાત્રી કરી જોતા જાણવા મળ્યું કે, કારખાનામાં નટ બોલ્ટના આવક જાવકના સ્ટોકમાં ઘણી ભુલો છે.